આવતી કાલનાં નાગરિકોને ઘડતું આજનું માસિક

સંસ્થાપક · રવિશંકર મ. રાવળ



રેત અને પર્ણ (ફોટો · અશ્વિન મહેતા) રેખાકૃતિ અને તેજ-છાયાનું એક સુંદર સંયોજન.

વર્ષ ૫૧મું · અંક ૯મો · સપ્ટેમ્બર ૧૯૭૪

તંત્રી : બચુભાઈ રાવત

કુમાર

સળંગ અંક ૬૦૯



બતકો

ચિત્રકાર
જયંત સિદ્ધપુરાએ
કેટલાક સમય પહેલાં એક પ્રયોગરૂપે
ઊંચા ઝરૂખેથી નીચે નજર નાખતાં
રોજબરોજની પરિચિત સૃષ્ટિ
જે વિશિષ્ટ રૂપે દેખાય
એ રીતે 'ટૉપ વ્યૂ' નામે એક
ચિત્રસમૂહમાં અંકિત કરેલી.
અલગ જ દૃષ્ટિકોણથી થએલી આવી
ચિત્રમય રજૂઆતનું
આગવું ને નવતર આકર્ષણ છે.
રોજની જાણીતી આકૃતિઓનું
એ અજાણ રૂપ વિવિધ ચિત્ર-
સંયોજનાનું પ્રેરક બળ બનવા સાથે
ચિત્રકારના કૌશલની પણ
થોડી કસોટી કરે તેવું છે.
એકબીજામાં સંકળાતી
બતકોની આ દેહાકૃતિઓ
એની પ્રતીતિ આપે છે.

Courtesy Thacker & Co. Bombay

કુમાર

સપ્ટેમ્બર ૧૯૭૪ • અંક ૬૦૯

તંત્રી : બચુભાઈ રાવત • ઉપતંત્રી : બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઇ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર. અમદાવાદ-૧.
વાર્ષિક લવાજમ : રૂ.૨૪-૦૦; પરદેશ : રૂ.૪૦ યા પાઉન્ડ ૨ યા ડૉ. ૫-૫૦; છૂટક નકલ : રૂ.૨-૭૫

હિસાબ હરેફરે / ભાનુપ્રસાદ પંડ્યા

· હરિણી ·

વરસી હતી ઝાઝેરું રાત્રી, પરોઢ મહીં તહીં
નભ ઊઘડ્યું સંતોનાં નેત્રો સમું, હર પર્ણને
પવન જઈ સંદેશો આપે જળાશય સર્વનો.
કલરવી ગતિમાં ઉલ્લાસો વહે, સહુ ચોપગે
હરખ ધસી ઉન્માદી પુચ્છે ચગે, પ્રતિ રોમમાં
હરિતવરણી ઝાંયે પૃથ્વી રહી થરકી અહીં.

પથ સહુ ભીના, કોરેકોરાં હવે જન નીકળ્યાં
નિજનિજ તણા કામે, ત્યાં તો હવા લઈ સોડમ
ગઈ સમીપ, ના 'આવો!' પામી; પછી તરુ ઝૂમિયાં,
નજર સરખી ના એ લાધ્યાં; ઝુલાવત પંખીડાં
ઉપર ઊડતાં, એને યે ના મળ્યો પ્રતિશબ્દ કો.
તરુ, ખગ, હવાને ભાલે ત્યાં લખાય અનાદર.

પથ પર જનારાંની આંખે બજાર તર્યા કરે,
મશગૂલ થયાં તે વાતોમાં હિસાબ હરેફરે!

વરસાદ / પ્રવીણ ભાલ

· ગાન ·

રેશમિયું ઘાસ બની ઊગે વરસાદ એનો લીલેરો લીલેરો રંગ,
મોરલાના ટહુકારે ખેતરના ચાસ ચાસ છલકી ઊઠે છે અંગ અંગ;
ઝરણાંનાં ગીત થયાં છુટ્ટાં ને પાણી તો
પાગલશાં દેતાં છલંગ... રેશમિયું૦

અંદર ને બ્હાર બધે થૈ થૈ થૈ થાય અને ધરતીનો કૉળે મિજાજ,
વૃક્ષોને ફૂટે એકસામટી લીલાશ અને સંધ્યાના પચરંગી સાજ;
વાવણીનાં ગીત ગાતી નારીના હૈયાના
આજે અનોખા છે ઢંગ... રેશમિયું૦

સૂરજનાં તેજ હવે લેવાયાં છેક અને સીંચણના દિન હવે ખૂટ્યા,
સુક્કાં રે ભઠ્ઠ એવાં ઊભેલાં થડિયાંમાં કૂંળા કૂંળા ફણગાઓ ફૂટ્યા;
રાત બધી જાગેલી ગુલમ્હોરી આંખોમાં
મ્હોર્યો છે એકલો ઉમંગ... રેશમિયું૦

જળને તે શા— / ધીરુ પરીખ

· ગાન ·

જળને તે શા ઘાટ ને વળી ઘૂટ!
આમ જુઓ તો રાત ને દિવસ અમથાં ગાજી લ્હેરે,
કોઈ વેળા તો જોતજોતાંમાં આભને આંબી ઘેરે,
ફ઼્હેવો હોય તો દરિયો કહો, વાદળાં કહો: છૂટ!
જળને તે શા ઘાટ ને વળી ઘૂટ!
ઊંચીનીચી ડુંગરધારે ચડતાં–પડતાં દોડે,
ખીણમાં પડે તો ય ફીણાળાં હસતાં ક્યાં કોડે!
ઝરણાં કો' કે નદીયું કો', પણ અભેદ છે જ્યાં ફૂટ.
જળને તે શા ઘાટ ને વળી ઘૂટ!
ભરચોમાસે ધસતાં જાણે ગાંડાં હાથી-ઝુંડ,
વાવ કહો કે કૂપ કહો કે સર કે કહો કુંડ,
જળને તમા ના, એ કાંઠાફરતી માથાફૂટ
જળને તે શા ઘાટ ને વળી ઘૂટ!

ફૂલ છે / મનહરલાલ ચોકસી

· ગઝલ ·

દેખાવમાં સરસ છે ને જોવામાં ફૂલ છે,
ટેબલ ઉપર જે ફૂલ છે શોભાનાં ફૂલ છે.
મંઝિલ ઉપર જવાના પ્રયત્નો રડ્યા હશે,
આ રક્તબિંદુઓ હવે રસ્તાનાં ફૂલ છે.
તરતા થઈ ગયા જે ત્રિવેણીપ્રવાહમાં,
કાચી કુંવારી મારી તમન્નાનાં ફૂલ છે.

ઝરણને જોઈને
ઉશનસ્

· વ્યસ્તસ્રગ્ધરા ·

વ્હેતાં આવાં જ રહેજો,
કદીક મળી જશો
—સમદર નહિ તો—
કોક મોટા પ્રવાહે.

સુમનત્વ / મુકુન્દરાય વિ. પારાશર્ય

· માલિની ·

જનનજર પડે ના એટલે ખીલવું ના,
સુમન–હૃદયમાં એ ભાવના ઉદ્ભવે ના;
પણ તક મળી જે કૈં તે વિષે પૂર્ણ ખીલી
સુરભિ વહવવામાં તોષ ઓછો ગણે ના.

◘ 'હિસાબ હરેફરે'—શહેરી સભ્યતા અને યંત્ર સંસ્કૃતિના આ સમયે સ્પંદનમૂઢ બની ગએલા માનવ પર કટાક્ષ કરતા આ સૉનેટના ષટ્કમાં વર્ષા પછી નવ્ય રૂપ સજતી પ્રકૃતિનું મધુર ચિત્ર આલેખાયું છે. પરોઢના ઊઘડતા નભ માટે 'સંતોનાં નેત્રો સમું', તો પંખીઓ માટે 'કલરવી ગતિ' તથા પ્રાણીઓના હરખ માટે 'ઉન્માદી પુચ્છ' શબ્દો વાપરીને અભિવ્યક્તિમાં ચારુતા આણી છે; પણ (પછીના અષ્ટકમાં) આવા સૌંદર્યમંડિત વાતાવરણમાંથી પસાર થતો માનવી કશાથી ચલિત થતો નથી. એની આંખોમાં તો તર્યા કરે છે 'બજાર', અને જાણે સ્વયં હિસાબ જ હરતોફરતો હોય તેમ હરતોફરતો માનવી. ◘ 'વરસાદ'—વરસાદ વરસી ગયા પછી સૃષ્ટિમાં અને જનહૈયામાં કેવો હરિત રંગ, કેવો હરખ વ્યાપી ગયો છે તેનું રોમૅન્ટિક રીતે અહીં ગાન કરવામાં આવ્યું છે. વરસાદ જ જાણે રેશમિયું ઘાસ બનીને ઊગી નીકળ્યો છે એ નાવીન્યસભર અભિવ્યક્તિથી આરંભાતું ગીત, ધરતીના કૉળેલા મિજાજની, વૃક્ષને ફૂટેલી એકસામટી લીલાશની, સંધ્યાના પચરંગી સાજની રમ્યાનુભૂતિ જગાડી જળસભર સૃષ્ટિનું આનંદચિત્ર આંકી રહે છે. ◘ 'જળને તે શા'—સૃષ્ટિમાં જળ કેવાં વિવિધ સ્વરૂપે વ્યાપી રહ્યું છે! સાગર, વાદળ, ઝરણ, નદી, વાવ, કૂપ, સર, કુંડ: કેટકેટલાં રૂપ! પરંતુ સહેજ ઊંડા ઊતરીને નીરખો તો ખરા કે આ બધા ઘાટઘૂટ જળના છે? કાવ્યાંતે જવાબ છે જ કે જળને આ ઘાટઘૂટની કશી તમા નથી; ઘાટઘૂટની માથાફૂટ તો કાંઠાને સોંપી! જળ જ્યાંથી ફૂટે છે ત્યાં તો અભેદ છે! નદી કે ઝરણ તો માનવદીધી ઓળખ છે. આ બધા જ ઘાટઘૂટથી પર જળને જોવામાં જ એના મૂળ સૌન્દર્યની પ્રતીતિનો સાહજિક આનંદ વ્યક્ત કરતા આ ગીતમાં જળને પરમ ચૈતન્ય—જે નિરાકાર નિરંજન છે તે—તરીકે પણ માણી શકશો.

ગાંધર્વ-કારણના પારગામી પંડિત, મર્મગ્રાહી મીમાંસક, પ્રતિભાસંપન્ન

ઇસ્વીસન ૧૯૫૫-૫૯ના ગાળામાં જૂનાગઢના પુરાતત્ત્વ-સંગ્રહાલયના રક્ષપાલ તરીકે કામગીરી બજાવતો હતો ત્યારે સૌરાષ્ટ્રના અગ્રણી નાગરિક, અવિભક્ત કૉંગ્રેસના આગેવાન અને સંસદસભ્ય તેમજ પેઢીદરની નગરશ્રેષ્ઠીની ખાનદાનીના વારસ, કલામર્મજ્ઞ અને સંગીતજ્ઞ શ્રી બચુભાઈ (ચિત્તરંજન) રાજા સાથે વિશેષ પરિચય થયો. સંસ્કારમૂર્તિ બચુભાઈ તેમજ એમના સૌજન્યશીલ અને સંગીતકલા-મર્મજ્ઞ મોટાભાઈ બાબુભાઈ ગુજરાતી વ્યાપારી-સમાજમાં તો જવલ્લે જ જોવા મળે તેવા કલાપ્રેમી અને કલાપારખુ સુજન વ્યક્તિવિશેષ છે. મ. ઉસ્તાદ અમાનઅલીખાં, કેસરબાઈ અને અમીરખાં જેવાં ખ્યાતનામ ગાન્ધર્વવિદો સાથે તેમની ગાઢી મૈત્રી. સિદ્ધેશ્વરીદેવી, બેગમ અખ્તર અને બાલાસરસ્વતી સરખી પ્રથમ કક્ષાની કલાધરિત્રીઓનો મુંબાઈમાં એમને ત્યાં ઉતારો; બચુભાઈ–બાબુભાઈને તેઓ સ્વબન્ધુ શા માને. સિતાર-તારીક રહીઝખાંના પિતા અને સિતારનવાઝ વિલાયતખાંના બનેવી મહમ્મદખાં બીનકાર સરખા ઘરાનેદાર વાદ્યકારના તેઓ શાગિર્દ. બચુભાઈ પાસેથી સંગીતની રસમીમાંસા, ઉત્તમ કોટિના ગાયકો, ને તેમની પરંપરાના ઇતિહાસ ને ગાયકીની ખૂબીઓ, પૃથક્ પૃથક્ ઘરાનાઓનાં લક્ષણો આદિ અનેક વાતો જાણવા મળી છે. તેમનું આ વિષયનું અધ્યયન પણ પ્રથમ કક્ષાનું. શાસ્ત્રીય સંગીત સાંભળવાનો શૉખ તો મને હતો, પણ બચુભાઈ સાથેની જૂનાગઢમાં તેમના લગભગ બસો વર્ષ પુરાણા કાષ્ઠકલામંડિત નિવાસસ્થાને થએલી સંગીત-સંબંધી ઘણીક ખુશ્બોદાર અને રસાળ વાતોએ મને સંગીત સમજવા પ્રતિ અભિમુખ કર્યો. ગાંધર્વતત્ત્વના અગ્રિમ તજ્જ્ઞો-મર્મજ્ઞોના એમના ઉલ્લેખોમાં ઠાકુર જયદેવસિંહનું અવારનવાર નામ સાંભળતો. ઈ. ૧૯૬૬માં જ્યારે મારે બનારસ જવાનું થયું ત્યારે બચુભાઈ અમદાવાદમાં હતા. શુભેચ્છાઓ આપવા એઓ અમારે ઘેર આવ્યા ત્યારે ઊઠતાં ઊઠતાં કહેલું કે 'હવે બનારસ રહેવાના છો તો ઠાકુર જયદેવસિંહને જરૂર મળજો; મળવા જેવી વ્યક્તિ છે; તમે નામથી તો જાણો છો જ; ત્યાં સિદ્ધગિરિ બાગમાં રહે છે વગેરે.'

બનારસ કંઈ નહિ તો યે છેલ્લી દોઢેક સદીથી તો સંગીતનું મહાધામ મનાતું આવ્યું છે. 'પૂરવ અંગ'ની ઠુમરીનું એ સૌથી મોટું બેસણું. તબલાં અને મૃદંગના મોટા બજવૈયાઓ પણ અહીં થયા. ('બનારસ-બાજ'થી સૌ કોઈ પરિચિત છે.) શતાયુ વિદ્યાધરીદેવી, હુસ્નાબાઈ, જવાહરબાઈ, શિવકુંવર, બડી મોતીબાઇ, રસૂલનબાઈ, કાશીબાઈ, સિદ્ધેશ્વરીદેવી, લલિતાદેવી, છોટી મોતીબાઈ અને ગિરજાદેવી સરખી ઠુમરીની ભારતનામી ગાયિકાઓની તાલીમ અહીં જ થએલી. અઘોરનાથ ચક્રવર્તી અને હરિનારાયણ ભટ્ટાચાર્ય સરખા ખ્યાતનામ બંગાળી ધ્રુવપદીઓ પણ કાશીમાં વાસ કરતા હતા. બડે રામદાસજી અને શિવાપશુપતિ સરખા નેપાલરાજ્ય-પ્રતિષ્ઠિત વાગ્ગેયકાર-સંગીતકારો, રામદાસજીના પરિવારના ઠુમરી-ગાયક શિવસુંદર, ધ્રુવપદ અને ખયાલગાયક હરશંકર અને ગણેશ મિશ્ર સરખા ગવૈયાઓ તેમ જ મહાદેવપ્રસાદ મિશ્ર સરખા શિષ્યો, ભૈરવ સહાય, દત્તકથાના પાત્ર સમા મહાન કલાકાર વીરુ મહારાજ, કંઠે મહારાજ, અનોખેલાલ, ગુદઈ મહારાજ અને કિસન મહારાજ જેવા ઉચ્ચ કોટિના તબલાવાદકો, દરગાહીલાલ, સિયાજી મહારાજ ને ગોપાલ મિશ્ર સરખા ખ્યાતનામ સારંગી-વાદકો, ગાયક ને બીનકાર મીઠાઈલાલ અને દરગાહીલાલના સુપ્રસિદ્ધ ગાયકશિષ્ય શ્રીચંદ્ર મિશ્ર તેમજ લલ્લુ મિશ્ર, કણ્ઠ્ય સંગીત ને સિતારવાદન એમ બેવડી કલા પર પ્રભુત્વ રાખનાર નામી ઉસ્તાદ આશિકઅલીખાં ને તેમના પુત્ર મુસ્તાકઅલીખાં તેમ જ આશિકઅલીખાંના સુશિષ્ય અમીય ભટ્ટાચાર્ય, ટપ્પાના અજોડ ગાયક સગીરખાં અને કલકત્તાથી આવી બનારસમાં વસેલા ઠુમરીના બેતાજ બાદશાહ ઉસ્તાદ મોજ્જુદ્દીનખાં અને એમની સાથે ગાઢ સંપર્કમાં આવેલા કાશીનિવાસી દીર્ઘાયુષી ગુજરાતી ઠુમરી-ગાયક રામાજી ખેડાવાલ, એવાં તો કેટલાં નામો ગણાવીએ! આટલું પૂરતું ન હોય તેમ બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં લગભગ પચ્ચીસી પહેલાં સ્થપાએલી, અને જેમાં પંડિત ઓમકારનાથ ઠાકુર પ્રથમ આચાર્ય હતા તે સંગીત વિદ્યાલયનું અસ્તિત્વ પણ છે.


સંગીતનું આવડું મોટું ધામ હોવા છતાં શરૂઆતનાં સાડા ત્રણ વર્ષના મારા બનારસ-નિવાસ દરમિયાન સંગીત વિષે વિચારવાનું તો એક બાજુએ રહ્યું પણ સાંભળવાનું યે બન્યું નહિ. ઠાકુરસાહેબને મળવાનો બચુભાઈનો અનુરોધ વિસરાયો નહોતો; પણ શું પ્રયોજન લઇને જવું? સાંભળ્યું હતું કે તેઓ સદૈવ અધ્યયનમાં જ વ્યસ્ત રહે છે, એટલે ઔપચારિક મુલાકાત લઈ એમનો સમય બગાડતાં જીવ ન ચાલ્યો. અંતે ઈ. ૧૯૬૯માં મહીસુરમાં ત્યાંના સંગીતપ્રેમી સુહૃદ શ્રી પી. આર. શ્રીનિવાસન્ અને તેમના પુત્રોના સંગીત-શિક્ષાગુરુ શ્રી ટી. આર. શ્રીનિવાસન્ સાથે કર્ણાટક સંગીત અંગે થએલા વાદ પછી કર્ણાટક સંગીતની કેટલીક આગવી ખૂબીઓનો સીધો પરિચય થયા બાદ બનારસમાં એ શૈલીનું અધ્યયન ત્યાગબ્રહ્મ ગુરુકુલમ્ના આચાર્ય શ્રી વી. કે. વ્યંકટરામાનુજમ્ પાસે શરૂ કર્યાથી બનારસના સંગીત-જગત સાથે પ્રથમ સંપર્ક થયો અને એથી ઠાકુરસાહેબને મળવા માટેની બુનિયાદ નંખાઈ. પણ ઠાકુર જયદેવસિંહને પ્રથમ વાર જોયા તો ગુરુકુલમ્ના વાર્ષિક 'ત્યાગરાજ મહોત્સવ' સમયે ૧૯૭૦માં. તે પછી હિન્દુ યુનિવર્સિટીમાં ઉજવાએલી પં. વિષ્ણુ દિગમ્બર અને પં. વિષ્ણુ ભાતખણ્ડેની જયંતી અવસરે અધ્યક્ષપદેથી ધારાવાહી અને પ્રાસાદિક વાણીમાં તેમણે આપેલી ભાવપૂર્ણ અને સંસ્મરણાત્મક અંજલિ સાંભળી ત્યારે એ બન્ને મહાનુભાવો સાથેનો તેમનો નિકટનો પરિચય છતો થવા ઉપરાંત સાઠ વર્ષથી યે ઉપરના તેમના સંગીત વિષયનાં તલાવગાહી અવલોકન–પરિશીલનની પણ ઝાંખી થઈ.

આ પછી થોડા સમય બાદ સિદ્ધગિરિ બાગમાં ઠાકુરસાહેબને ઘેર મૈથિલી ધ્રુવપદગાયક સિયારામ તિવારીને સાંભળવાનો સુયોગ પ્રાપ્ત થયો. પણ ત્યારે ઠાકુરસાહેબનો પરિચય થઈ શક્યો નહિ. એ દિવસોમાં મને પ્રાચીન સંગીત પર સંશોધન કરવાની અને સાથે કર્ણાટક ને હિન્દુસ્તાની સંગીતના રસ-કારણ વિષે જાણવાની ખ્વાહિશ જાગેલી. વળી બન્ને સંપ્રદાયો વચ્ચે ભૂતકાળમાં ક્યારે ય એકતા હતી કે નહિ તેના સંશોધન માટે હિન્દુસ્તાની સગીતની તાલીમ અને પ્રાચીન સગીતશાસ્ત્રોનું અધ્યયન શરૂ કરવું જરૂરી લાગતાં તે દિશામાં ફુરસદના સમયે પ્રવૃત્ત થએલો. દરમિયાન ગાયક મિત્ર પ્રા. ગૌતમને મોઢે સાંભળેલું કે ઠાકુરસાહેબ સંગીતની વર્તમાન પરિપાટીઓ અને લક્ષણોના જ્ઞાતા હોવા ઉપરાંત પ્રાચીન સંગીતશાસ્ત્રોના પણ અજોડ અભ્યાસી છે. જ્યાં પં. ભાતખંડે અને પં. ઓમકારનાથ ઠાકુર થંભી ગએલા, ત્યાં પ્રાચીન આચાર્યોનાં કથન-મર્મને ગ્રહવા તેઓ સમર્થ થયા છે. એટલે હવે તો ઠાકુરસાહેબને મળવાનું મારે માટે અનિવાર્ય બની ગયું.

એ અરસામાં એક દિવસ ડૉ. ગૌતમને ત્યાં ગાયનમાં 'ભૂપાલી' અને 'શુદ્ધ કલ્યાણ' વચ્ચે ભેદરેખા કેવી રીતે ટકાવવી, અને શુદ્ધ કલ્યાણના અવરોહમાં 'તીવ્ર મધ્યમ' અને 'નિષાદ'નું પ્રમાણ કેટલું રાખવું તેમજ તેનો સ્પર્શ કેવી રીતે કરવો તેની ચર્ચા ચાલી રહી હતી, ત્યાં અચાનક ઠાકુરસાહેબ આવી ચડ્યા! વાતમાંથી વાત ગંભીર ચર્ચા તરફ સહેજે વળી. પછી તો 'શ્રુતિ' શી વસ્તુ છે, 'ભરત'ના સમયનો વાસ્તવિક સ્વર-સપ્તક શો હતો ઈત્યાદિ વિષય પર ઠાકુરસાહેબે જે સૂક્ષ્મતાથી મીમાંસા કરી તેમાં તેમના શાસ્ત્ર પરના અધિકારનો અને શાસ્ત્રવચનોના ગુહ્યાર્થોનો પાર પામી સ્ફૂટ કરવાની શક્તિનો પરિચય થયો. હાજર હતા તે સૌ મંત્ર-

અન્વેષક અને અતિ સન્નિષ્ઠ કર્મયોગી કાશીનિવાસી

ઠાકુર જયદેવસિંહ



લેખક · મધુસૂદન ઢાંકી

મુગ્ધ બની સાંભળી રહ્યા.

ચર્ચામાં એ પછી તંતુવાદ્યોમાં વીણાનાં પ્રાચીન સ્વરૂપોની વાત આગળ ચાલી, ત્યારે ઠાકુરસાહેબ કહ્યું કે વીણાનો આકાર તો પ્રાચીન શિલ્પોમાં હૂબહૂ રજૂ કર્યો હશે, પણ ત્યાં તાર જેટલી સંખ્યામાં કોર્યા છે તે સંખ્યા પ્રમાણભૂત માનવી કે કેમ તે વાત વિવાદાસ્પદ ગણી શકાય. 'ધનુતન્ત્રી' આદિ સ્વરમંડળો પૂરતું તો આ અવલોકન બરોબર છે, પણ સરોદાકૃતિ વીણાઓમાં તો કોરણીમાં જેટલી સંખ્યામાં તાર બતાવ્યે છે તેના બરાબર દંડ પર ખૂંટીઓ પણ રોપેલી દેખાય છે, એ અનુષંગે મેં નાચનાકુઠારાના ગુપ્તકાલીન મંદિરની જાળીના શિલ્પનું દૃષ્ટાંત ટાંકેલું.* સાથે જ તુમ્બુવીણા–બ્રહ્મવીણા–(અત્યારની 'રુદ્રવીણા'ની પૂર્વજ)ના સંબંધમાં પણ વાત ઊખડી. 'બ્રહ્મવીણા' વિષે સામાન્ય માન્યતા એવી છે કે તે બહુ બહુ તો આઠમા શતક જેટલી પ્રાચીન હોઈ શકે; પણ નાચના-કુઠારાના પ્રસ્તુત શિલ્પમાં એક ગંધર્વયુગલના ગંધર્વના હાથમાં તે ગ્રહેલી બતાવેલી હોઈ, ગુપ્ત કાળે (પાંચમી શતાબ્દીમાં) તેનો આવિષ્કાર થઈ ચૂકેલો એવું મેં પ્રમાણ ત્યાં રજૂ કર્યું. એ પછી આલાપચારીની વાત નીકળતાં કર્ણાટક સંગીતમાં આજે આલાપનમ્ 'ત...ન...ન' શબ્દથી પ્રારંભ થાય છે તેને માટે 'આલાપં તનનાત્મકમ્'નો શાસ્ત્રાધાર મેં ટાંકેલો. ઠાકુર સાહેબનું ધ્યાન આ ચર્ચાથી મારા તરફ દોરાયું. આ પળે ડૉ. ગૌતમે મારો થોડો વિશેષ પરિચય તેમને કરાવ્યો. ઠાકુર સાહેબ ચર્ચાથી ખૂબ ખુશ થએલા જણાયા. બસ, આ અવસર પછીથી એમને મળવાનું સુલભ બની ગયું. તે પછી તો તેમને નિવાસસ્થાને જઈ કલાકો સુધી ચર્ચાઓ કરી છે. શાસ્ત્રમાં રજૂ કરેલા વિભાવો ન સમજાતા હોય, યા ભાષા જટિલ લાગતી હોય તો તેના ઉકેલ ને અર્થઘટન ઠાકુરસાહેબ પાસે તૈયાર જ હોય. શાસ્ત્રકથિત કોઈ તથ્ય મને નવીન સમજાયું હોય તેવું લાગે તો તેની ચોકસાઈ કરાવવા પણ તેમની પાસે કેટલી યે વાર ગયો હોઈશ. આ મુલાકાતો દરમિયાન તેમની તીક્ષ્ણ મેધા અને ગંભીર પ્રજ્ઞા, ભાષ્યકાર તરીકે તેમની પરમ યોગ્યતા અને પારગામીતાનાં હમેશાં દર્શન થતાં રહ્યાં છે.

આજે સંગીતજગતમાં મોવડનું અને પ્રતિષ્ઠિત સ્થાન ભોગવી રહેલા ઠાકુરસાહેબ—ઠાકુર જયદેવસિંહનો જન્મ ઉત્તર પ્રદેશના બસ્તી જિલ્લાના ગોરખપુર પાસેના શોહરતગઢમાં સન ૧૮૯૩માં થયો હતો. પ્રાથમિક અભ્યાસ ગોરખપુરમાં, ત્યાર બાદ બનારસની ઍની બેસન્ટ દ્વારા પ્રસ્થાપિત 'સેન્ટ્રલ હિન્દુ સ્કૂલ'માંથી મૅટ્રિક, ને પછી ત્યાંથી જ ૧૯૧૭માં બી.એ. થયા. એ દરમિયાન ૧૯૦૯-૧૧ વચ્ચે તેમને પં. વિષ્ણુ દિગમ્બરના નિકટવર્તી ગાયન-શિક્ષક શ્રીકૃષ્ણ હરિ હીરલેકર દ્વારા સંગીતની પ્રાથમિક તાલીમ મળી, અને એ રીતે સંગીતનાં બીજ રોપાયાં. વળી ઈ. ૧૯૧૩માં ઍની બેસન્ટ દ્વારા આયોજિત All India Religious Examinationમાં પ્રથમ નંબરે આવી સુવર્ણચન્દ્રક મેળવ્યો. આથી ઍની બેસન્ટનું ધ્યાન તેમના તરફ ખેંચાયું અને ઠાકુરસાહેબ તેમના વિશેષ પરિચયમાં આવ્યા તેમ જ બન્ને વચ્ચે પત્રવ્યવહાર પણ ચાલતો રહ્યો.

એમના પિતાશ્રીની ઇચ્છા હતી એમને કાયદાશાસ્ત્રી બનાવવાની, પણ ઠાકુરસાહેબનું વલણ હતું સાંસ્કૃતિક અધ્યયન પ્રતિ. આથી વિશેષ અભ્યાસની સુવિધા બંધ થતાં તેઓએ ફૈઝાબાદની 'હિન્દુ હાઈસ્કૂલ'માં શિક્ષકની નોકરી લીધી. ત્યાંથી બે સાલ બાદ શિક્ષક-ઉમેદવાર તરીકે તત્ત્વજ્ઞાનના વિષય સાથે અલ્લાહાબાદ યુનિ.માંથી એમ. એ.માં પ્રથમ શ્રેણીમાં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થયા. અહીં તેઓ આચાર્ય નરેન્દ્રદેવના સંપર્કમાં આવ્યા. ફૈઝાબાદમાં ઉચ્ચ શ્રેણીના પુસ્તકાલયની સુવિધા ન હોવાથી અધ્યયનપ્રવણ જયદેવસિંહ ત્યાંની નોકરી છોડી કાનપુર આવ્યા ને ત્યાં 'દયાનંદ ઍંગ્લો-વૈદિક કૉલેજમાં' વ્યાખ્યાતા થયા.

થોડાં વર્ષો બાદ એક વાર ગ્વાલિયર જવાનું થયું, ત્યાં ગ્વાલિયર ઘરાનાના કલાકારોને સાંભળવાનો મોકો મળ્યો. તેમાં ઉસ્તાદ હદ્દુખાંના શાગિર્દ બીનકાર બાલાગુરુના શિષ્ય નાનુભૈયા તેલંગની ગાયકીના વિશુદ્ધ રૂપથી પ્રભાવિત થતાં તેમને છેવટે ઈ. ૧૯૨૫માં કાનપુર લાવ્યા અને તેમની પાસે ઉચ્ચ સંગીતની વ્યવસ્થિત તાલીમ લેવી શરૂ કરી. ઈ. ૧૯૨૭માં કાનપુરમાં 'સંગીત સમાજ'ની સ્થાપના કરી અને તેના તેઓ ૧૯૪૩ સુધી કર્ણધાર એવં પ્રાણ બની રહ્યા. પ્રસ્તુત સંસ્થાના ઉપક્રમે પ્રતિવર્ષ અખિલ ભારત સંગીત પરિષદોનાં આયોજન કર્યાં. આ સંમેલનોમાં ભારતના તે વખતના સર્વોચ્ચ કલાધરો—પં. વિષ્ણુ દિગમ્બર, ઉસ્તાદ અબ્દુલકરીમખાં, આફતાબે મૌસિકી ઉસ્તાદ ફૈયાઝખાં, પં. ઓમકારનાથ ઠાકુર, ગિરજાશંકર ચક્રવર્તી ને ગોવિંદરાવ ટેમ્બે સરખા ગાયકો અને સરોદસમ્રાટ હાફિઝઅલીખાં, સિતારનવાઝ ઈનાયતખાં ને સારંગીના બાદશાહ પંજાબી વાદક મમ્મનખાં એકથી વધુ વાર ભાગ લઈ ગએલા, જેનાથી પરિષદના સ્તરનો ખયાલ આવી રહે છે.

ઈ. ૧૯૨૫માં ભાતખંડેએ લખનૌમાં મૉરિસ મ્યુઝિક કૉલેજ સ્થાપી ત્યારથી અને ઈ. ૧૯૨૭ની અખિલ ભારતીય સંગીત પરિષદ પછીથી ઠાકુરસાહેબ પં. ભાતખંડેના પણ વિશેષ સંપર્કમાં આવી રહેલા. ઈ. ૧૯૩૨માં એમને કાશ્મીરમાં ભારતીય તત્ત્વજ્ઞાન અને સંસ્કૃત ભાષાના જ્ઞાતા એક જર્મન વિદ્વાનની આકસ્મિક ભેટ થઈ, જેમાં એ પાશ્ચાત્ય વિદ્વાને પૃચ્છા કરી કે તમે તત્ત્વજ્ઞાન ભણાવવા માટે કયા ગ્રન્થોનો આધાર લો છો? ઉત્તર દીધો કે રાધાકૃષ્ણનનાં. 'What a shame! You are an Indian: an Indian must study philosophy from the original sources!' આ માર્મિક વચનો હૈયા સોંસરવાં ઊતરી જતાં પ્રવાસેથી પાછા આવ્યા બાદ પં. હરિદત્ત મિશ્ર

*આનું ચિત્ર મારા આગામી લેખ 'દ્રાવિડદેશનાં જાલવાતાયનો' અનુષંગે 'કુમાર'માં આવનાર છે.

પાસે સંસ્કૃતનો ઊંચા સ્તરનો અભ્યાસ આદર્યો, અને બીજે વર્ષે આગ્રા યુનિવર્સિટીમાં સંસ્કૃત સાથે એમ.એ.ની પરીક્ષા આપી! આ વખતે પણ તેઓ પ્રથમ શ્રેણીમાં જ આવ્યા, જે તેમની મેધા અને બૌદ્ધિક પ્રતિભાની પરિચાયક બની રહે છે.

ઈ. ૧૯૩૬માં બરફના વધુપડતા સેવનને કારણે ગળામાં હિમદાહ થતાં લાળીનું દર્દ (લૅરિન્જાઇટિસ) થયું અને વાચા બંધ થઈ ગઈ! કલકત્તાના બંગાળી ડાક્તર મિત્રોએ સમયસર સારવાર કરી વાચા તો ઉગારી લીધી પણ કંઠ તો સદાને માટે ગયો. આ દુર્ઘટનાએ તેમને ગાયક બનવાને બદલે સંગીતશાસ્ત્રજ્ઞ બનવા પ્રેર્યા. સંગીત પરત્વેની અભિરુચિ તથા સંગીતવિષયમાં પહોંચતી તેમની નજર, અને બીજી બાજુથી સંસ્કૃત પરના પ્રાપ્ત થએલા અધિકારથી ભાતખંડેના ગ્રન્થોના અધ્યયન બાદ તેમને ગાન્ધર્વશાસ્ત્રના મૌલિક ગ્રન્થોનું અધ્યયન કરવાની અને ભારતીય સંગીતના મૂલભૂત પ્રશ્નોના ઉત્તર મેળવવાથી ઇચ્છા થઈ. ઈ. ૧૯૩૮માં શાર્ઙ્ગદેવના સુપ્રસિદ્ધ ગ્રન્થ 'સંગીતરત્નાકર' (૧૩મી સદીનો પૂર્વાર્ધ) થી લઈ 'ભરત નાટ્યશાસ્ત્ર' (ત્રીજો–ચોથો સૈકો), મતઙ્ગ કૃત 'બૃહદ્દેશી' (૮મી શતાબ્દી) અને પછીથી જે જે ગ્રન્થો ઉપલબ્ધ થતા ગયા તે સૌનો તલસ્પર્શી અભ્યાસ કર્યો. એમનું એ અધ્યયન આજ દિવસ સુધી અવિરત ચાલુ જ રહ્યું છે અને આ અધ્યયને જ તેમને આજે સર્વોચ્ચ કોટિના શાસ્ત્રજ્ઞ બનાવી દીધા છે.

કાનપુર-નિવાસ દરમિયાન તેમના અભ્યાસ અને ચિંતનના ફલસ્વરૂપ ૪૦ થી ૫૦ જેટલા સંગીત-વિષય પરના વાર્તાલાપો 'આકાશવાણી' લખનૌ પરથી આપ્યા, જેમાંના કેટલાક સંગીત-વિષયનાં વિવિધ સામયિકોમાં પ્રકટ પણ થયા છે. તત્ત્વજ્ઞાન પ્રત્યેની અભિરુચિથી અને ઍની બેસન્ટના પરિચયથી તેમનો એક બાજુથી થિયૉસૉફી તરફ ઝોક થયો તો બીજી બાજુથી તત્ત્વજ્ઞાન અને કલાના સંબંધ પરના તેમના ચિંતને તેમને ભારતીય કળાના મહાન ચિંતક અને મીમાંસક ડૉ. આનંદ કુમારસ્વામીના સંપર્કમાં લાવી મૂક્યા. ઠાકુર જયદેવસિંહના આ વિષયના મૌલિક વિચારોથી પ્રભાવિત બનેલા ડૉ. કુમારસ્વામીએ એમની સાથે પત્રવ્યવહાર દ્વારા લાંબા સમય સુધી વિચારોની આપલે કરેલી, જેના ફળ રૂપ એમના ચાળીસેક જેટલા પત્રો ઠાકુરસાહેબ પાસે એકઠા થએલા. દુર્ભાગ્યે લખિમપુર સ્થળાંતર કરતી વેળા ગાયબ થએલા સામાન સાથે મોટા ભાગના પત્રો ગુમ થયા; નહિ તો આજે તે પ્રકાશિત થઈ શક્યા હોત અને ડૉ. કુમારસ્વામીનાં ચિંતનો વિષે ને વિશેષે તો એ મહાનુભાવના સંગીત વિષેના વિચારો સંબંધમાં આપણને વિશેષ જાણવા મળત.

લખનૌથી એંશી માઈલ દૂર આવેલા ખેરી-લખિમપુર જવાનું કારણ એ હતું કે તેમની સફળ અધ્યાપક તરીકેની નામના અને સજ્જનતાની સુવાસથી આકર્ષાઈ ત્યાંની નવી સ્થપાએલી 'યુવરાજ દત્તકૉલેજ'ના પ્રથમ પ્રાચાર્યનું પદ સંભાળવાની તેમને વિનંતી કરવામાં આવેલી, જેનો તેમણે સ્વીકાર કર્યો હતો. અહીં તેઓ ૧૯૪૩થી લઈ ૧૯૫૬માં નિવૃત્ત થયા ત્યાં સુધી ૧૩ સાલ રહ્યા અને કૉલેજને પ્રારંભમાં જે ઈન્ટરમીડિયેટ સુધી હતી ત્યાંથી ઉઠાવી અનુસ્નાતકની પ્રશિક્ષણ કક્ષાએ પહોંચાડી દીધી.

લખિમપુરમાં પણ સંગીત વિષયક પ્રવૃત્તિ ચાલુ જ હતી. તેમના નામથી પ્રેરાઈ ઘણા નામી કલાકારો લખિમપુરમાં કાર્યક્રમો આપી ગએલા. પરિણામે સારા યે શહેરમાં સંગીતની એવી હવા જામી કે શહેરીજનોએ ત્યાં સંગીત વિદ્યાલય સ્થાપવાનું નક્કી કર્યું અને ઠાકુરસાહેબની સેવાઓની કદર રૂપે તેને 'જયદેવ સંગીત વિદ્યાલય' એવું અભિધાન આપ્યું. આજે આ સંસ્થા ઉત્તર પ્રદેશની સંગીત શિક્ષણ સંસ્થાઓમાં અગ્રિમ હરોળની ગણાય છે.

ઈ. ૧૯૫૨માં સંગીતાચાર્ય બાલકૃષ્ણ રઘુનાથ દેવધરની પ્રેરણાથી ભારત સરકારના માહિતી અને પ્રસારણ ખાતાના સંગીતપ્રેમી મંત્રી ડૉ. કેસ્કરે All India Musical Educationalists' Conference બોલાવી, જેમાં ઠાકુરસાહેબને પણ નિમંત્ર્યા. ત્યાં ઠાકુરસાહેબના 'હમારે સંગીત કી સમસ્યાએઁ' નામક નિબંધે ખૂબ જ ધ્યાન ખેંચ્યું અને ડૉ. કેસ્કરે તત્કાલ તેમને 'આકાશવાણી'ની સલાહકાર સમિતિમાં લઈ લીધા, જ્યાં તેમની પ્રતિભા ઝળકી ઊઠી. ત્યાં ભારતીય સંગીત પરત્વેનો તેમનો અગાધ પ્રેમ, તેની સમસ્યાઓ અને ઉકેલોની ઊંડી સૂઝ અને દૂરંદેશી સલાહો તથા પરિપક્વ સૂચનોની ડૉ. કેસ્કર પર એટલી ઊંડી છાપ પડી કે ઈ. ૧૯૫૪માં તેમને 'આકાશવાણી'ના વરિષ્ઠ સંગીત-નિયોજકનો હોદ્દો સ્વીકારવા વિનંતી થઈ; પણ ઠાકુરસાહેબને હજી પોતાની કૉલેજમાં અધૂરાં કામ પૂરાં કરવાનાં હતાં. તેમણે ઉત્તર આપ્યો કે નિવૃત્તિ બાદ તેઓ તે સંબંધમાં વિચારી શકે. ડૉ. કેસ્કરે એટલો સમય રાહ જોવા તૈયારી બતાવી. ઠાકુરસાહેબ તો વાત વિસરી ગએલા, પણ તેમના નિવૃત્તિદિને જ તેમને દિલ્હીથી ડૉ. કેસ્કરનો વચનની યાદ દેવડાવતો તાર મળ્યો! અને ૧૯૫૬ના જુલાઈથી ઠાકુરસાહેબ દિલ્હી આવી ગયા.

'આકાશવાણી'માં વરિષ્ઠ સંગીત નિયોજકના પદે તેઓ ૧૯૫૬ થી ૧૯૬૨ સુધી રહ્યા. નિષ્ઠાવાન ઠાકુરસાહેબે પોતાને મળેલા એ મોટા પદનો અને સત્તા-સાધનનો સદુપયોગ ભારતીય શાસ્ત્રીય સંગીતના સ્તરને ઊંચું લાવવામાં ને કલાકારોને સન્માનવામાં તથા સરકાર તેમ જ સમાજમાં તેમને પ્રતિષ્ઠિત કરવામાં કર્યો. તેમના આ પ્રયત્નોને ડૉ. કેસ્કરનો પૂર્ણ સહયોગ મળ્યો. સંગીતમાં તેમણે શાસ્ત્રશુદ્ધતા ઉત્તેજવા તેમજ શાસ્ત્રાભિમુખતા સર્જવા પ્રથમ જ વાર 'આકાશવાણી'ના ઉપક્રમે પરિસંવાદો યોજવા શરૂ કર્યા. તેમાં તાલ વિષય પર, રાગલક્ષણ વિષે, ધ્રુવપદ અને ખયાલ ગાયકી અનુલક્ષે, અને સામવેદીય સંગીત પરના પરિસંવાદો યાદગાર બની ગયા છે. સલાહકાર સમિતિમાં આ બધાં વર્ષો દરમિયાન (અને પછી પણ કેટલાંક વર્ષો સુધી) શ્રી બચુભાઈ રાજા પણ સદસ્ય હતા અને વિચારોના સામ્ય ને ઐક્યને કારણે ઠાકુરસાહેબ અને તેમને પરસ્પર આદર થવા ઉપરાંત એકબીજાના ગાઢા સંપર્કમાં પણ સહેજે આવી રહ્યા.

ઈ. ૧૯૬૨માં ડૉ. કેસ્કર ચૂંટણીમાં પરાજિત થયા અને ગોપાલ રેડ્ડી નવા પ્રધાન તરીકે આવતાં નવી નીતિ ઘડાઈ. ઠાકુરસાહેબને લાગ્યું કે હવે 'આકાશવાણી'માં પોતાનું કાર્ય પૂરું થયું, એથી ત્યાંથી નિવૃત્ત થઈ બનારસ આવી સિદ્ધગિરિ બાગમાં પોતાનું મકાન કરી રહેવા લાગ્યા. અહીં ૧૯૬૩માં તેઓએ તત્ત્વજ્ઞાનનો બહુમૂલ્ય ગ્રંથ 'પ્રત્યભિજ્ઞાહૃદયમ્' સંપાદિત કર્યો જેનું અત્યારે હિન્દી સંસ્કરણ તૈયાર થઈ રહ્યું છે. પણ સંગીત ઉપરના તેમના ચિંતનના નિચોડરૂપ ગ્રંથો તો હવે પ્રકાશિત થશે, જે હાલ તેઓ પૂરા કરી રહ્યા છે: ૧) 'ભારતીય સંગીતકા બૃહદ્ ઇતિહાસ'—જે ઉત્તર પ્રદેશની હિંદી સમિતિ તરફથી પ્રકાશિત થશે; ૨) A Brief History of Indian Music, જે નૅશનલ બુક ટ્રસ્ટ તરફથી પ્રકાશિત થશે; ૩) Biographies of Great Musicians; ૪) Musical Trends; ૫) Swami Haridāsa and Tānsena; અને ૬) Introduction to Indian Music.

બનારસમાં તેમના દસકાના વાસ દરમિયાન જ્ઞાનોપાસના ઉપરાંતનો સમય તેઓ સંગીતવિષયક પ્રવૃત્તિમાં ગાળી રહ્યા છે. સંગીતકારોને સાંભળવા, ને પોતાની પાસે ચર્ચા તથા માર્ગદર્શન માટે આવતા સંગીતના અનુસ્નાતક વિદ્યાર્થીઓને મદદ કરવી એ તો રોજનું બન્યું છે. બનારસના કોઈ પણ સંગીત સમારોહ કે સંગીત પરિસંવાદમાં તેમની હાજરી અને અધ્યક્ષતા ન હોય તેવું ભાગ્યે જ બને છે. સંગીતની પ્રવૃત્તિને વેગ મળતો હોય તો પોતાનાં અધ્યયન-ચિંતન-લેખનનું કાર્ય છોડી તેઓ બનારસ બહારનાં પણ આમંત્રણ મળે તો સદ્‌ભાવપૂર્વક સ્વીકારી યથાયોગ્ય માર્ગદર્શન આપતા રહે છે. ભારતીય સંગીતની તેમની પાંચ દાયકાની સેવાની કદર રૂપે તેમજ તેમની જ્ઞાનગરિમાનો વિશેષ લાભ ઉઠાવવા

ઉત્તર પ્રદેશની સરકાર તરફથી તેઓની તાજેતરમાં જ સંગીતનાટક ઍકૅડેમીના અધ્યક્ષ પદે નિયુક્તિ થઈ છે. અને ગયા માર્ચ માસમાં ભારત સરકારે તેમના વ્યક્તિગત ગુણોની કદર રૂપે એમને 'પદ્મભૂષણ'ના માનથી નવાજ્યા છે, અને એ જ પ્રમાણે કાનપુર યુનિવર્સિટીએ તેમને 'ડી. લિટ્.'ની માનદ પદવીની વધાવ્યા છે.

સાઠ સાઠ સાલ દરમિયાન તેમણે સાંભળેલા સંગીતનો અંદાજ કાઢવો મુશ્કેલ છે. મારા જન્મ પહેલાં અને શૈશવી અવસ્થા સમયે દિવંગત થએલા તે જમાનાના પરમ કોટિના ગણાતા ભારતનામી કલાકારોને તેમણે સીના-બ-સીના સાંભળ્યા છે. ભાસ્કરબુવા બખલે, ઉસ્તાદ ઝાકરુદ્દીનખાં, ઉ. મોજ્જુદ્દીનખાં, ઝોહરાબાઈ, ગૌહરજાન કલકત્તેવાલી, જાનકીબાઈ, બીનકાર મુરાદખાં વગેરે વીસમી સદીના આરંભના મહાન કલાકારોનાં નામ તેમાં ગણાવી શકાય. એમની કલાપારખુ નજર સંગીતના ગુણ-વિશેષ્ટનિદર્શક તત્ત્વો જ્યાં જ્યાં દેખાય ત્યાં તરત જ પકડી લે છે. ભૂતકાલીન ઘણાં કલાકારોની ગાયકીનાં ઉત્તમ અંગો કયાં હતાં તેનાં તેમને બહુ સ્પષ્ટ પિછાન–અંદાજ છે. સંગીતમાં તેઓ વ્યાકરણનિષ્ઠતાને બદલે રસ, કાકુ-ભાવ અને રક્તિ, એ તત્ત્વત્રયીને કેન્દ્રમાં રાખી મૂલ્યાંકનો કરે છે. ઉ. અબ્દુલ કરીમખાંનું સુરીલાપણું અને કારુણ્યકાકુ, ઉસ્તાદ ફૈયાઝખાંનો બહેલાવ–લડાવ ને મોતીના દાણા જેવી સાફ તાનો, ઉ. મોજ્જુદ્દીનખાંની ભાવોદ્રેકપૂર્ણ ઠુમરી-ગાયકી, મલ્કાજાનની પૌરુષી, પાંડિત્યપૂર્ણ અને ઝીણવટભરી ખયાલ ગાયકી, બખલેની ગ્વાલિયર આગ્રા અને અત્રોલીની ગાયકીના સંમિશ્રણવાળી ગાયકીની ચિત્તોહર આલાપચારી અને તાનો ઇત્યાદિના તેઓ ખૂબ પ્રશંસક છે. પં. વિષ્ણુ દિગમ્બરના કંઠની 'શ્રાવકતા' (દૂર-સુદૂર પહોંચતો મોટો, દમદાર, ગંભીર અવાજ)નાં તેઓ ખૂબ વખાણ કરે છે: 'ક્યા બતાઉં આપ કો; એસી બડી આવાજ મૈંને જિંદગી મેં સૂની નહીં હૈ.' ઈ. ૧૯૧૧માં ઠાકુરસાહેબે બનારસમાં પંડિતજીને પહેલી વાર સાંભળ્યા; ત્યારે તેમના અવાજની પ્રચંડતાથી સભાખંડનું છાપરું ખળભળતું હોવાનો સૌએ અનુભવ કરેલો! ઈ. ૧૯૨૫ના રાષ્ટ્રીય મહાસભાના શમિયાણામાં પચ્ચીસ હજારની મેદની હતી. પંડિતજીને આ જનસમુદાય સમક્ષ રાષ્ટ્રભક્તિનું ગીત ગાવાનું હતું. ધ્વનિવર્ધક યંત્રની વ્યવસ્થા હતી; પણ પંડિતજીએ ધ્વનિવર્ધક યંત્ર એક બાજુ હટાવી, 'પંચમ'ને 'ષડજ' બનાવી, શંખધ્વનિ શા બુલંદ અવાજે 'ભારત હમારા દેશ હૈ' શરૂ કર્યું. ગાનમાં સાથ દેનાર શિષ્યો તો ઉપરના સપ્તકમાં અવાજ જ પહોંચાડી શક્યા નહિ, ને એકત્રિત જનતા એકચિત્તે એ મહાન કંઠને સાંભળી રહી! ગાયનમાં પં. વિષ્ણુ દિગમ્બર ગુરુજનોએ શીખવેલા ગ્વાલિયર પરંપરાને આગ્રહશુદ્ધ અનુસરતા. ઠાકુર સાહેબ એમના 'યમન'ના ચિત્તોહર આલાપ અને ૧૯૨૫માં તેમણે કાનપુરમાં કરેલી 'બિલાવલ'ની 'નોમતોમ'ને યાદગાર ગણાવે છે. પંડિતજીએ 'આશાવરી'માં ગાએલી 'નેવરિયા ઝાંઝરી આન પડી મઝધાર'માં તેમના ઉપરના ષડજથી લીધેલી એક વિશિષ્ટ મીંડના પ્રયોગથી તે પળે સર્જાએલી અપૂર્વ સુંદરતાને ઠાકુરસાહેબ ખૂબ બિરદાવે છે. એ જ પ્રમાણે ગ્વાલિયરમાં તેમણે હદ્દુખાંના સુપ્રસિદ્ધ શિષ્ય શંકર પંડિતના સાંભળેલા 'યમન'ની આલાપચારીને પણ તેઓ અવિસ્મરણીય ગણાવે છે.

ઠાકુરસાહેબ ભાવપૂર્ણ–કાકુપ્રધાન–ગાયકીના ખાસ પ્રસંશક હોઈ ઠુમરી પ્રતિ તેમને ખૂબ પ્રીતિ છે. ઠુમરીના લાજવાબ ગાયક મોજ્જુદ્દીનખાં–જેને ઉ. ફૈયાઝખાં સરખા પણ ધ્યાનપૂર્વક સાંભળતા–તેમની બોલબનાવ અને ભાવરંગીલી ઠુમરીને ઠાકુરસાહેબ અપ્રતિમ ગણે છે. પતલો, મીઠો અવાજ તો ખરો, પણ તેમાં કાકુનો જે ખેલાવ મોજ્જુદ્દીનખાં કરતા ને તેના બહેલાવ–બનાવમાં જે કલ્પનાશીલ વૈવિધ્ય લાવી ઠુમરીનું લાવણ્ય પ્રકટ કરતા તેની જોડી જડવી મુશ્કેલ છે. બોલ–બનાવની બેજોડતા તેમની 'ગારા' રાગની પ્રસિદ્ધ ચીજ 'પાની ભરેરી કૌને અલબેલે કિ નાર'માં ખાસ દેખાતી. ભૈરવીના તેમના જેવા ગાનાર જડવા મુશ્કેલ. ઠાકુરસાહેબે કહ્યું કે એક વાર ભૈરવીમાં નિબદ્ધ 'હે ગોવિંદ રાખો શરણ, અબ તો જીવન હારે' ભજનમાં, સંસારથી પૂર્ણતયા હારી ગએલા આત્માનો શ્રીકૃષ્ણ પ્રતિ અનન્ય શરણ્યનો ભાવ એટલા કારુણ્ય સાથે રજૂ થએલો કે સાંભળનાર સૌ ચોધાર આંસુએ રડી રહેલા! કાકુપ્રયોગના લોકોત્તર ગાયક મોજ્જુદ્દીનખાં સાથે તેમની સંગત કરનાર ગ્વાલિયરના ભાયાત ભૈયા ગણપતરાવ પણ એટલા જ સિદ્ધહસ્ત ઠુમરીગાયક હતા. ગિરજાશંકર ચક્રવર્તી, બડી મોતીબાઈ આદિ વિખ્યાત ગાયકો મોજ્જુદ્દીનખાંના શિષ્યવૃંદમાં હતા. એ બંનેના કંઠમાં મોજ્જુદ્દીનખાંની વિસ્તાર શક્તિ અને ભાવભંગિનાં ઘણાં તત્ત્વો આબાદ ઊતરેલાં.

એક વાર ઈન્દોર નરેશના દરબારમાં મોટી મહેફિલ ભરાએલી ઠાકુર સાહેબ ત્યાં હાજર હતા. ઉ૦ ફૈયાઝખાંએ ખૂબ જમાવી. ઈન્દોર નરેશ આફ્રીન થઈ ગળાનો પોતાના કંઠનો બહુમૂલ્ય હાર તેમને પહેરાવી રહ્યા. ને ત્યાર બાદ એક કાળી, ઠીંગણી, દુબળી ઢેલાબાઈ નામની ગાયિકાએ ભૈરવીમાં ગાવું શરૂ કર્યું. બધા વિચારમાં પડી ગયા કે ફૈયાઝખાં પછી ગાનાર આ તે કોણ અને કેવીક ગાનારી છે! પણ એણે જ હલક અને કશીશથી ગાયું એથી તો ફૈયાઝખાં પણ દિંગ થઈ ગએલા!

ઠાકુરસાહેબ ખયાલ ગાયકીને તેની રસાત્મકતા અને અલંકાર-વૈવિધ્યને કારણે ધ્રુવપદથી વિશેષ આવકારે છે. ખયાલને હિન્દુસ્તાની સંગીતનો મુકુટમણિ માનવા છતાં તેઓએ ધ્રુવપદની ગંભીર, પુરાણી અને આજે તો વિરલ બનતી જતી, વિલુપ્ત થતી ગાયકીને પણ ખૂબ સાંભળી છે. વીસમી સદીના પ્રથમ ચરણના ડાગર બાનીના બે ખ્યાતનામ ગવૈયાઓ—ઉદયપુર રાજ્યના ઉસ્તાદ ઝાકરુદ્દીનખાં અને તેમના વિખ્યાત બંધુ અલ્લાબંદેખાં તેમ જ અલ્લાબંદેખાંના પુત્ર નસીરુદ્દીન ડાગરને—તેમણે ખૂબ સાંભળ્યા છે. ઝાકરુદ્દીનખાંના (આજે ઓછા સંભળાતા) 'લંકાદહન-સારંગ'ના આલાપ અને નોમતોમને તેઓ ખૂબ સંભારે છે. (પં. ભાતખંડે ઝાકરુદ્દીનખાંની શૈલી ને કંઠથી ખૂબ પ્રભાવિત થએલા તેવી વાત તેમણે પોતે નોંધી છે.)

અમારી વાતચીતો દરમિયાન સંગીત મહેફિલોના કેટલાક યાદગાર પ્રસંગોને પણ ઠાકુરસાહેબે સંભાર્યા હતા. ઘણાં વર્ષો પહેલાંની વાત છે. કલકત્તામાં દામોદર ખન્નાને ત્યાં કલકત્તાની ખૂબ જ લોકપ્રિય ઠુમરી-ગાયિકા ગૌહરજાન અને બનારસની પ્રસિદ્ધ ગાયિકા હુસ્નાબાઈ એકઠાં થઈ ગએલાં. ત્યાં બન્ને વચ્ચે કોણ વધારે સારું ગાય છે તેની સ્પર્ધા થઈ ગઈ. સમી સાંજ પછી શરૂ થએલું ગાવાનું સવારોસવાર ચાલતું રહ્યું! ઠુમરી, ટપ્પા, દાદરાની, એક પૂરું કરે તે ઉપર બીજી દ્વારા હારમાળા અવિરત ચાલતી જ રહી. બન્નેએ મન મૂકીને, પોતાની તમામ કશીશ અને કસબની મૂડી હોડ પર લગાવીને ગાયું. એવી ઘણી ક્ષણો આવી કે જ્યારે આ બે મહાન કલાધરિત્રીઓમાં કોણ ચડે તે કહેવું મુશ્કેલ બની ગયું.

બીજો એક પ્રસંગ હતો પંડિત વિષ્ણુ દિગમ્બરના પટણાના મુકામ સમયનો. પંડિતજી તો ઘણા પ્રખ્યાત, રાજદરબાર અને જનસમાજમાં પ્રતિષ્ઠિત ગાયક હતા. મોટા મોટા ગવૈયાઓનાં માન મુકાવનાર પટણાની પ્રસિદ્ધ ગાયિકા ઝોહરાબાઈ આથી પંડિતજીને મળવા આવી. પંડિતજીએ આવવાનું પ્રયોજન પૂછ્યું, 'હજુર, મૈં તો આપ કો કુછ સુનાને આઈ હું.' પંડિતજીને ગણિકાઓનું સંગીત ન સાંભળવાનું વ્રત હતું એટલે તેમણે વિનયપૂર્વક લાચારી બતાવી. પણ ઝોહરાબાઈ આથી નાસિપાસ ન થતાં ત્યાંથી ઊઠી નહિ ને ધીરે ધીરે 'પૂરિયા' રાગના સ્વરો ગણગણતાં તેનો આલાપ શરૂ કરી દીધો—ને રાગની શકલને નખશીખ રજૂ કરવામાં પાવરધી આ બાઈએ કોઈ પણ સાજની સહાય વિના, પંડિતજી કશું બોલી શકે તે પહેલાં જ, રાગને પૂરેપૂરો જમાવી દીધો! અને પં. વિષ્ણુ દિગમ્બર તથા ઠાકુરસાહેબ અવાક્ બની સાંભળી રહ્યા! 'ક્યા કહું!

એસા પુરિયા હમારે સુનને મેં નહિ આયા હૈ.' ઝોહરાબાઈની ઉત્કૃષ્ટ ભાવના તેમાં સાકાર બની ગઈ હતી. એ મહાન ગાયિકાની સિદ્ધિ અને હૃદયના ઉદ્રેક સામે પંડિતજી અને ઠાકુરસાહેબ નમી રહ્યા.

એક ત્રીજો પ્રસંગ હતો એક ખાનગી જલસામાં ગયાવાળા સોહની મહારાજના ગાયનનો. અવાજ હલકો, પાતળો, પણ અતિ શ્રવણમધુર અને રાગના રૂપના વળાંકો કોઈ કુશળ ચિત્રકારની તસવીરકારી શા! અને ઠુમરીમાં એમની સરખામણી કેવળ મોજુદ્દીનખાં સાથે જ થઈ શકે. સૂરોના સ્વામી અને ઊર્મિલ ગાનના આ મહારથી જુવાનીમાં જ વિદાય થઈ ગએલા; પણ ગયામાં તે દિવસની તેમની દર્દભરી ઠુમરી બેઠેલાં સૌની આંખોમાંથી આંસુ વહાવી ગઈ.

ચોથો એક પ્રસંગ છે સિતારના બાદશાહ ઈનાયતખાંનો. આજના વિખ્યાત સિતારકાર ઉ. વિલાયતખાંના પિતા અને ઉ. ઈમદાદખાંના પુત્ર ઈનાયતખાં જેવો સિતારનો બજવૈયો થયો નથી તેમ કહેવાય છે. રાગોના આકાર બહુ જ અલ્પ સમયમાં પૂર્ણ સ્વરૂપે ને અતિ સ્પષ્ટ રૂપે રજૂ કરી શકવાની લાઘવી કળા તેમણે સિદ્ધ કરેલી. મિત્રો દ્વારા ગોઠવાએલી એક નાનકડી મહેફિલમાં ઈનાયતખાંએ કલાક સુધી 'યમન' બજાવી લીધા બાદ કહ્યું કે 'હવે તમે ફરમાઈશ કરો તે રાગના મુખડા એક પછી એક વગાડી બતાવીશ.' એક કહે 'શ્રી' ને તે પૂરો થાય ત્યાં બીજો કહે 'લલિત' તે પૂરો થાય ત્યાં ત્રીજો કહેશે 'જયજયવંતી!' 'માનોંગે? એક પલકા ભી અંતર દિયા બિના, ઓર બિના અટકખટક ઈનાયતખાંને જો બોલા વહ રાગ કી શકલ જરા ભી વિકૃતિ બિના દિખા દિયા. યહ બાત બડે બડે ગવૈયો કે લિયે ભી મુશ્કિલ હૈ.' રાગોનો સ્વભાવ એવો છે કે તે વાતાવરણમાં ને ગાયક-વાદકના મનઃપટ પર છવાઈ જાય છે. એક રાગમાંથી બીજા રાગમાં એકદમ જવું મુશ્કેલ હોય છે. ઈનાયતખાંને રિયાઝના જોરે અને આંતરિક સમજણથી આ અપૂર્વ સિદ્ધિ વરેલી.

એક છેલ્લો પ્રસંગ છે બનારસમાં સવારની બેઠકમાં ઉ. ફૈયાઝખાંના રામકલીના વિસ્તારનો. આફતાબ-ઈ-મૌશિકી તે દિવસે અસાધારણ ખીલેલા. એમનો રામકલી તો આમે ય મશહૂર હતો; પણ તે પળે તેમણે રોમાંચ ખડા કરતું જે કારુણ્ય વહાવ્યું, તેમાં અગાઉ તેમણે ગાએલું બધું જ પાછળ પડી ગએલું લાગ્યું.

ઠાકુરસાહેબ જેટલા નિરભિમાની અને નિરાડંબરી છે એટલા જ નિર્ભીક સ્પષ્ટવક્તા પણ છે. પરમ વિદ્વાન પણ ચંડ સ્વભાવી, ગર્વશીલ અને સ્વાભિપ્રાય-આગ્રહી પં. ઓમકારનાથ ઠાકુર સાથે આ કારણસર તેમને મતભેદ રહેતો. પંડિતજીની ગાયકીમાં પાછળથી આવેલી વધુપડતી નાટકીયતા, કૃત્રિમ જણાતી ભાવોદ્રેકતા, ગાવામાં ટુકડા ટુકડા પાડી નાખવાની પદ્ધતિ અને સ્વર છાંડી જતી બદસૂરત તિહાઈઓનો બોજ (જે આજે તેમનાં કેટલાંક શિષ્યોની ગાયકીમાં, પ્રધાન આભૂષણ રૂપે બિરાજે છે તેને) ઠાકુરસાહેબ બરદાસ્ત કરી શકતા નહિ. અને તેમ છતાં, ગુણગ્રાહી ઠાકુરસાહેબ પંડિતજીના કેવળ ટીકાકાર જ હતા તેમ રખે કોઈ માને. પંડિતજી સાથે ઓછો બનાવ હોવા છતાં એમના તરફ તેમને રજમાત્ર દ્વેષભાવ નહોતો. પંડિતજીના પ્રભાવશાળી સ્વરભરતની અને તેમના સ્નિગ્ધ-મધુર, પતલા પણ વજનદાર કંઠ અને તેમના અભિનવ કાકુ-પ્રયોગની તેઓ ખૂબ પ્રશંસા કરે છે. પંડિતજીને આ બાબત માટે તેમણે ખોબેખોબા ભરીને અંજલિ આપી છે. પં. ઓમકારનાથ ઠાકુર યુરોપયાત્રા કરી આવ્યા બાદ ગાયનમાં ક્યાંક ક્યાંક પાશ્ચાત્ય ઢંગે સ્વરનો લગાવ કરતા હોવાનો અપવાદ તેમના ટીકાકારો તેમના માથે મૂકતા. (એક વાર એમના અન્યથા અપ્રતિમ માલકૌસને સાંભળતાં તેમાં અવરોહી ઉતારના ત્રણ ત્રણ સ્વરોના ટુકડાઓમાં છેલ્લો સ્વર પશ્ચિમી ઢબે લંબાતો હોવાનું મેં પણ અનુભવ્યાનું આછું સ્મરણ છે.) ભારતીય સંગીતમાં પાશ્ચાત્ય સંગીતનો રંગ લાલવાની ચેષ્ટાને ઠાકુરસાહેબ માર્મિક રીતે 'તુલસીપત્રને સોડાવૉટરમાં ઝબોળવા' સાથે સરખાવે છે।

સંગીતની વર્તમાન પરિસ્થિતિથી, મહાન કલાકારોના અત્યારે પ્રવર્તતા પ્રાયઃ અભાવથી, ને યુનિવર્સિટી આદિ સંસ્થાઓ દ્વારા સંચાલિત સંગીત વિદ્યાલયોના વંધ્યત્વથી તે ઘણા ખિન્ન રહે છે. આવી ઘણી સંસ્થાઓમાં શિક્ષકપદે બેઠેલા અનાથાશ્રમી ગુરુઓ, સ્વરસાધનની શૂન્યતા, મોટી સંખ્યામાં રાગો શીખવા-શીખવવાની કાગારોળ, ગાયકીનું ઘોર અજ્ઞાન, ને પરિણામે પુરાણી રંગભૂમિમાં છોકરાઓ છોકરીઓનો પાઠ લઈ જે પ્રકારની પ્રાર્થનાઓ શાસ્ત્રીય રાગોમાં ગાતા, તે કક્ષા ને પ્રકારનાં થતાં નૂતન સંગીતાર્થીઓનાં ગાયન સાંભળી ઠાકુરસાહેબ ઘણો રંજ અનુભવે છે.

આજે અપ્રચલિત રાગો પાછળની આટલી દોડાદોડના મૂળમાં ગહરાઈનો અભાવ સંખ્યાબળથી પૂરવાનો ઉદ્યમ હોય તેમ જણાઈ આવે છે. ગાયક વિશેષ અને વિરલ રાગો જાણતો હોવાની બહાદુરી બતાવવાનું આ ઘોડદોડ એક સાધન બની ગયું છે. આ સંબંધમાં ઠાકુર સાહેબ એક મજાનો દાખલો આપેલો. ઘણાં વર્ષો પહેલાં તેમણે ઈંદોરના ખ્યાતનામ બીનકાર મુરાદખાં પાસે બીન પર ભૈરવી સાંભળેલી. (ઉ. મુરાદખાં કિરાનાના ભારતખ્યાત બીનકાર ઉ. બંદેઅલીખાંનાં શાગિર્દ હતા.) એ ભૈરવીનું તલસ્પર્શી ઊંડાણ અને એના રૂપની સચ્ચાઈ, મીંડની દીર્ઘતા ને વજન તથા મનોધર્મનું વૈપુલ્ય એટલાં તો અદ્‌ભુત હતાં કે આવી ભૈરવી કોઈ વાદ્ય પર સાંભળવા મળે નહિ, મળી નથી. રાગના વ્યક્તિત્વની આટલી સ્પષ્ટ અભિવ્યક્તિ ને મહત્ દર્શાવી શકવાની તાકત ક્યાંથી મળી તે વિષે પૂછતાં જવાબ મળ્યો કે ગુરુએ પચ્ચીસ-ત્રીસ રાગ શીખવેલા, તેમાંથી માત્ર ભૈરવી પર જ વિશેષ ને સતત રિયાઝ કર્યે રાખવાનું એ સુફળ છે.

મને આ સંદર્ભમાં મારા સંગીતશિક્ષાગુરુ શ્રી નારાયણ ચક્રવર્તીએ કહેલી બનારસની કેટલીક દંતકથા જેવી બની ગએલી પણ અપ્રકાશિત વાતોમાંની એક યાદ આવે છે. બનારસ મુખ્યત્વે ઠુમરી ગાયક-ગાયિકાઓનો અડ્ડો મનાય છે. ખયાલિયા પ્રમાણમાં ઓછા થયા છે. ખયાલ ગાયકીમાં બનારસ ઘરાનો છે કે નહિ તે વિષે પણ પૂરી સ્પષ્ટતા નથી. આથી બહારથી આવી બનારસમાં ખયાલ ગાઈ સિક્કો બેસાડી જનાર મોટા ગણાતા પણ ઉદ્દંડ મુસ્લિમ ગવૈયાઓમાંથી કેટલાક બનારસની ખયાલક્ષેત્રે વિડંબના કરતા; તુચ્છકાર બતાવતા. આવા ગવૈયાઓની ઉદ્ધતાઇને ફૂણી પાડવાની એક તરકીબ બનારસીઓએ શોધી કાઢેલી. કાશીમાં તે દહાડે કથકિયાઓમાં એક ગવૈયો એવો હતો કે જેણે જિંદગીભર એક જ રાગ ગાએલો: માલકૌસ! એ રાગ એવો સધાએલો કે પછી એની સામે બીજા કોઈનું ગાવું ઊભું ન રહે. આ ગવૈયાના માલકૌસ પરના બેજોડ અધિકારથી એનું મૂળ નામ ભુલાઈ 'માલકૌસિયો' નામ પડી ગએલું. બહારનો આવેલ ગવૈયો ગાયન પૂરું કરી આજુબાજુ ગર્વભેર 'મારા સમાન કોઈ છે નહિ'ના ભાવ સાથે સાજ સંકેલી હેઠો ઊતરે કે તરત જ તેની પાછળ આ 'માલકૌસિયા'ને છોડી મૂકવામાં આવતો! એનો ષડ્જ લાગ ત્યાં જ હવા ફરી જાય, અને પછી તો જ્યાં સૂર લગાવે ત્યાં સોનાનું ઢીમ ઢળે! ને માલકૌસ તો વળી રાગોનો રાજા! એના ઉપર ભૈરવી સિવાય કોઈ રાગ નહિ. આગલા ગાનારનું બધું જ ગાવું આથી ધોવાઈ જાય! ટૂંકામાં કહેવાનું એ કે અનેક રાગો શીખવાની પાછળ તૃષ્ણાતુર દોટ મૂકવાને બદલે થોડા ચુનંદા રસપૂર્ણ રાગો પર ધ્યાન દેવાથી તે એવા તૈયાર થઈ જાય કે જેનો મુકાબલો ન થઈ શકે.

ઠાકુરસાહેબ અપ્રચલિત રાગો, વિપરીત રસવાળા મિશ્ર રાગો, કર્ણાટક સંપ્રદાયમાંથી આયાત કરેલા રાગો તેમ જ કલાકારના સ્વસર્જિત રાગ મહેફિલોમાં ગાવાના મતના નથી. અપ્રચલિત રાગ અપ્રચલિત થઈ જવાનાં કારણોમાં એક મોટું કારણ તેની મૂલગત નીરસતા પણ હોઈ શકે. લોકોએ જે રાગો સાંભળ્યા ન હોય તે તેમની સામે ગાવાથી તેમના અંતરમાં પ્રતિધ્વનિ ઊઠતો નથી; ગાતૃ-શ્રોતૃ વચ્ચે સંબંધ સ્થપાતો નથી. '[illegible]' અને 'ટંકશ્રી' જેવા રાગો બેઠકોમાં ગાવાનો કશો અર્થ નથી,

મિશ્રિત રાગો વિષે જોવા જઈએ તો તેમાં પરસ્પર વિરોધી રસવાળા રાગો એકઠા કરી દેવાથી યા તો સમાનધર્મી પણ ન ભળી શકે તેવા રાગો જોડવાથી ઊભી થતી ખચ્ચરસૃષ્ટિમાં વૈચિત્ર્ય હશે, આહ્લાદનું તત્ત્વ, રક્તિની ઉપસ્થિતિ કમ હોય છે. 'કોસી-કાનડા', 'જોગ-કોસ' જેવા આજે બહુ ગવાતા રાગો આનાં દૃષ્ટાંત રૂપે રજૂ કરી શકાય. 'કાનડા' અને 'માલકોસ' બંને પોતપોતાની રીતના ગંભીર અને ભવ્ય રાગો છે; પણ બંનેની પ્રકૃતિ અન્યથા ભિન્ન છે, બંનેના સમાન સ્વરોની સારવાર પણ અલગ છે. દરબારીનો અતિ કોમલ ગાંધાર માલકોસ માટે વિસંવાદી છે. સોમનાથના મૂલપ્રાસાદનો ગૂઢમંડપ હટાવી તેને સ્થાને કોણાર્કના સૂર્યમંદિરનો મંડપ જોડી દઈએ તો એ બે ભવ્યતાનો વિવાહ કેવો વિચિત્ર ને વિસંવાદી લાગે તેવું આ કોસીકાનડાની બાબતમાં છે! એ જ રીતે 'માલકોસ'ની સાથે 'જોગ' મેળવવાથી થતો 'જોગકોસ' રાગ પોતાનાં માતા-પિતાના શાસ્ત્રીય દિદાર છોડી સૌરાષ્ટ્રને કિનારે આવેલા રબારીઓના લોકઢાળનું, દેશીનું રૂપ ધારણ કરે છે! ઉત્તર–મધ્યકાલીનોએ કરેલાં મિશ્રણો તો મહદંશે વિચારશીલ હતાં. ઉદાહરણાર્થે ભીમપલાસી, (ભીમ+પલાસી), નટબિહાગ, (છાયાનટ + બિહાગ), નટકામોદ (છાયાનટ + કામોદ), વસન્ત–કેદાર ઈત્યાદિ ગણાવી શકાય. પ્રાચીન સંગીતશાસ્ત્રોમાં મિશ્ર રાગોના ઉલ્લેખ મળતા નથી. આ પ્રથા મુઘલ સમયથી શરૂ થઈ હોવાનું ઠાકુરસાહેબે શોધ્યું છે. શાહીમહલમાં મહિના મહિના દિવસ ચાલતા વસંતોત્સવોમાં રોજ ને રોજ 'વસંત' અને 'બહાર' ગાવાથી કંટાળો આવે; આથી 'વસંત–બહાર', 'ભૈરવ–બહાર' આદિનાં સર્જન થયાં અને એ સિદ્ધાંત બીજા રાગોને પાછળથી લગાવવામાં આવ્યો. પણ આજે તો આંધળુકિયાં કરી, રસ અને કલા, ભાવ અને રૂપનાં ઔચિત્યને વેગળાં રાખી, સાધારણ ગાયકો પણ મોટા આડંબરથી આવા રાગો ગાઈ શ્રોતાજનોને નિદ્રાધીન કરી દેતા યા સભામંડપનો ત્યાગ કરી જવાની વૃત્તિ ઉત્તેજતા ઘણે સ્થળે દેખાશે!

હિંદુસ્તાની સંગીતમાં કર્ણાટક સંપ્રદાયના રાગોની મોટા પાયા પરની છેલ્લા બે દાયકામાં થએલી આયાતને ઠાકુરસાહેબ અનિચ્છનીય ગણે છે. પહેલી વાત એ છે કે કર્ણાટક સંગીતના રાગોને પોતાના ખાસ સંચાર છે, જે વિલંબિત ખયાલમાં સહેલાઈથી આવી શકે નહિ. બીજું જોવા જઈએ તો દક્ષિણના ઉત્તમોત્તમ રાગો લેવાને બદલે 'આભોગી', 'કલાવતી' (વેલાચી), 'ચારુકેશી', 'કિરવાણી', 'સિંહેન્દ્રમધ્યમમ્', 'મલયમરુતમ્', 'વસંતમુખારી' જેવા પ્રેતયોનિના રાગોની પસંદગી થઈ છે. આ પહેલ સિતારીઓએ કરી. અને હવે એ રાગો ચેપી દર્દની જેમ કંઠ્ય સંગીતમાં પણ ફેલાઈ રહ્યા છે; અને કેટલાક તો હવે પાકિસ્તાન સુધી પહોંચી ગયા છે. દાક્ષિણાત્ય સંપ્રદાયમાં વિવાદી-વિસંવાદી, અને અસ્વાભાવિક તેમ જ તામસિક અને એથી મહા કંટાળાજનક રાગો વિપુલ સંખ્યામાં છે. આ રાગો રક્તિમાર્ગાનુસારી ન હોઈ, રુચિને બગાડવામાં ખૂબ સફળ રહે છે. પિશાચરાટ્ 'આભોગી' ને ડાકિનીસ્વરૂપા 'કલાવતી'ના પૂજકોને આ બાબતમાં કંઈ કહેવામાં આવે છે તો ફટ જવાબ આપે છે કે 'Your mind is conditioned by orthodox tastes! ઠાકુરસાહેબ, અમીય ભટ્ટાચાર્ય, બચુભાઈ રાજા અને મારા જેવા કેટલાય સંગીતરસિકો પુરાણમતવાદી, જૂનવાણી અભિરુચિવાળા માણસો છે ને આધુનિકતાને સમજવામાં નિષ્ફળ ગએલી વ્યક્તિઓ છે કે કેમ તેનો તાટસ્થ્યપૂર્વક નિર્ણય કરવા મેં અહીં બનારસમાં ભારતીય સંગીતનું અધ્યયન કરતા પાશ્ચાત્ય વિદ્યાર્થીઓ, અને જેમણે ભારતીય સંગીત સાંભળ્યું છે તેવા વિદેશી મિત્રોને તેમને ક્યા રાગો ગમે છે તે વિષે પૃચ્છા કરી જોતાં 'યમન' અને 'માલકોસ'ને તેમના તરફથી પહેલો નંબર અપાયો! શિકાગો અને હાર્વર્ડમાં અભ્યાસ કરતી બે અમેરિકન છોકરીઓને મેં પૂછ્યું કે તમે જોન હૅગિન્સનું કર્ણાટક કંઠ્ય સાંભળ્યું છે. તેમાં તમને વધારે શું ગમ્યું? જવાબ મળ્યો કે 'કૃષ્ણાની બેગને બારો' (આ વિખ્યાત પદ પુરંદરદાસના ગુરુ વ્યાસજીનું રચેલું છે અને તે 'યમુના કલ્યાણી' એટલે કે 'યમન કલ્યાણ'માં નિબદ્ધ છે!) થોડાં વર્ષ પહેલાં મૉસ્કો ગએલા એક ભારતીય સાંસ્કૃતિક શિષ્ટમંડળનાં હિન્દુસ્તાની ગાયક-વાદકોએ કર્ણાટકી રાગો ગાઈ-બજાવી રશિયનોને કેવા bore કરેલા તેનું વર્ણન કરતાં એ શિષ્ટમંડળના એક અન્ય સભ્ય, દાક્ષિણાત્ય કંઠ્ય સંગીતકાર શ્રીમતી ગૌરી કુપ્પુસ્વામીએ મને જણાવ્યું કે રશિયનોની સાથે અમે પણ નિરાશ થઈ ગયાં. અમે તો તમારા 'શુદ્ધ કલ્યાણ', 'જયજયવન્તી', 'કેદાર', 'યમન' જેવા બહુ સુંદર અને રક્તિપૂર્ણ રાગો સાંભળવાની આશા રાખી રહ્યાં હતાં!

અપૂર્વ રાગો ગાવાની વૃત્તિ, નવા રાગોનાં સર્જન કરવાની પ્રવૃત્તિ-આજે યુનિવર્સિટીના કેટલાક સંગીત-શિક્ષકોમાં અને ડિગ્રી લઈને સંગીત શીખવવા બેસી ગએલા વિદ્યાર્થી–ગુરુઓમાં વિશેષ જોવા મળે છે. રક્તિધર્મનો વિચાર કરી પ્રાચીનોએ તો ગાણિતિક રીતે બની શકતા હજારો રાગોને બદલે વાદીત્વ-વિવાદીત્વનો મુદ્દો ધ્યાનમાં રાખી, તેમ જ રંજકતાનો માપદંડ રાખી બસોએક રાગો જ સ્વીકાર્યા છે. આમાં પણ પચાસેક રાગો જ વિશેષ રસપૂર્ણ અને ગાયનક્ષમ છે. અને તેમાં પણ માત્ર પંદરેક રાગ જ એવા છે કે જે સર્વોપરિ અને ત્રિકાલસુંદર છે. કોઈ પણ નવા રાગનું સર્જન થયા પછી તેની પૂર્ણ અનુભૂતિ સદીઓ બાદ, સેંકડો ગાયકોના કંઠમાંથી પસાર થઈ તેનું વિસ્તૃત આલોકન–સર્વેક્ષણ–ખેડાણ થઈ ગયા બાદ જ થાય છે. તેનું અસલી રૂપ બહાર આવતાં ઘણો સમય વીતતો હોઈ, અને ઘણા ગાયકોની શક્તિ અને બુદ્ધિ માગી લેતું હોઈ, કોઈ પણ નવીન નવસર્જિત રાગ હજી પ્રારંભિક અને એથી અસિદ્ધ દશામાં ગણાય. લોકો સામે તેને રજૂ કરીને નાવીન્યના નામે રુચિને બળજબરીથી ફેરવવી તે પ્રવૃત્તિ ભાગ્યે જ ક્ષમ્ય ગણાય.

ઠાકુરસાહેબે આ સંદર્ભમાં એક દાખલો ટાંકેલો જે આ પળે યાદ આવે છે. તેઓ 'આકાશવાણી'માં હતા ત્યારે એક વર્ષ રાષ્ટ્રીય કાર્યક્રમમાં ઉ૦ અલીઅકબરખાંનું સરોદવાદન મુકરર થયું હતું. અલીઅકબરે નવસર્જિત રાગ 'ચંદ્રનંદન' વગાડવાનું નક્કી કર્યું. ઠાકુરસાહેબે કહ્યું કે જુઓ અલીઅકબર, તમે આંતરરાષ્ટ્રીય ખ્યાતિને વરેલા કલાકાર છો. તમારી મરજીમાં આવે તે રાગ વગાડી શકો છો. હિંદુસ્તાની સંગીતના પુરાણા ઉત્તમ રાગોની આજે શી કિંમત છે? 'ચંદ્રનંદન' ખુશીથી બજાઓ; પણ આકાશવાણીમાં તમારો આ છેલ્લો કાર્યક્રમ હશે! ઠાકુરસાહેબના કથનનો મર્મ અને તેમના દિલની વેદના અલીઅકબર અંતે સમજ્યા. તેમણે કાર્યક્રમ શરૂ થાય તેનાથી કલાક અગાઉ કહેવડાવ્યું કે 'હમ "ચંદ્રનંદન" નહિ બજાયેંગે. આપ કી જો મરજી હોગી, બજાયેંગે'.

આ વરદાના એક્યાશીમા વર્ષમાં પ્રવેશેલા ઠાકુરસાહેબ મિતાહાર તેમ જ નિયમિત અને સંયમી જીવનને કારણે પૂર્ણ તંદુરસ્તી ભોગવી રહ્યા છે. કંઈક બેઠી દડીના હોવા છતાં એકવડી કાઠીને કારણે અને ગૌરવર્ણ-પ્રભાપૂર્ણ ચહેરાને કારણે તેઓ આકર્ષક કહી શકાય તેવું વ્યક્તિત્વ ધરાવે છે. સાત્ત્વિક અને સાધુચિત્ત ઠાકુરસાહેબના મુખ પર હમેશાં મધુરતા અને સ્મિત વિલસી રહેતાં જોવા મળશે. ત્યાં ક્યારેક બુઢાપાની ખામોશી વરતાય, પણ ગમગીનીની છાયાનો ઓસાર દેખાતો નથી. ફિલસૂફી, સંસ્કૃત ભાષાનું બહોળું જ્ઞાન અને સંગીત શાસ્ત્રજ્ઞતાની દત્તાત્રેયશી ત્રિમુખી પ્રતિભા ધરાવનાર ઠાકુરસાહેબનો અંગ્રેજી અને હિંદી ભાષા પરનો સમાન ને ઊંચો અધિકાર છે. એમના વક્તવ્યમાં સચ્ચાઈની પારદર્શિતા, પ્રસાદ અને બેગજબની ભાવુકતા છે. તેમને સાંભળનાર ફરી ફરીને તેમને સાંભળવાનું મન કરે છે.

કિશોરાવસ્થામાં કાશીમાં ગાળેલાં અભ્યાસનાં વર્ષો ને એ નગરીની-વિશિષ્ટતાઓ યાદ કરી તેઓએ કાશીવાસ કર્યો છે, અને આજે તો કાશીની વિભૂતિ બની ગયા છે. ભારતનું સાંસ્કૃતિક ક્ષેત્ર અને સંગીતજગત તેમના થકી ઊજળું છે. ઠાકુર જયદેવસિંહ શતાયુ બને અને તેમનાં અનુભવ-ચિંતનનો લાભ વધુ ને વધુ મળતો રહે તેમ આજે તેમના સંપર્કમાં આવેલા અને તેમના કવનથી પરિચિત સૌ કોઈ ઇચ્છશે. □

હેત, ભાવનાને ઉમંગે સિંચાએલો વડલો

રાજેન્દ્રસિંહ રાયજાદા



મંગળપુર ફાટકે બસ ઊભી રહી ત્યારે સાંજના લગભગ છ વાગી ગયા. ચોમાસાના દિવસો હોઈને બસ ફાટક પાસે રસ્તા ઉપર ઊભી રહે. અહીંથી ગામ ત્રણ માઈલ દૂર થાય.

નીચે ઊતરીને મેં ચારે બાજુ નજર નાખી. પંદર વર્ષ પહેલાંની ઓળખ ધરતી ને ઝાડનાં પાંદડેપાંદડે ફૂટી નીકળી. ગામ સુધી લંબાતો એ જ ગાડામારગ. હજી હતો. એની બાજુ પરનાં વૃક્ષો જાણે મને લીલી નજરે તાકી રહ્યાં. અતીતમાં પડેલાં પગલાં પર મારું મન ફરી ચાલવા લાગ્યું:

ગામ નાનું અને રળિયામણું. એ વખતે નવી માધ્યમિક શાળા શરૂ થઈ હતી. મારી શિક્ષક તરીકેની શરૂઆત આ મંગલપુરથી જ થએલી. આ ગામમાં મેં ત્રણ વરસ નોકરી કરી હતી. આ વખતના છોકરા-છોકરી-ઓમાંથી કેટલાય ચહેરા હજી યાદ આવે છે. ટીખળી ગોવિંદ, ગંભીર મોહન, હસમુખો પ્રભુદાસ, શરમાળ યશોદા, રમતિયાળ ભાનુ ને મારી લાડકી બહેન બની ગએલી નિર્દોષ ગીતાને તો ક્યારે ય નહિ ભૂલું.

રક્ષાબંધનનો તહેવાર આવ્યો ત્યારે સૌ પ્રથમ ગીતા મારી પાસે આવી હતી અને કહેલું: 'મારે તમને રાખડી બાંધવી છે.' મેં ત્યારે અ-મસ્તું જ પૂછેલું; 'ઘેર તારા ભાઈને રાખડી બાંધી કે નહિ?'

'મારે ભાઈ નથી. આજથી તમે જ મારા મોટા ભાઈ'–ગીતાના જ-વાબમાં એક નિર્દોષ લાગણીભીનો શૂન્યાવકાશ મેં અનુભવ્યો. મેં ગંભી-રતા હળવી કરવા કહ્યું: 'ઓ હો! લે, આજથી હું જ તારો ભાઈ, બસ?' અને ત્યાર પછી ગીતાની સાથે મારા વર્ગની આઠે ય છોકરીઓએ પણ મને રાખડી બાંધી દીધી. બસ, તે દિવસથી ગીતા મારી લાડકી બહેન બની ગઈ. તમે તેને જુઓ તો એટલી ભોળી લાગે કે તમને ગમી જાય. બોલે ત્યારે એવું મીઠું બોલે કે તમને એ પરાણે વહાલી લાગે. ભણવા-માં પણ એવી જ હોશિયાર.

બીજે વરસે ગામલોકોએ ફાળો કરીને ગામથી થોડે દૂર, ઉત્તર દિશા-માં શાળાનું નવું મકાન બાંધ્યું. બાળકોના આનંદથી કિલ્લોલતી શાળા જોઈને હું મનોમન રાજી થતો. વિદ્યાર્થીઓએ શાળાના આંગણા ફરતી મેંદીની વાડ કરી. ફૂલછોડ વાવ્યા. પણ મને કશુંક અધૂરું લાગતું હતું. બીજું બધું તો ઠીક, પણ એક મોટું વૃક્ષ હોય તો શાળા કેવી શોભે! છોકરાંઓને એ વાત કરી કે શાળાના ચોગાનને ખૂણે આપણે એક વડલો વાવવો છે. તમે આવતી કાલે વડલાની એક ડાળ કાપતાં આવજો. છોકરાંઓને તો વાત કીધાની જ વાર. બીજે દિ' સાંજે વડલાની ડાળ લઈ આવ્યાં. ચોગાનના ખૂણામાં ખાડો ખોદાવો શરૂ થયો નવસર્જનનો હરખ છોકરાંઓનાં મોઢાં પર રેલાઈ રહ્યો હતો. છોકરા-છોકરીઓ વાતો કરતાં હતાં: 'આ વડ તો મોટો થશે એટલે ઓળકોળામણો રમવાની ભારે મજા આવશે.'

'છાંયો થઈ જાશે એટલે વડલા નીચે બેસીને ભણશું.' કોઈક હોશિ-યાર વિદ્યાર્થી બોલ્યો.

'વડલાની વડવાઈઓ થશે ત્યારે હિંચકવાની કેવી મજા આવશે હેં?' એક છોકરી તાળી પાડીને બોલી ઊઠી.

'મારી હમેશાની યાદગીરી રહેશે. હું અહીં નહીં હોઉં ત્યારે આ વડલાને જોઈને યાદ તો કરશો ને?'—મેં વાતોમાં સૂર પુરાવ્યો.

'લ્યો, અમે તો તમને કાયમ યાદ કરીશું. અને તમારી યાદમાં અમે વડલો પૂજવા ય આવીશું.' ગીતા બોલી. 'હં, જોયું ને! મારી બહેન વગર મને કોઈ યાદ નહિ કરે.' મેં ગીતાને રાજી કરવા કહ્યું.

વડલો રોપાઈ ગયો. ખામણું કર્યું. ખામણામાં પાણી રેડવાનું આવ્યું ત્યારે મેં કહ્યું: 'ગીતા, પ્રથમ તું જ આ વડલાને પાણી પા.' ને ગીતાએ પાણી રેડયું. ઘર તરફ પાછા વળતી વખતે મારામાં રહેલી બહેનના પ્રેમની ઝંખના શબ્દો બની બહાર ટપકી પડી: 'ગીતા, તું મને યાદ તો કરીશને?'

'ભાઈ! તમે મને ભૂલી જશો પણ હું તમને કોઈ દિ' નહિ ભૂલું.' જવાબ આપતી ગીતાનો સ્નેહ તેની આંખના ખૂણામાં ચળકી રહ્યો

ત્રીજે વરસે સરકારી હાઈસ્કૂલમાં મને નોકરી મળી ત્યારે મેં આ શાળા છોડવાનું નક્કી કર્યું, વિદાય વખતે છોકરા-છોકરીઓ કેટલું રડયાં! કેવી લાગણી!! મને થયું કે હું આ સ્નેહભર્યું જીવન છોડીને જાણે મૂર્ખાઈ ન કરી રહ્યો હોઉં! ગીતાને માંડમાંડ છાની રાખી. વારંવાર તે એક જ વાત રડતાંરડતાં બોલતી હતી: 'ભાઈ, તમે ભૂલી ન જાશો, હો!' ગીતાને આશ્વાસન આપવા તેના માથા પર હાથ મૂકતાં હું બોલ્યો: 'અરે બે'ન, હું તને કેમ ભૂલીશ? તું તો મને રોજ યાદ આવ્યા કરશે.' એટલું બોલતાં તો મારી આંખ પણ ભીની થઈ ગએલી.

સમયને જતાં શી વાર લાગે? પંદર વરસ વીતી ગયાં. ભૂતકાળની કેડીએ પડેલાં એ પગલાંને. હું મનોમન પ્રશ્નો પૂછી રહ્યો: 'આજે ગીતા શું કરતી હશે? ક્યાં હશે? કેવી હશે? યાદ કરતી હશે કે નહિ? આમ વિચારતાં મેં નક્કી કરી નાખ્યું કે પહેલાં હું મારા વડલે જઈશ. ગામ પાસે પહોંચ્યો ત્યારે સૂરજ આથમવાની તૈયારીમાં હતો. હું નિશાળ તરફ વળ્યો ને દૂરથી વડલો દેખાયો! પ્રેમની એક ન સમજાય તેવી લા-ગણી રોમરોમમાં ફરી વળી. શાળાના બીજા નવા ઓરડાઓ બંધાયા હતા, પણ ચોગાનમાં ફૂલછોડ ન હતાં, કે ન હતી મેંદીની વાડ. રહ્યો હતો એકમાત્ર વડલો. વડલા પાસે જઈ ઊભો રહ્યો. કેટલાંય પક્ષીઓ કલરવ કરી રહ્યાં હતાં. મૂળ તરફ જોયું. આ વડલાને ગીતાના નાના હાથોએ પાણી પાયું હતું. હું થડ પાસે બેસી ગયો.

થોડી વાર થઈ ત્યાં ગામ તરફથી એક પીઢ સ્ત્રી વડલા તરફ આવી રહી હતી. મને બેઠેલો જોઈ નીચું જોઈ ગઈ. વડલાના થડ પાસે આવી તેણે કોડિયામાં દીવો કર્યો. હું વિસ્મય પામ્યો. સ્ત્રી દીવો કરી ઊભી થઈ ત્યારે મારાથી ન રહેવાયું. મેં પૂછ્યું: 'બહેન! અહીં દીવો કેમ કર્યો?'

મને અજાણ્યો ધારી સ્ત્રી સહેજ ખમચાઈ. મેં ફરી ઉત્સુકતાથી પૂછ્યું: 'આ દીવો તમે કેમ કર્યો?'

'સાત વરસ પહેલાં મારી દીકરી ગુજરી ગઈ ત્યારે એણે કીધું'તું કે મારી મરણ-તિથિએ આ વડલે દીવો કરતા રહેજો. મારા ભાઈની ઈયાદ-ગીરી છે.' વ્યથાભર્યો જવાબ આપી સ્ત્રી ગામ તરફ ચાલી નીકળી. □

કલકત્તાનો
સંસ્કારસ્પર્શ

ગુજરાતમાં કલાનાં પગરણ



રવિશંકર રાવળનું
આત્મકથાનક
અને 'ગુજરાત કલાસંઘ'ની કથા
[૧૦]

જે સમયનું આ પ્રકરણ છે તે અરસામાં લેખક ▷

કલકત્તામાં અમે બોટેનિકલ ગાર્ડનમાં ઘણી જાતનાં પ્રાણીઓ જોયાં. તાજેતરમાં કોડાક કંપનીએ બહાર પાડેલા સરળ ફિલ્મ કૅમેરાથી તે મેં બધાંની હિલચાલો પાડી. ભાઈ ધૂમકેતુએ તેનાં ટાઇટલો (મથાળાં) બાંધી આપ્યાં તે બોર્ડ પર ચીતરી ફિલ્મમાં ઉતાર્યાં. અને આમ સર ચિનુભાઈની ઉદારતાથી હું ૨૦૦૦ ફીટ જેટલી ફિલ્મ સફળતાથી પાડી શક્યો. હજી પણ તે ફિલ્મો કોઈ ખૂણે પડી હશે. આ વનસ્પતિ-ઉદ્યાન (બોટેનિકલ ગાર્ડન)માં અમે ૧૦૦૦ માણસનું લશ્કર ગરમીની મોસમમાં આશ્રય લઈ શકે એટલો વિશાળ ત્યાંનો વડ જોયો. આ વડ વિશ્વપ્રસિદ્ધિ પામ્યો છે, પણ નર્મદાતીરનો કબીર વડ એટલો જ વિશાળ હોવા છતાં તેનું કોઈ નામ જાણતું નહોતું! એવો જ નિવાસો કરી શકાય એવડો મોટો સૌરાષ્ટ્રમાં ચોરવાડનો 'વડોવન' છે.

કલકત્તાની ચિર-સ્મરણીય યાદગીરી તો અમે પ્રો. શિશિર ભાદુરીનું 'સીતા' નાટક જોયું એ છે. પ્રબળ ઊર્મિઓ અને ભાવોદ્રેકથી ભરેલા એ નાટકમાં સીતા પર ગુજરેલો સિતમ અને રાજ્યધર્મને નામે રામનો અંતરક્લેશ દાખવતો અભિનય પ્રેક્ષકોમાં કલ્પાંત જગાવે છે. રામનો 'સીતા!' સાદ એકેએક પ્રેક્ષકના હૃદયમાં ઘા કરી જાય છે અને વશિષ્ઠાદિ બ્રાહ્મણો શાસ્ત્ર ને મર્યાદાના પાલન માટે કેટલા નિષ્ઠુર બનતા તે પ્રત્યક્ષ થાય છે. આ નાટકની પ્રેરણા આપનાર બંગાળના મુખ્ય કૉંગ્રેસી નેતા દાસબાબુ (ચિત્તરંજન દાસ) હતા. તેમની વકીલાત દરમિયાન આવેલા એક કેસમાં એક ધોબીએ તેની બૈરીને ઘરમાંથી હાંકી કાઢીને પોતાના બચાવમાં હજારો વર્ષ પહેલાંનું રામનું ઉદાહરણ આપ્યું હતું અને સ્ત્રીને કલંકિત ઠરાવી હતી! એ વાત દાસ બાબુએ શિશિર ભાદુરીને દુઃખથી કહી, અને પોતાની કલા દ્વારા પ્રજામત બદલવા કહ્યું. તે પરથી ભાદુરીના એક મિત્ર જોગેન્દ્ર સિંહ નામક શાળા-શિક્ષકે નાટક લખ્યું. તેમાં મોટે ભાગે ઉત્તરરામચરિતના ભાવો ઉતાર્યા અને પછી ભાદુરીએ નાટકમાં ઉત્તમ ભાવોદ્રેકભર્યા અભિનય તથા મૂક ચેષ્ટાઓથી કથાને ગતિમાન કરીને કરુણાનો સાગર ઉછાળતી કલાકૃતિ કેવી હોઈ શકે તેનો સાક્ષાત્કાર કરાવ્યો.

જબલપુરનો ભેડાઘાટ

કલકત્તામાં વાતાવરણ હજી થાળે પડ્યું ન હતું અને અમારી સલામતી માટે શ્રી લક્ષ્મીશંકર જોષી રોજ ચિંતા બતાવતા, એટલે અમે જલદી અમદાવાદ તરફ ઉચાળા ભર્યા. પણ વચ્ચે જબલપુર પાસે આવેલો નર્મદાનો આરસકાંઠાળો ભેડાઘાટ જોવા ઊતર્યા. જબલપુરના ગેસ્ટ હાઉસમાં મુકામ કરી ત્યાંનો જાણીતો ભેડાઘાટ, ધૂંવાધારનો ધોધ અને ચોસઠ જોગણીઓનાં માનવ-માપનાં શિલ્પો ધરાવતાં મંદિર જોયાં જેમાં ભારતીય શિલ્પકારોની અદ્ભુત ધ્યાન-શક્તિનો સાક્ષાત્કાર કર્યો.


પૂર્ણિમાની રાત હતી એટલે બે હોડીઓ કરી સર્વ મંડળીએ નર્મદાના વહેતા પ્રવાહમાં સંગેમરમર (આરસ)ની ઊંચી ઊંચી ભેખડો વચ્ચેનાં શાંત ઊંડાં જળમાં માઇલો સુધી સફર કરી અને પછી એક સ્થળે ચારે તરફ લગભગ પચાસ ફૂટ ઊંચા આરસની ભેખડો વચ્ચે રચાએલા વિશાળ જળચોકમાં તે ઊભી રાખી. ત્યાં નારાયણરાવ વ્યાસે સિતારની ગતો વગાડી છેવટ મધુર કંઠે ઈશ્વર-સ્તવન કર્યું. એ દિવ્ય સૌન્દર્ય અને મૃદુ ભાવભર્યા સંગીતે અમારાં મન-હૃદય ખૂબ જ આર્દ્ર કર્યાં અને એમ સૌન્દર્યભાવના એક ઉન્નત શિખરનું આખું સ્વરૂપ જોવા મળ્યું. જાણવા મળ્યું કે સરકાર તરફથી આ ભાગમાં બંદૂક ફોડવાની સખત મનાઈ છે—રખેને એથી કોઈ આરસ-ભેખડ તૂટી પડે તો?

ફરી અમદાવાદના ચિત્રખંડમાં

અમદાવાદ આવતાં મારા ચિત્રખંડમાં સાવ નવું જ વાતાવરણ જોયું. કનુ દેસાઈને બે કે અઢી વર્ષ માટે જ વિદ્યાપીઠે છાત્રવૃત્તિ આપેલી. તે પૂરી થતાં તે ડીપ્લોમાનો કોર્સ પૂરો કર્યા વિના જ અમદાવાદ હાજર થઈ ગયા, એટલે વિદ્યાપીઠે શ્રી માહુલીકરને મુક્ત કર્યા અને કનુભાઇએ તેમનું સ્થાન સંભાળી લીધું. તેણે તો શ્રી માહુલીકરે સરકારી ધોરણ પ્રમાણે પાઠ ઘડેલા તે હઠાવીને શાંતિનિકેતનની હવા લાવવા સ્વૈર શિક્ષણ સાથે ઉત્સવો, સુશોભનો ને ગાનતાનનો મોટો મેળો ચિત્રવર્ગમાં કર્યો. વિદ્યાપીઠના ઉત્સવો થતા ત્યારે કલાવર્ગના વિદ્યાર્થીઓ તેમાં શોભન-શણગાર કરતા, રંગોળીઓ આલેખતા, બેઠકોની રચના કરતા, અને એમ ચારે પાસ કળાની હવા જામતી ચાલી. વળી ગાંધીજીના આશ્રમમાં અને



ધુંવાધાર ધોધ...



...અને ભેડાઘાટની આરસની ભેખડો વચ્ચેથી વહેતી નર્મદા

વિદ્યાપીઠમાં ભારતના દરેક પ્રાંતના શ્રેષ્ઠ પુરુષો આવે, તેમનાં ત્વરા-ચિત્રો (સ્કેચો) કરવા કનુભાઈ ચૂકતા નહિ. વિદ્યાપીઠમાં તેને માત્ર અઢી કલાક ભરવાના હતા તેથી ઈતર પ્રવૃત્તિઓ માટે સારો સમય મળતો.

તેણે હવે મારા ચિત્રગૃહનો મારો ભાર સંભાળી લીધો હતો. વિદ્યાપીઠ અને તેની પ્રવૃત્તિમાંથી બચતો બધો વખત તે ચિત્રગૃહમાં રહેતા ને ત્યાં જ પોતાનાં ચિત્રો કરતા શાંતિનિકેતનનાં ગીતો લલકારતા. એક નાનું દિલરૂબા સાથે આણ્યું હતું તે બજાવતા તેથી વાતાવરણ ગુંજતું રહેતું. વળી તેમનાં સ્વભાવગત રમૂજી ટીખળોથી ને માણસો વિષે વિચિત્ર ઉપનામોથી કાર્યાલયના સર્વ કાર્યકરોમાં પણ તે પ્રિય બની ગયા હતા.

તેમનાં ચિત્રોની બધી જ પ્રક્રિયાઓ અન્ય વિદ્યાર્થીઓ જોતા. તેમણે જ યુરોપી રીતે ચિત્રને પાટિયા પર પિનથી ચોડવાને બદલે શાંતિનિકેતનની ઢબે આખું પલાળી બીજા કાગળ પર ચડાવી દેવાની રીત સૌને શીખવી. વળી એક વાર વિદ્યાપીઠની ટુકડી જોડે સૌરાષ્ટ્રની સફરે ઊપડેલી, ત્યાંના એક અઠવાડિયામાં ૧૦૦ જેટલાં કોરાં પોસ્ટકાર્ડ પર ભાતભાતના ચિત્રાલેખો કરી લાવેલા. તે પરથી તેમની વિચિત્ર ઝડપી નિરીક્ષણશક્તિ અને વિચાર-વિપુલતાનો ખયાલ આવ્યો. એ કાર્ડમાંનાં ઘણાં ચિત્રો 'કુમાર'નાં પૂઠાં પર છપાયાં છે. તે પછી બીજા વિદ્યાર્થીઓ પણ સ્કેચ-બુકોને બદલે કોરાં પોસ્ટકાર્ડો પાસે રાખતા, પણ ચિત્રવસ્તુ શોધવાનું મગજ તો એકલા કનુભાઈને જ મળેલું.

જ્યાં સુધી રસિકલાલ તેમના ભાઈ નગીનદાસ સાથે આશ્રમમાં રહેતા ત્યાં સુધી તે રોજ સાઈકલ પર કુમાર કાર્યાલયમાં આવતા. તેઓએ પોસ્ટકાર્ડ કરવાની રીત અપનાવીને એક વખત ઝાડની ડાળીએ સાડલો બાંધી ઝોળીમાં પોતાનું બાળક હિંચકાવતી ઘાસ-મજૂર માતાનો સ્કેચ આણ્યો. તેની ચિત્રમયતા ને માનવભાવ જોઈ મેં તેનું સંપૂર્ણ ચિત્ર કરવા કહ્યું અને કનુભાઈની રીતે રંગ કરવા સૂચના આપી. અને આમ તેમનું એક બીજું ચિત્ર 'કુમાર'માં છપાયું.

માત્ર ચિત્રકામ જ નહિ કનુભાઈએ તો, મને ખબર પડે તે પહેલાં, કુમાર કાર્યાલયના પ્રિન્ટર, કંપોઝીટર, કારકુનો અને ચિત્રકારોનું એક જૂથ ઊભું કરી એક મૂક નૃત્યનાટક તૈયાર કર્યું હતું! એક વેપારી લુટારાના હાથમાં પડે છે એવી કોઈ વાત હતી. એ નાટિકા એણે થોડા વખત પછી સૂરત જઈને ત્યાંની નાટક-શાળામાં રજૂ કરેલી. કાર્યાલયના માણસો તો આવી મફત મુસાફરી અને મહેમાનગત માણતા કનુ પર ખુશ થઈ ગએલા. મને પણ માનનીય મહેમાન તરીકે સાથે ખેંચેલો. તે વખત પહેલીવાર રજૂ થતું અવાજ કે રાગ વગરનું આવું મૂંગું નાટક સૂરતના પ્રેક્ષકોને બહુ અકળાવનારું લાગ્યું હશે એમ તેનાં અવલોકનો પરથી લાગેલું. પણ કનુભાઈ તો ખેલદિલીથી કહેતા કે પ્રેક્ષકોમાંથી કોઈએ ગંડેરીનો ઘા ન કર્યો એટલા એ સજ્જન લોકો, નહિ તો ફી ભરી આવું મૂંગું નાટક જુએ?



અમદાવાદના એક યુવક-સપ્તાહમાં હારતોરા ને ઘૂઘરા બાંધી કનુ દેસાઈએ રજૂ કરેલું દીપ-નૃત્ય'. નીચે ડાબી બાજુ સુરતમાં કુમાર કાર્યાલયના કાર્યકરો સાથે કનુ દેસાઈએ રજૂ કરેલું મૂક નાટકનું એક દૃશ્ય, અને જમણી બાજુ (વિદ્યાપીઠમાં) (ચિત્રમાં જમણી તરફ) રંગોળી કરતા છગનલાલ જાદવ

જોગાનુજોગ તે પછી ગુજરાતી અવેતન રંગભૂમિ ઊભી કરનાર ચંદ્રવદન મહેતા, સૅાલી બાટલીવાલા વગેરેએ મળીને 'મૂગી સ્ત્રી'નો પ્રવેશ રજૂ કર્યો. છતાં ધન્ય છે સૂરતને કે મહેમાનોને તગેડયા નહિ.

કનુભાઈને શાંતિનિકેતનના રંગભર્યા દિવસોનાં સ્વપ્નાં આવતાં હશે. અમદાવાદના એક યુવક-સપ્તાહમાં તેમણે હારતોરા અને ઘૂઘરા બાંધી હજારો પ્રેક્ષકો સામે કાલ્પનિક હિલચાલોથી એક નૃત્ય આપ્યું. એ વખતે ગુજરાતમાં કોઈ નૃત્ય સમજતું હતું કે નહિ તે પ્રશ્ન છે, પણ પુરુષ ઘૂઘરા બાંધી નૃત્ય કરે એ જ નવાઈ હતી.

આમ કનુભાઈએ જ્યાંજ્યાં નાટક, સુશોભન કે રંગરાગની ધૂન હોય ત્યાં પોતાની નવી સૂઝ અને સલાહ આપવામાં મોજ માની અને તેનો એમને ભવિષ્યમાં જીવનસાથી પ્રાપ્ત કરવામાં લાભ પણ મળ્યો!

થોડા નવા વિદ્યાર્થીઓ: હર્ષદ પંડ્યા

આમારા ચિત્રગૃહની તો એમણે સિકલ બદલી નાખી હતી. બીજા ઘણા ઉમંગી વિદ્યાર્થીઓ પણ આવતા થયા હતા. એમાંના કેટલાક તો ત્યાં થોડા દિવસ કે માસ રહીને પોતાને માર્ગે ગયા, જેમનાં નામો પણ મને યાદ નથી. પણ રસિકલાલ રજામાં વતન ગએલા ત્યાંથી પોતાની સાથે ઉમલ્લાના ભાઈ હર્ષદ પંડ્યાને બૅગ-બિસ્તરા સાથે લેતા આવેલા. તેણે રસિકલાલને નજરમાં રાખી કામમાં સારું ધ્યાન આપી ઠીક પ્રગતિ કરેલી. ટૂથ-બ્રશ ઉપર રંગ ચડાવી છાંટ પાડીને રસિકલાલે સુંદર ચિત્રો કરવા





દંગલનો ડાઘ

મનોજ બસુની એક વાર્તા ઉપરથી અનુવાદ · સુકન્યા ઝવેરી

બોનાપોલ સ્ટેશને ટ્રેઈન થોભી. હિંદુસ્તાન-પાકિસ્તાનની સીમા પરનું એ સ્ટેશન. હું ઉપલા વર્ગમાં હતો એટલે ભીડની ચિંતા નહોતી. મારી સામે એક સજ્જન બેઠા હતા.

સીમાન્ત પોલીસ ઑફિસર અને કસ્ટમ ઑફિસરે એકસાથે ડબ્બામાં પ્રવેશ કર્યો. સીમાન્ત પોલીસ ઑફિસરે પેલા સજ્જનને કહ્યું: 'મહાશય, પાસપોર્ટ અને વિઝા બતાવો.' કસ્ટમ ઑફિસરે મને કહ્યું 'શું શું લાવ્યા છો મિયાંસા'બ? તમારો સરસામાન બતાવો.'

મેં હસીને કહ્યું: 'હું મિયાંસા'બ નથી; હું તો હિંદુસ્તાની છું. અમારા એક આત્મીય સંબંધીનું મૃત્યુ થવાથી હું ચારપાંચ દિવસ માટે પાકિસ્તાન જાઉં છું. મારી પાસે તો ખાસ કંઈ સરસામાન નથી.'

સામે બેઠેલા સજ્જને છાતી ઠોકી કહ્યું: 'અરે મિયાંસા'બ તો હું છું. હું પાકિસ્તાનથી આવેલો છું. આ મારો પાસપોર્ટ. મારી આખી જિંદગી કલકત્તામાં વીતી છે, એટલે જરા નાતાલની મોજમજા માણવા કલકત્તા ગયો'તો. અહીં હવે એ કેવી ઊજવાય છે એ જોવાની ખ્વાહેશ હતી.'

બંને ઑફિસરો અમારાં મોઢાં સામે વારાફરતી તાકી રહ્યા. પછી અમારા પાસપોર્ટ-વિઝા-સરસામાન તપાસી ઊતરી ગયા.

પેલા સજ્જન ખડખડાટ હસવા માંડ્યા. 'જુઓને, ખુદાએ આપણા શરીર પર આ હિંદુ ને આ મુસલમાન, એવું કંઈ લખીને નથી મોકલ્યા. એમ કરત તો આજ આ ભૂલ ન થાત. હું છું અબ્દુલ અઝીઝ—અને મને એણે હિંદુ ઠરાવ્યો!'

હું પણ હસ્યો અને બોલ્યો: 'અરે ભાઈ, માણસો હમેશાં ભગવાનની ભૂલ જ શોધતા સુધારતા ફરે છે; અને બધા એ પ્રમાણે વર્તે છે એટલે ઓળખાય છે. પણ આપણે બંનેએ એવું કર્યું નહિ, એટલે થયો ગોટાળો. જુઓ મેં વધારી છે દાઢી, અને તમે છો એકદમ 'ક્લીન શેઈવ.''

અઝીઝમિયાંએ કહ્યું: 'મસ્જિદ-મંદિર નહિ, પુરાણ-કુરાન નહિ, અને ધર્મ આવીને વસ્યો દાઢીમાં. હું પહેલાં દાઢી રાખતો હતો. એ કાળી ભમ્મર દાઢીથી હું નમણો લાગતો. પણ પછી તો દાઢીના વાળ પાકીને ધોળા થવા માંડ્યા. અને ભાઈ, દાઢી ભલે ધર્મની નિશાની હોય, પણ સફેદ દાઢી તો બુઢાપાની નિશાની. અને સાચું કહું તો હું બુઢો દેખાવા નથી ઇચ્છતો—આટલો જલદી. તેથી જ દાઢી કઢાવી નાખી. જેટલા દિવસ જુવાન દેખાઈ શકું!' અને એ ખડખડાટ હસી પડ્યા.

'હું પહેલાં દાઢી નહોતો રાખતો; પણ હવે દેખાવ માટે જ વધારી છે. હિંદુ-મુસલમાન હુલ્લડમાં મને છરો વાગ્યો'તો. એક ઘા પીઠ પર; પણ એ તો ખમીસ પહેરું એટલે દેખાય નહિ; અને બીજો ઘા લાગેલો દાઢી પર. એનો કદરૂપો ડાઘ છુપાવવા માટે જ આ દાઢી વધારી છે.'

હુલ્લડની વાત સાંભળી અઝીઝનું મન ચળી ઊઠ્યું: 'ઓહ! મહાશય, એ વાત તો કરશો જ નહિ! બિલકુલ નહિ! મારું ઘરબાર એમાં સળગી ગયું. સર્વસ્વ લુટાઈ ગયું. અને હું પાકિસ્તાન ચાલ્યો ગયો.'

મેં કહ્યું: 'બબ્બે વાર છરાના ઘા ઝીલ્યા છે. મરતાં મરતાં બચ્યો છું ભાઇમિયાં! એટલે યાદ આવી જાય છે. અચ્છા, કલકત્તામાં તમે ક્યાં રહેતા હતા?'

'ભવાનીપુર, રાણીબાગાન લેઈન જાણો છો?'

'અરે! મારું ઘર પણ ત્યાં જ છે! હજી યે હું તો ત્યાં જ રહું છું. રાણીબાગાન લેઈનમાં ક્યાં રહેતા હતા?' અઝીઝે કહ્યું: 'કૉર્પોરેશન પ્રાઈમરી સ્કૂલની બાજુમાં પતરા ચાલ હતી...!'

'અરે હા હા, બરાબર! એની સામે વિશ્વકર્મા રીપેરિંગ હાઉસ હતું. સ્ટવ, ટૉર્ચ એ બધાંનું રીપેરિંગ ત્યાં થતું. સાંભળો ત્યારે, પતરા ચાલને આગ લાગી તેને બીજે દિવસે હું વિશ્વકર્મામાં મારી ટૉર્ચ રીપેર કરાવવા ગયો હતો, અને પાછળથી કોઈએ આવીને ખચ દઈને પીઠ પર છરો ખોસી દીધો! મોઢું ફેરવી જોવા ગયો તો દીધો દાઢી પર! હિંદુ મહોલ્લામાં એનું સાહસ કેટલું એ તો જુઓ!'

અઝીઝે કહ્યું: 'મોઢું ફેરવ્યું ત્યારે પેલા માણસને જોયો નહિ?'

'જોયો તો હતો, પણ એક પળ માટે, છતાં એ ચહેરો હજી મને યાદ છે.' અઝીઝે કહ્યું: 'શું રાખ યાદ છે? હું જ એ માણસ છું. હા, તે વખતે મારી દાઢી હતી ખરી.'

'દાઢીએ તો ઠીક ફસાવ્યા!' મેં કહ્યું: 'તમારી વસ્તી બાળનારાનો હું જ લીડર હતો. તમે શું મને જોયો નહોતો? પણ ત્યારે મેં દાઢી નહોતી રાખી. દાઢીને લીધે જ તમે મને ઓળખી શક્યા નહિ.'

'કેવી નવાઈ! કેટલાં વર્ષો પછી મળ્યા!' 'બચ્યા એટલે તો આજ ફરી મળ્યા.' કસ્ટમ ઑફિસર ડબ્બા પાસેથી પસાર થતો હતો. તેને પૂછ્યું: 'હજી ગાડી અહીં કેટલી વાર થોભશે?'

કાંડાઘડિયાળ તરફ નજર નાખી તેણે કહ્યું: 'લગભગ અર્ધો કલાક તો ખરો જ.'

અઝીઝે મારો હાથ પકડી કહ્યું: 'ચાલો ત્યારે, એક કપ ચ્હા થઈ જાય!'

હસતાંહસતાં અમે બંને જણા એકબીજાના હાથ મિલાવી પ્લૅટફૉર્મ પર ઊતરી રેસ્ટોરાં તરફ વળ્યા. □

માંડ્યાં હતાં, તેમ તેમણે પણ એ કામમાં સારી છાપ પાડેલી, પણ તેમનામાં દશ્યો ચીતરવાનું વલણ જેટલું હતું એટલું માનવ પ્રસંગો માટે નહોતું. છતાં થોડા જ વખતમાં તેમનાં એકબે ચિત્રો 'કુમાર'નાં રંગીન પૃષ્ઠો બન્યાં. સાથે તેમણે છાંટ-ચિત્રોમાં પણ સારી વિવિધતા આણી.

બીજા એક ગુપ્તે કરીને દક્ષિણી જુવાન હતા: ઘણા અધીન અને કામગરા. પણ થોડા વખતમાં તે ગુજરી ગયા. ગાંધીજીના આશ્રમમાંથી સંગીતશાસ્ત્રી ખરેજી તેમના ભત્રીજા ગજાનનને ઓઢવી ગયા. આ જુવાન સારું કામ કરતો થયો હતો. તેનાં પુસ્તક ચિત્રો પ્રસંગની જમાવટ બતાવતાં તેમજ જુદીજુદી વયનાં પાત્રોના ભેદ તે જાળવી શકતો. તે હાલ ક્યાં છે તે હું જાણી શક્યો નથી.

જગન મહેતા

સાણંદથી મારા મિત્ર વાસુદેવભાઈ તેના નાના પુત્ર જગન્નાથને લઈ આવ્યા અને હતાશ સ્વરે કહ્યું કે એ મારી વૈદ્ય-વિદ્યા તે એમ લાગતું નથી. તમને ભળાવી દઉં છું. એ જગન્નાથ તો વિદ્યાર્થીવૃંદમાં રત્ન બની ગયા. અમે તેને 'જગન' કહેતા અને ત્યારથી તે આજ સુધી જગન મહેતા તરીકે જ જાણીતા થયા છે.

જગનને સીવવાના સંચાનું કામ આબાદ આવડી ગયું. ફોટોગ્રાફીમાં તેની ચોકસાઈ અને સફાઈ નિષ્ણાત જેવી થઈ ગઈ. ખંભાત શહેરનું ઐતિહાસિક પુસ્તક તૈયાર કરવા મારા મિત્ર રત્નમણિરાવે મને જોડે રાખ્યો ત્યારે ત્યાંની ફોટોગ્રાફી કરવા ભાઈ જગને બધો સાજ, દવાઓ, રકાબીઓ સાથે લઈ સ્થળ ઉપર જ બનાવેલી અંધાર-પેટીમાં ફિલ્મો ડેવેલપ કરી હતી અને સારું એવું કામ તે પુસ્તક માટે થયું હતું. પછી તો પોતાની ફોટોગ્રાફીની આવડતથી તેણે સિનેમાના ગ્રાહકો માટે જાહેરખબરની સ્લાઇડોનો ધંધો કરી પોતાનો ખર્ચ નીકળે એટલું મેળવવા માંડ્યું હતું. કુટુંબોની વ્યક્તિઓની તેમ જ દશ્યોનાં ચિત્રો લેવાની પૂરી ફાવટ તેનામાં આવી ગઈ, એમાં ચિત્રકામ મંદ પડ્યું છતાં શેઠ

ચિમનલાલ નગીનદાસ બૉર્ડિંગને એક ચિત્રશિક્ષકની જરૂર હતી. ત્યાં એ ગોઠવાઈ ગયા. એની બાકીની કથા હું સમય આવતાં આગળ કરીશ. અહીં તો હું નવા આગંતુકોની જ વાત કરી રહ્યો છું.

છગનલાલ જાદવ

કનુ દેસાઈ ગુજરાત વિદ્યાપીઠમાં ચિત્રનો વિષય શીખવતા હતા તેમાં તેણે સરકારી ડ્રૉઇંગબુકો કે અભ્યાસક્રમને છોડી નંદબાબુની રીતે ત્યાંની ભારતીય ચિત્રપોથી 'રૂપાવલિ'નાં પાનાં ઉપરથી વિદ્યાર્થીઓને વાંક-વળાંક સપાટાબંધ હાથ પર બેસે એવી તાલીમ આપવા માંડી હતી. તે જોઈ વિદ્યાપીઠના એક હરિજન કાર્યકર જે ત્યાં સમય સમય પ્રમાણે ઘંટ વગાડવાનું કામ કરતો હતો તે પછીના વખતમાં ચિત્ર કરવા બેસી જતો અને વખતોવખત સારી રંગોળીઓ પણ કરતો. તેનું કામ જોઈ કાકાસાહેબ કાલેલકરે કનુભાઈને ભલામણ કરી કે તેને રવિભાઈના ચિત્રગૃહમાં મૂકી દો. મને બરોબર ખબર નથી કે તેના ખર્ચ માટે ગુજરાત વિદ્યાપીઠે કે હરિજન સંઘે ગોઠવણ કરી હતી, પણ એક દિવસ કનુભાઈ તેને મારી પાસે લઈ આવ્યા અને તેણે રૂપાવલિમાંથી કરેલી આકૃતિઓ બતાવી. એ જોઈ મેં તેમને તરત ભાઈ વ્રજલાલ, જગન્નાથ વગેરે વિદ્યાર્થીવૃંદમાં સ્વીકારી લીધા. એ હતા ભાઈ છગનલાલ જાદવ. એમને લેવાથી શરૂઆતમાં આખા કાર્યાલયમાં ખૂબ ઊહાપોહ થયો, પણ હું ગાંધીજીના આદેશોને લક્ષમાં રાખી દૃઢ રહ્યો ને અંતે સૌ ભ્રાતૃભાવે સાથે રહેવા લાગ્યા.

હજુ પણ બીજા અંતેવાસીઓ આવતા-જતા હતા. એમાં રાજકોટના દામોદર કાલિદાસ (સોની) થોડો વખત રહી વધુ સારી સંસ્થા શોધવા નીકળી ગયા હતા. જુવાન ભાઈ રાઠોડ બેબી ટૅગોર (હથેળીમાં સમાય એવડો) કૅમેરા લઈ તેના પ્રિન્ટ બતાવવા આવેલા. તેની લઘુતા અને કામની ચોટ જોઈ મેં પણ એ સસ્તો કૅમેરા મંગાવેલો. છ ફૂટ ઉપરનું કોઈ પણ દૃશ્ય તેમાં યોગ્ય ફોકસ પર નીકળતું. રાઠોડમાં ફોટોગ્રાફી અને ચિત્રકામનો પ્રેમ હતો અને તે મૅટ્રિકમાં ભણતા હતા, તેથી મેં તેમને પાસ થઈ મુંબાઈમાં આર્કિટેક્ચર (સ્થાપત્યવિદ્યા) ભણવા કહ્યું. તેમણે મારી વાત માની અને વર્ષો બાદ સફળ સ્થપતિ થઈ મુંબાઈમાં માટુંગા ખાતે સરસ ફ્લૅટ લઈ કામ કરતા થએલા. પોતાની કલ્પનાબુદ્ધિથી તે સારા સુશોભન-વિશારદ પણ થયા હતા. કલ્પનાયુક્ત બાંધકામ, સજાવટ આદિ શક્તિથી તે ઘણાં રજવાડાંને વિલાસખંડો રચી આપતા. એવો એક રાજાનો શયનખંડ પણ મેં તેની પાસે તૈયાર થતો જોએલો, જેમાં પલંગમાં સૂતેલો માણસ પલંગની છતમાં ગોઠવેલા અરીસામાં પોતાનું આખું પ્રતિબિંબ જોઈ શકે! પછીથી તેમના વિષે કંઈ જાણવા મળ્યું નથી.

અમદાવાદના પ્રસિદ્ધ ભવનનિર્માતા આત્મારામ ગજ્જર પણ એ કાળે વિદ્યાર્થી હતા અને સરસ ત્વરાલેખો કરી બતાવતા. તેમને પણ મેં આર્કિટેક્ચર વિદ્યા શીખવા ભલામણ કરેલી. એમણે જ ભવિષ્યમાં મારું 'ચિત્રકૂટ' મકાન બાંધી આપ્યું.

ભાઈ જગમોહન મિસ્ત્રીએ મુંબાઈ જઈ વ્યવસાયી કલાકાર તરીકે કારકિર્દી શરૂ કરી અને આગળ જતાં ચિત્રો, દીપોત્સવી અભિનંદનો વગેરે કરવામાં નામ કાઢ્યું. ધંધાની શરૂઆત તેમણે નાગરદાસ પટેલની બાલકથાઓનાં ચિત્રો કરવાથી કરેલી ને ધીમે પણ દૃઢતા અને કુશળતાથી આગળ વધી આજે સર ફિરોઝશાહ મહેતા રોડ પર પોતાનું સફળ ચિત્રગૃહ (સ્ટુડિયો) નિભાવી મુંબાઈમાં જ સ્થિર થયા છે.

છૂટક છૂટક ફોટોગ્રાફી કે ચિત્રકામ કરનાર-જોનાર પણ ઘણા વિદ્યાર્થી તેમજ ધંધાદારીઓ આવતા. તેમાં શ્રી પીતાંબર પટેલ, ભદ્રકુમાર યાજ્ઞિક, તારમાસ્તર દિનકર વ્યાસ તથા કાપડના વેપારી સારાભાઈ નવાબ જેવાનો સમાવેશ થઈ શકે. એ ઉપરાંત ઘણી વાર કલારસિક વિદ્વાનોનો સમાગમ વિદ્યાર્થીઓને થતો, તેમાં પ્રસિદ્ધ વિજ્ઞાનવેત્તા ડૉ. કાન્તિલાલ પંડ્યા, એન. સી. (નાનાલાલ ચમનલાલ મહેતા) આઇ. સી. એસ. તેમજ જૈન મુનિ મહારાજો જેવાની મુલાકાતો અમારું ગૌરવ વધારી જતી. તો કોઈ વાર પાલનપુરથી સૈયદ જુવાનો સાથે આબિદભાઈ ગુજરાતના ગ્રામ્ય પ્રદેશોના સૂર્યપ્રકાશમાં આડેધડ પાડેલા ફોટો-પ્રિન્ટનો થોકડો લઈ આવતા, તેના પર મારું વિવેચન કે તારીફ બધા વિદ્યાર્થીઓને રસપ્રદ બનતાં.

એ ગાળામાં હું સૌ પ્રથમ સૌરાષ્ટ્રના પાલીતાણાના પ્રદેશમાંથી ત્યાંનાં જૂનાં ભરત, ચાકળા, તોરણો વગેરે રૂ. ૧૦૦નાં લઈ આવેલો, તે શ્રી નાનાલાલ મહેતાએ જોયાં કે તરત પોટકું બાંધી લઈ ગયા અને કિંમત મોકલી આપી. અગાઉનાં પ્રદર્શનો તથા મારા એ દિશાના ઉત્તેજનના પ્રયાસોથી એવી કલા-વસ્તુઓ પણ હવે ચિત્રકારોમાં તથા સંસ્કારી જનોમાં પ્રિય થતી જતી હતી પરિણામે લોકોના ઘરમાં પડેલી જૂની દીવીઓ-સાંકળો-મૂર્તિઓ કાટ ધોઈ-ઉટકાઈ ચમકતી બની દીવાનખાનાંમાં આકર્ષણ કરતી હતી અને લોકો પોતાના સમાજમાં હજારો વર્ષથી ઊતરી આવેલી કલાવૃત્તિનું ભાન પામતા જતા હતા.

કચ્છના છગનલાલ બનિયા તો ઘણું રહી ગએલા. તે ફોટોગ્રાફીમાં સરસ ગ્રામચિત્રો લેતા. ગોવિંદભાઈ ધાનકે હવે ચિત્રકામમાં પ્રગતિ બતાવી હતી, પણ તે ઈજનેરી વિદ્યામાં પડ્યા ને આગળ જતાં કુશળ એન્જિનીઅર બનીને ગુજરાત રાજ્યના ઊંચા હોદ્દા ઉપર પહોંચ્યા. (ચાલુ)

લઘુકથા

કન્સલ્ટેશન ફી

હસમુખ કે. રાવલ

ટર્ર્ર્ર્... ટર્ર્ર્ર્ર્...

'યસ, કમ ઈન...ઓહ, ડૉક્ટર વ્હોરા! કેમ કંઈ સવારના પહોરમાં?'

'સાહેબ, આ મારા પેશન્ટ છે.'

'દેખાવ પરથી પટેલ લાગે છે. હં...શું નામ તમારું?' 'ભગાભાઇ'.

'સરસ. આ સાલ વરસાદ ખૂબ સારો છે, કેમ? ખેતીવાડી કેવી છે?'

'ઠીક, શાયેબ, ઝાઝી વેજામાં મજૂરી જોગ મળી રે.'

'સાહેબ, એમને પેશાબમાં લોહી જાય છે. કોઈ દુ:ખાવો નથી. છતાં અમે કિડનીનો એક્સ-રે લીધો છે. હવે તમારી સલાહ...'

'ગુડ. ડૉક્ટર તમે સારું કામ કર્યું છે. લાવો, તમારો રિપોર્ટ જરા સ્ટડી કરી લઉં. હા, ને એક કામ કરો. તેમનું આઈ. વી. પી. એક્ઝામ કરાવો. ગાંધીરોડ પર મિ. કુલકર્ણીની લૅબોરેટરી છે. હું ચિઠ્ઠી લખી આપું છું.'

'આભાર. હવે સાહેબ, થોડી ખાનગી વાત. વાત એમ છે કે પેશન્ટ સામાન્ય સ્થિતિનો છે. હું મફત દવા કરું છું. આપ પણ...'

'ઓ. કે., ઓ. કે. ડૉ. વ્હોરા, એમાં કહેવાનું શું? પટેલ, જુઓ મારે પણ તમારી પાસેથી કોઈ ફી લેવાની નથી. બસ?'

'શાયેબ, અમારાં જેવાં ગરીબની આંતયડી ઠારશો તો ભગવાન બધાં ય હારાં વાંનાં કરશેં, હોં મારા બાપ.'

'ઠીક...ઠીક...પટેલ, એ તો અમારી ફરજ છે. અચ્છા, તો ડૉક્ટર વ્હોરા ફરી મળીશું. બાકી પટેલને શહેરમાં બે-ત્રણ દિવસ રોકાવું પડશે.'

... ...

૩...૪...૩...૭...૨...

'હલ્લો! કોણ, ડૉ. કુલકર્ણી? જુઓ, ભગાભાઈ નામના દરદીને આપની પાસે મોકલ્યા છે. તેમની ફી મારે લેવાની નથી. બરાબર નોંધી લીધું ને? બસ...એટલું જ કામ... અચ્છા...બાય...' □

લેખક
વિષ્ણુ
પંડ્યા

૧૮૫૭

ક્રાંતિકથામાં ગુજરાત-૪

દિમાગી લડાઈનો એક વિસ્મૃત ખેલંદો રંગો બાપુજી

૧૮૫૭ એ કેવળ સશસ્ત્ર સંઘર્ષનો જ અધ્યાય છે એવું નથી. દિમાગી લડાઈ પણ તત્કાલીન યોદ્ધાઓએ ખેલી હતી. કોઈ પણ સામૂહિક ક્રાંતિને બૌદ્ધિક બુલંદી વિના ચાલી જ ન શકે. ઈ. ૧૮૫૭માં એ વાત ભુલાઈ નહોતી. અલબત્ત, મધ્યકાલીન રાજપૂત યુગના અવશેષો સરખા રાજામહારાજાઓ અને સામંતોને મન તો લડાઈનું મેદાન જ અગત્યનું હતું. એટલે તો ચોતરફી સંગ્રામની નિશ્ચિત તિથિ પૂર્વે જ અધીરાઈમાં બરાકપુરથી શરૂઆત થઈ ગઇ; અને પરિણામે યોજના ભૂંસાઈ ગઈ. ચતુર અંગ્રેજોના ફાવી જવાનું કારણ એ પણ હતું. આવા સંજોગોમાં તાત્યા ટોપે જેવો કુશળ સેનાની મળવો એ પણ ૧૮૫૭નું એક સદ્ભાગ્ય જ હતું.

બીજી તરફ દિમાગી લડાઈના બે ખેલંદાઓને આપણા ઇતિહાસકારોએ ભાગ્યે જ યાદ કર્યા છે—અઝીમુલ્લાખાન અને રંગો બાપુજી. એમણે પણ યાદગાર ભૂમિકા ભજવી હતી. બંનેએ પોતાના રાજવી સ્વામીના ન્યાયી અધિકાર માટે બંધારણીય સંગ્રામ આદર્યો અને તેના માટે ઇંગ્લૅન્ડ પણ પહોંચ્યા. અઝીમુલ્લાખાન માટે તો ક્રુદ્ધ અંગ્રેજ ઇતિહાસકારો નોંધે છે કે 'આ દેખાવડો, રસિક હિન્દુસ્તાની એટલો તો બાહોશ હતો કે ઇંગ્લૅન્ડના ઉચ્ચ અધિકારીઓની મહિલાઓ પણ તેના પર આશક હતી.' નાનાસાહેબ પેશવાના અધિકારો માટે અઝીમુલ્લાખાન ઇંગ્લૅન્ડ જઈને નિષ્ફળતા પ્રાપ્ત કરી પાછો આવ્યો ત્યારે ૧૮૫૭ના સંઘર્ષની શરૂઆત થઈ ચૂકી હતી. એ ચિનગારીને પ્રદીપ્ત બનાવવા તેણે 'પયામે મશરીક' નામનું અખબાર પણ શરૂ કરેલું.

રંગો બાપુજી પણ અઝીમુલ્લાખાન જેવો જ સાહસિક અને કાનૂની લડાઈ ખેલનારો હતો. તેણે પોતાના રાજવી સતારાના છત્રપતિ શાહુ મહારાજના અધિકારો માટે બંધારણીય જંગ ખેલ્યો. એ જંગમાં તેર વર્ષની સતત મહેનત જ્યારે ધૂળમાં ગઈ ત્યારે તેણે હથિયારો પણ ઉપાડ્યાં. ઈ. ૧૮૫૭ના લગભગ બધા જ સેનાનીઓની જેમ રંગો બાપુજી પણ અંગ્રેજોના હાથમાં ક્યારે ય ઝડપાયો નહિ.

તો ક્યાં પહોંચ્યો હતો રંગો બાપુજી? કોની નિશ્રામાં તેણે આંખો મીચી? આ વણઊકલ્યા પ્રશ્નાર્થની કેડીએથી થોડાંક તથ્યો પામવા પ્રયત્ન કરીએ છીએ ત્યારે તેના સગડ વડોદરા સુધી મળી આવે છે.

રંગો બાપુજી સતારાના મહારાજાનો વફાદાર સેવક હતો. તેનું મૃત્યુ જેટલું અજાણ છે એટલું જ તેના જન્મનું યે રહસ્ય છે. પરંતુ તે ૧૮૦૦ની આસપાસ જન્મ્યો હશે એમ અનુમાન કરી શકાય છે. ઈ. ૧૮૧૭માં યુવાન વયે તે કૅપ્ટન ગ્રિગ્સની સાથે ઈસ્ટ ઇંડિયા કંપનીમાં પણ હતો. પરંતુ તેની નિષ્ઠા સતારા સાથે હતી. ઈસ્ટ ઇંડિયા કંપનીની માયાજાળે એક પછી એક રાજ્યો હડપ કરી જવા માંડ્યાં હતાં. અયોધ્યાથી ચાલેલો એ ચીલો સતારા સુધી યે પહોંચ્યો. સતારાના રાજવીએ અધિકારો માટે લડવા રંગો બાપુજીને જણાવ્યું. તેણે તેને માટે સંપૂર્ણ તૈયારી કરી અને બંધારણીય લડતનો આરંભ કર્યો. એ તર્કશુદ્ધ દલીલો ને બાહોશીપૂર્વકના આગ્રહોના સમન્વય સમા પત્રો વિશે 'ભારતીય ઇતિહાસના દસ્તાવેજી સંગ્રહ'માં જણાવવામાં આવ્યું છે કે 'ભારતમાં બંધારણીય લડતના ઇતિહાસમાં સૌથી મોટી લડત રંગો બાપુજીએ ખેલી હતી.'

પત્રવ્યવહારથી તો કંપની સરકાર શી રીતે માને? એટલે રંગો બાપુજી બધા દસ્તાવેજો સાથે ઈંગ્લૅન્ડ પહોંચ્યો. જે ભાગ અઝીમુલ્લાખાને ભજવ્યો હતો તે જ કામ રંગોએ પણ કરવાનું હતું. અને તે કુશળતાપૂર્વક કર્યું યે ખરું. ઈ. ૧૮૪૦માં લંડન પહોંચેલો રંગો બાપુજી ૧૮૫૩ સુધી—તેર વર્ષ—ત્યાં જ રહ્યો. ન્યાયપ્રિય અંગ્રેજ આગેવાનોનો સંપર્ક સાધ્યો. વ્યવહાર અને દલીલોથી તેમનાં મન જીતી લીધાં. બધી વિગતો સમજાવી. પરિણામે ઘણા આગેવાનોએ મહારાજાનો કેસ વરિષ્ઠ તંત્ર સુધી પહોંચાડવામાં સહકાર આપવો શરૂ કર્યો. 'કંપની સરકાર'ની કાળી કારકિર્દી વિષે સતત તેર વર્ષ લગી રંગો બાપુજીએ ઇંગ્લૅન્ડમાં રહીને ખેલેલી લડતના દસ્તાવેજો પરથી ૧૮૫૭ની પૂર્વભૂમિકા રજૂ કરતો નવો જ અધ્યાય પ્રાપ્ત થઈ શકે તેમ છે.

લંડનમાં રંગો બાપુજી વ્યક્તિગત રીતે પણ ખૂબ આદર પામ્યો. ઈ. ૧૮૫૩ના નવેંબર સુધી એ ત્યાં રહ્યો, પણ આખરે કંપની સરકારનાં કરતૂતો સામે પગલાં લેવામાં ઇંગ્લૅન્ડનું શાસન પણ હિચકિચાટ અનુભવતું જોઈ જ્યારે તેને લાગ્યું કે હવે પ્રયત્નોનું કોઈ જ પરિણામ આવે તેમ નથી, ત્યારે હતાશ થઈને તેણે ભારત જવા તૈયારી કરી. કેટલાક ઉદારમતવાદી અંગ્રેજોએ તેને ભવ્ય વિદાયમાન આપ્યું. એક ચાંદીના સન્માનપત્રની ભેટ ધરી; તેમાં 'હાઉસ'ના સભ્ય જોસેફ હ્યૂમ, જહૉન બ્રાઈટ, જ્યૉર્જ થૉમ્પસન, જહૉન ગ્રિગ્સ, મેજર જનરલ રૉબર્ટસન, જેમ્સ ગ્રાન્ટ ડફ વગેરેના હસ્તાક્ષરો હતા. આ સન્માનપત્રમાં કહેવામાં આવ્યું હતું: 'રાજમાન્ય રાજ્યશ્રી રંગો બાપુજી (સતારા) પ્રત્યેના સન્નિષ્ઠ આદર અને પ્રેમની સ્મૃતિમાં.'

અને એ સમારંભમાં, અંગ્રેજ આગેવાનોની વચ્ચે રંગો બાપુજીએ પોતાના વિદાય પ્રવચનમાં કહ્યું: 'હું મારા દેશના લોકોને જઈને કહીશ કે ન્યાય માટે જાણીતા અંગ્રેજો ન્યાય કરી શકતા નથી!' આ હતાશ સ્વરોમાં તેની ૧૮૫૭ના સંગ્રામમાંની ભૂમિકાનો અણસાર જોવા મળે છે.

તે ભારત આવ્યો ત્યારે દેશભરમાં કંપની સરકારનાં દુષ્ટ વલણો સામે છાનીછપની પ્રતિક્રિયાઓ શરૂ થઈ ગઈ હતી. તેણે સતારાના રાજવીને એવું જણાવ્યું હશે કે કંપની સરકાર સામે લડી લેવા સિવાય બીજો કોઈ આરો નથી. શક્ય છે કે આ ગાળા દરમિયાન તે નાનાસાહેબ પેશવાને મળ્યો હોય; કેમ કે પાછીથી લી ગ્રાન્ટ જેકબે નોંધ્યું છે: 'Rango Bapuji took advantage of the Satara situation and in conjuction with Nanasaheb became a leading conspirator in 1857-58.' ઇતિહાસકાર 'કે'નું પણ આવું જ મંતવ્ય છે.

ઈ. ૧૮૫૬ના ડિસેંબરથી જ તેણે બળવાખોરોને એકત્ર કરવાની યોજના આરંભી દીધી હતી. 'સતારા-મહાબળેશ્વરના બધા જ અંગ્રેજોને પકડી લેવા' પણ વિચારવામાં આવ્યું...આને માટે ૨૦૦૦ સૈનિકોનું દળ તૈયાર કરવામાં આવ્યું. આ સૈનિકસમૂહમાં ઉચ્ચ અને પછાત વર્ગોના લોકો એકીસાથે જોડાયા હતા તે રંગો બાપુજીની કુશળ શક્તિનું પ્રમાણ છે. આ દળમાં દફેદાર કારખાનીસ, બાલાજી શિમ્પી, દોલત પવાર, તાત્યા ફડણીસ, શેતે બંધુઓ, અન્નામા ચિત્રે વગેરે વિવિધ સ્થાનોના લોકો હતા. રંગો બાપુજીનો પુત્ર સીતારામ પણ સૈનિકોનો એક સરદાર હતો. ભોરના રાજાએ રંગો બાપુજી સાથેની મૈત્રીના કારણે સંઘર્ષમાં સહકાર આપ્યો. કોલ્હાપુરમાં તો રંગોના સૈનિકોએ અંગ્રેજોને બરાબરના ભીડવ્યા પણ ખરા.

પરંતુ આ સંઘર્ષ પણ લેખે લાગ્યો નહિ. ૧૮૫૭ની ચોતરફી નિષ્ફળતાના જ એક ભાગ રૂપે સતારાક્ષેત્રમાં પણ અંગ્રેજો જ ફાવ્યા. રંગો બાપુજીના સત્તર સાથી આગેવાનો પકડાયા. તેમાં તેનો સાળો કેશવ નીલકંઠ ચિત્રે અને પુત્ર સીતારામ પણ હતા. સત્તરે સાથીદારો પરના મુકદ્દમાની પરિણતિ મોતની સજાની જ હતી. પાંચને ફાંસીના માચડે લટકાવી દેવાયા, સાત ગોળીએ દેવાયા. પાંચ તોપના મોંએ બાંધીને ઉડાવી દેવાયા.

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૪૫

કરોળિયા

આ એક ચામડીનો રોગ છે. એમાં ચામડી ઉપર ગોળ અને આછાં સફેદ રંગનાં ધાબાં જોવા મળે છે. ઘણી વાર આ ધાબાં આછાં હોય છે તો ક્વચિત્ ગાઢાં. એનું કદ પણ નાનું કે મોટું હોઈ શકે. ખાસ કરીને મોં ઉપર અને કેટલીક વાર હાથ, પગ કે છાતી ઉપર પણ આવાં ધાબાં વત્તાઓછા પ્રમાણમાં હોય છે.

આ રોગ થવાનું મુખ્ય કારણ વિરુદ્ધ આહાર છે. બે આહાર-દ્રવ્યો ઉપયોગી હોવા છતાં શરીરમાં એકસાથે જઈ તેના સંયોજનથી એક જાતની વિક્રિયા થાય તેને વિરુદ્ધ આહાર કહે છે. દા. ત. દૂધ સાથે ડુંગળી, દહીં, માછલી, દરેક જાતનાં ફળો, ગોળ, મીઠું વગેરે વિરુદ્ધ આહાર છે. આજકાલ દૂધ સાથે માછલી, ઢોકળાં, ડુંગળી તથા દૂધમાં ફળો નાખીને બનાવાતું ફ્રુટ સલાડ વગેરે વિરુદ્ધ આહાર ખવાતા જોવામાં આવે છે. નાનાં બાળકોને દૂધ સાથે કૉડલીવર ઑઈલ ખાવાની જે ફૅશન છે તે પણ વિરુદ્ધ આહાર જ છે. આ બધાંનાં કારણે કરોળિયા થવાની શક્યતા વધી જાય છે.

ઉપચાર

૧) વિરુદ્ધ આહારનો સદંતર ત્યાગ કરવો. ૨) ગળપણ ને દૂધના પદાર્થો ખાવા બંધ કરવા. ૩) પેટ સાફ કરવા હરડે, ત્રિફળા કે સ્વાદિષ્ટ વિરેચન ચૂર્ણનું રોજ સેવન કરવું. ૪) કેશોર (કિશોર) ગૂગળની દિવસમાં ત્રણ વાર બબ્બે ગોળી પાણી સાથે લેવી. ૫) મહામંજિષ્ઠાદિ ક્વાથ સવાર-સાંજ રોજ પીવો. ૬) તુવરક તેલનું કરોળિયા ઉપર માલિશ કરવું. તે ન મળે તો કરંજ તેલ, કે ચક્રમર્દ તેલમાંથી ગમે તે પણ ચાલે. કશું ન મળે તો ખાવાનું મીઠું તેલ (શિંગતેલ)નું માલિશ પણ ચાલે. ૭) મૂલક બીજ, કઠ, હળદર, નાગકેસર તથા સરસવના ચૂર્ણને પાણીમાં મેળવી તેનો કરોળિયાને સ્થાને રાત્રે સૂતી વખતે લેપ કરવો.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

પરંતુ સૈનિકોનો સરદાર હાથમાં આવ્યો નહોતો. અંગ્રેજ અધિકારીઓને તેનો જ અફસોસ હતો. તેના એક મિત્રે વિશ્વાસઘાત કરીને અંગ્રેજોના હાથે પકડાવી દેવાનું છટકું યે ગોઠવ્યું, પણ છતાં બળવાખોર પંખી મુક્ત જ રહ્યું. ઈ. ૧૮૫૭ના ડિસેંબર પછી અંગ્રેજ સૈનિકો અને સેનાનીઓની દોડધામ વધી પડી. પણ...

ક્યાં પહોંચ્યો હતો રંગો બાપુજી? નાનાસાહેબ પેશવા અને તાત્યા ટોપેની જેમ તે પણ ગુજરાત તરફ વળ્યો. ગુજરાતમાં તેની નેમ વડોદરાને લડાઈ તરફ વાળવાની હતી. વડોદરામાં તે બાપુજી વ્યંકટેશ ચિંચવલેને મળ્યો અને તેનો પત્ર લઇને વડોદરાના મહારાજા ખંડેરાવ પાસે ગયો. સંભવતઃ આ કામમાં તેને નિરાશા સાંપડી. ત્યાર પછી તે ક્યાં રહ્યો હતો તેની કોઈ વિગતો આપણને સાંપડતી નથી, એટલું જ નહિ પણ તેના મૃત્યુ વિષે પણ આજ સુધી અંધારપટ છવાએલો રહ્યો છે. શું આપણે એવું અનુમાન કરી શકીએ કે રંગો બાપુજીના ગુપ્તવાસનો છેક સુધીનો સમય વડોદરા અથવા ગુજરાતમાં ક્યાંક વ્યતીત થયો હશે? આમ બનવાજોગ છે, કેમ કે ૧૮૫૭ પછી પણ ગુજરાતમાં દૂરસુદૂરના સશસ્ત્ર બળવાખોરો વિવિધ વેશે આવીને રહ્યા હતા. તેમાંથી કેટલાક પકડાએલા પણ ખરા. આ વ્યક્તિઓનો સીધો સંબંધ નાનાસાહેબ પેશવા, રઘુનાથરાવ, રામરાવ, રાવસાહેબ અને રંગો બાપુજી સાથે રહ્યો હતો એમ તો તત્કાલીન અંગ્રેજ અધિકારીઓના ગુપ્ત અહેવાલો પણ કહે છે.

એવી એક ઘટનાની નોંધ આપણે એટલા માટે લઈશું કે ઘટના સમગ્ર ગુજરાતમાં બળવો ફેલાવવાના પ્રયત્નો સાથે સંકળાએલી હતી. ઈ. ૧૮૫૭ના દેશવ્યાપી પરાજય પછી ગુજરાતમાં અંગ્રેજ સલ્તનતના કાન ચોંક્યા કે એક ટુકડી દ્વારકાથી ડીસા સુધીના વિસ્તારમાં સક્રિય છે. આ ટુકડીનો નેતા હતો ગોપાળ અંતાજી. મોટે ભાગે તે 'ગુરુકૃષ્ણ' નામે ઓળખાતો. તેની સાથે બીજાઓ પણ હતા. આ ગોપાળ અંતાજી વાસ્તવમાં દક્ષિણી બ્રાહ્મણ હતો અને તેની સાથેના રઘુનાથરાવ, કૃષ્ણરાવ અને રામરાવ ૧૮૬૨ના હૈદરાબાદના બળવાના ભાગીદારો હતા. ગોપાળ અંતાજી અથવા ગોપાળ ગુરુકૃષ્ણ નાનાસાહેબ પેશવાના ભત્રીજા હોવાનો સંદેહ ગુપ્તચરોએ વ્યક્ત કર્યો હતો.


આ સમગ્ર ટોળીએ સત્તાવન પછી છેક આઠ વર્ષે ય ગુજરાતમાં પ્રવૃત્તિને વેગીલી બનાવી હતી એ આશ્ચર્ય તો છે જ. અને એ પ્રવૃત્તિ એકાદ સ્થાન પૂરતી મર્યાદિત પણ નહોતી. એક વિશેષ ઉદાહરણ જોઇએ: હજુ પણ ઓખાના વાઘેરોના બળવાને ૧૮૫૭ની સાથે સાંકળી લેવામાં ઘણા 'અતિશયોક્તિ'ની કલ્પના કરે છે. નાના સાહેબ પેશવાના ગુજરાત-નિવાસની કહાણી આ પહેલાં મેં કહી તેમાં ઓખાના વાઘેરો સાથેનો નાનાસાહેબ અને/અથવા તેમના સાથીઓનો સંબંધ વર્ણવ્યો હતો. અમદાવાદના મૅજિસ્ટ્રેટ જે. ઈ. ઍલિફન્ટે વડોદરાના પોલીસ વડાને તા. ૧૪ જાન્યુઆરી, ૧૮૬૫નો લખેલો પત્ર છે:

'આ બળવાખોરો કડી વિસ્તારમાં કોળી વસતિનું સંગઠન કરે છે. તેના સાથીઓનું ઓખાના વાઘેરો સાથે પણ ગઠબંધન છે. 'સ્વામી' (ટોકરા સ્વામી) દ્વારકામાં આ પ્રવૃત્તિ કરી રહ્યો હતો તેને પકડી લેવામાં આવ્યો છે અને હવે તે વડોદરાની જેલમાં છે.'

આ પ્રવૃત્તિનાં મથકો તરીકે કડી, દ્વારકા, પાટણ, વડોદરા, ડીસા, રાજકોટ, અમદાવાદ અને ખેડા હતાં. અંગ્રેજ ગુપ્તચર તંત્રે તેની ભાળ મેળવીને સૌને પકડી લીધા. કેસ ચાલ્યો. ગોપાળ (ગુરુ) કૃષ્ણને કાળાપાણીની સજા થઈ. બાકીનાઓમાં પ્રાણશંકર હરગોવન, દાજી ભગવાન, નારાયણ લક્ષ્મણરાવ અને દ્વારકાના ટોકરા સ્વામીને ચૌદચૌદ વર્ષની સજા ફટકારવામાં આવી. ગોપાળકૃષ્ણ સાથે બીજા ત્રણ આજીવન કારાવાસ પામનારાઓમાં મોતી ત્રિકમ જાની, મુરલીધર બાપુજી અને શંભુ બિન દોલત પણ હતા. (મુરલીધર બાપુજી રંગો બાપુજી સાથે સંબંધિત હશે? કે એ પોતે જ હશે? એ કેવળ કલ્પનાનો વિષય છે.) આ ઉપરાંત દસ દસ વર્ષની સજા પામનારાઓમાં ખેમા કાળા ગુગળી, બાપુરાવ કાશીનાથ, જગન્નાથ અને નારાયણ રામચંદ્ર, તથા સાત વર્ષની સજા ભોગવનારાઓમાં અંબાશંકર મહાસુખરામ, અનુપરામ જગજીવનરામ, લલ્લુ રણછોડ અને ઉમરખાન હતા. બાકીનાઓને પણ કેટલાંક વર્ષોની સજા થઈ.

શક્ય છે કે આવી જ કોઈ પ્રવૃત્તિમાં રંગો બાપુજીએ પણ પોતાનો વાર્ધક્યકાળ વીતાવ્યો હોય; ને કોઈ રીતે મૃત્યુને આલિંગન આપ્યું હોય. પણ ક્યારે? કેવી રીતે?

આપણા ઇતિહાસે કેવળ પ્રશ્નાર્થો જ શેષ છે. (ક્રમશઃ)



'કુમારે' શરૂઆતથી જ વિજ્ઞાનના વિષયોના વૈવિધ્યમાં મોખરે રહેવું આવ્યું છે. તેના ઉદાહરણરૂપ આ આકૃતિ પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાંથી ઉતારી છે. અમેરિકાના ખેતીવાડી ખાતાના એક બુલેટિન પરથી ફળઝાડ માટે રક્ષણાત્મક રસાયનોની કોઠાવાર સમજૂતી સ્વ. ડૉ. નરસિંહ મૂ. શાહે આપી છે.

જમીનમાં રાસાયનિક ખાતરો ઉમેરવાથી પાક સારો ઊતરે છે. પણ છોડ ઊગ્યા પછી પણ તેને રક્ષણ આપવાની જરૂર કેટલીક વાર ઊભી થાય છે. આ રક્ષણ છોડ-ઝાડને ખાઈ જતા જીવ-જંતુઓ અને પાકને નુકસાન પહોંચાડનાર ફૂગોત્પાદક રોગો સામે આપવાનું હોય છે. આ કામ માટે વપરાતાં રસાયનો છોડના કોઈ પણ ભાગને નુકસાન પહોંચાડચા વિના કામ આવે તેવાં હોવાં જોઈએ.

ખેતીમાં વપરાતાં જંતુવિનાશકોના ત્રણ ભાગ કરી શકાય: (૧) છોડનાં ફળાં પાંદડાં ખાઈ જતાં ચાવકણાં જંતુઓ સામે વપરાતાં રસાયનો : સીસાનો આર્સેનેઈટ, કૅલ્સ્યમ (ચૂનાનો) આર્સેનેઈટ અને પારીસ ગ્રીન વગેરેનો સમાવેશ આમાં થાય છે. (૨) ઝાડને કોરી ખાતાં જીવડાં સામે વપરાતાં રસાયનો : ગંધક-ચૂનો, તંબાકુનો ભૂકો (જેમાં નિકોટીન હોય છે) અને કેરોસીન સાથે બીજી દવાઓ મેળવીને બનાવેલાં મિશ્રણો. (૩) ધનેડાં, ભૂડ જેવાં અનાજમાં પડતાં જંતુઓ સામે વપરાતાં રસાયનો: આમાં કાર્બન ડાયસલ્ફાઈડ, હાઈડ્રોસાયેનિક ઍસિડ, ઈથાઈલ ઍસિટેટ, કાર્બન ટેટ્રાક્લોરાઈડનું મિશ્રણ વગેરે આવે.

આ વર્ગીકરણ સંપૂર્ણ નથી. એક પદાર્થ બીજા વિભાગમાં પણ વાપરી શકાય. આમાંનાં પહેલા વર્ગનાં રસાયનો પેટમાં ઝેરી અસર પેદા કરે છે; બીજા વર્ગનાં સંસર્ગ-ઝેરો છે.

સફેદ સોમલને સોડિયમ નાઈટ્રેડ સાથે ગરમ કરવાથી સોડિયમ આર્સેનેઈટ બને છે. આમાંથી સીસાનો અને ચૂનાનો આર્સેનેઈટ બનાવાય છે. પારીસ ગ્રીન એટલે આર્સેનિક ઍસિડમાં તાંબાનો ઍસિટેટ નાખીને બનાવેલો તાંબાનો આર્સેનેઈટ.

ફૂગનાં દર્દો તો જીવડાં કરતાં પણ વધારે ભયંકર છે. એક વાર ફૂગ ઝાડમાં પેઠી એટલે રસાયનો વડે પણ તેને કાઢવી મુશ્કેલ પડે છે. ઘણુંમાં ઝેરુ પડે છે તે એવી જાતનું દર્દ છે. કેટલીક વાર એક, બે યા ત્રણ રસાયનોનાં મિશ્રણ કરીને વપરાય છે. જંતુવિનાશક અને ફૂગવિનાશક રસાયનોનાં મિશ્રણો સાથે પણ છંટાય છે.

ફળના બગીચામાં આ મિશ્રણો ખાસ ઉપયોગી થાય છે. એનું વિગતવાર નિદર્શન આ ઉપરના આલેખમાં કરાવ્યું છે. એમાં બહારના વર્તુલમાં ઝાડનાં નામ આપ્યાં છે, તે પછી જીવડાંનાં નામ આપ્યાં છે અને તેની સામે કયાં કયાં રસાયનો ઉપયોગી થાય તે દર્શાવ્યું છે. મધ્યમાં આપેલા વર્તુલમાંનાં રસાયણો તે પછીના વર્તુલમાંનાં કયાં કયાં રસાયનોની સાથે વાપરી શકાય એ કેન્દ્રમાંથી છૂટાં પાડીને સ્પષ્ટ કર્યું છે. 'વધુ અનાજ પેદા કરો'ની આજે ચાલતી ઝુંબેશમાં આ માહિતી ઉપયોગી થશે એમ માની અહીં આપી છે, કેમ કે ફળોને પણ આપણા આહારમાં ચોક્કસ સ્થાન છે. □

લેખક
રતિલાલ છ. શાહ

ભારતની સંરક્ષણ સેનાઓ

[૨] આપણી નૌ-સેનાઓ



◁ ભારતીય નૌ-સેનાની સંજ્ઞા

ભારતીય નૌ-સેનાઓનો ઇતિહાસ આમ તો સદીઓ જૂનો છે. પણ આપણા આજના નૌકાદળનો ઇતિહાસ ઈસ્ટ ઇંડિયા કંપનીએ રાખેલી નૌસેનાથી આરંભાય છે. ઈ. ૧૯૩૪માં 'ધ રૉયલ ઇંડિયન નેવી' નામે એની પુનર્રચના થઈ. બીજા વિશ્વયુદ્ધમાં એની કામગીરી ઘણી યશસ્વી રહેલી અને એનો વધુ વિકાસ પણ થયો.

સ્વાતંત્ર્ય સાથે દેશના ભાગલા પડયા ત્યારે થએલી વહેંચણીમાં ભારતને ૪ સ્લૂપ, ૨ ફ્રીગેટ, ૩ ફ્લીટ માઈન-સ્વીપર મળેલી, જ્યારે પાકિસ્તાનને ૨ તદ્દન નવાં સ્લૂપ, ૨ ફ્રીગેટ અને ૧ માઈન-સ્વીપર મળેલી. ભારતીય કંઠાર પાકિસ્તાન કરતાં ઘણી વધુ – ૩૫૦૦ માઈલ જેટલી હોઈ એક સર્વેશિપ પણ ભારતના ભાગે આવેલું. જ્યારે બંદરોના રક્ષણ માટેની મોટર લૉન્ચો સરખે ભાગે વહેંચાએલી.

આ પછીના આપણા નૌકાદળમાં 'જમના', 'કાવેરી', 'સતલજ', 'કૃષ્ણા', વગેરે જહાજો સાથેની એક ફ્રીગેટ સ્કવૉડ્રન હતી, 'બંગાળ', 'બૉમ્બે', 'કોંકણ', 'મદ્રાસ', 'રાજપુતાના', 'રોહિલખંડ' ને 'ઇન્વેસ્ટીગેટર' નામનાં સર્વેશિપ સાથેની એક માઈનસ્વીપિંગ સ્ક્વૉડ્રન હતી. આ બધાં જહાજો જૂનાં હતાં એટલે ઈ. ૧૯૪૮માં આપણે બ્રિટન પાસેથી 'એચ.એમ.એસ. એકિલિઝ' નામનું ક્રુઝર જહાજ ખરીદ્યું ને તેમાં જરૂરી ફેરફારો કરી તેને 'આઈ. એન. એસ. દિલ્હી' નામ આપી નૌ-સેનામાં આમેજ કર્યું. ઈ. ૧૯૫૦માં બ્રિટન પાસેથી ત્રણ ડિસ્ટ્રૉયર પણ લીધાં ને એને 'રાજપૂત', 'રણજિત' ને 'રાણા'નું નામ આપ્યું. ઈ. ૧૯૫૪માં ત્રણ હંટ ડિસ્ટ્રૉયર પણ લીધાં. ઈ. ૧૯૫૭માં 'આઈ. એન. એસ. મૈસૂર' ક્રુઝર પછી '૫૫માં 'વસઈ' અને 'વિમલીપટ્ટમ' નામનાં બે ઈનશોર માઈનસ્વીપરો, ને '૫૬થી '૫૮ના ગાળામાં વધુ માઈનસ્વીપરો તથા નવી ફ્રીગેટો, ને '૬૧માં વિમાનવાહક જહાજ 'આઈ. એન. એસ. વિક્રાંત'નું પણ ઉમેરણ થયું. ઈ. ૧૯૬૪માં વિશાખાપટ્ટમમાં 'આઈ. એન. એસ. દર્શક' નામે એક સર્વેશિપ બંધાયું. આ જ વર્ષે પોર્ટ બ્લેર ખાતે 'જરાવા' નામે જહાજ સાથે રેસિડેન્ટ નેવલ ઑફિસરનું દફતર પણ ઊભું થયું. 'આઈ. એન. એસ. ગોમાંતક' જહાજ સાથે મામંગોવામાં પણ એક મથક શરૂ થયું. ને મુંબાઈમાં મઝગાંવ ડૉકમાં નવી ફ્રીગેટો બાંધવાની વ્યવસ્થા થઈને 'આઈ. એન. એસ. નીલગિરિ' વગેરે બંધાવા માંડયાં.

આમ ઉત્તરોત્તર ભારતીય નૌકાદળનો વિકાસ વિસ્તાર વધતો ચાલ્યો ને પરિણામે પાકિસ્તાન સાથેના છેલ્લા વિગ્રહમાં આપણા નૌકાદળે પણ ખમીરવંતો ભાગ ભજવી બતાવ્યો.

આજે આપણું નૌકાદળ પૂર્વમાં બંગાળના ઉપસાગરના વિસ્તારની સંરક્ષણ જવાબદારી સાથે 'ઈસ્ટર્ન કમાન્ડ' તરીકે અને પશ્ચિમમાં અરબીસમુદ્ર તરફની જવાબદારી સાથે 'વેસ્ટર્ન કમાન્ડ' તરીકે મુખ્ય બે સ્વતંત્ર વિભાગમાં વહેંચાએલું છે. પહેલાનું મુખ્ય મથક વિશાખાપટ્ટમમાં ને બીજાનું મુંબાઈમાં છે.

આપણા નૌકાદળમાં સર્વોચ્ચ વહીવટી અફસર તરીકે વાઈસ ઍડમિરલ હોય છે જે ચીફ ઑવ ધ નેવલ સ્ટાફ તરીકે પણ ઓળખાય છે. એમના હાથ નીચે ડેપ્યુટી ચીફ અને તેની નીચે કૉમોડોર પદના નેવલ ઍવીએશન ચીફ હોય છે. આમની મદદમાં સ્ટાફ ડિવિઝનના અને નેવલ એર મટીરીઅલના ડાયરેક્ટરો કામ કરે છે. ઊતરતા ક્રમે નૌકાદળમાં

તુંગ્ર રાજાએ પોતાના પુત્ર ભુજ્યુને ભારતની નજીકના કોઈ ટાપુ પર સમુદ્રમાર્ગે ચડાઈ કરવાની આજ્ઞા આપ્યાનો ઋગ્વેદમાં એક ઉલ્લેખ છે. ભારતીય નૌ-સેના વિષેનો એ પ્રાચીનતમ પ્રાપ્ય ઉલ્લેખ. ઈ. સ. પૂર્વે ૮૦૦ વર્ષ પહેલાં આસીરિયા-બૅબિલોનિયાની મહારાણી સેમિરામિસે જલમાર્ગે કરેલા આક્રમણને સપ્તસિંધુની પ્રજાએ પાછું હઠાવ્યું. ચંદ્રગુપ્ત મૌર્યના યુદ્ધખાતાના ૭ વિભાગોમાં નૌકાદળ માટે પણ ખાસ વ્યવસ્થા હોવાનું કૌટિલ્યના અર્થશાસ્ત્ર પરથી જણાય છે. ચૌલુક્ય રાજા પુલકેશીએ પોતાના ભાઈ વિષ્ણુવર્ધનને નૌકાદળ લઈ પૂર્વ ભારતીય પ્રદેશો જીતવા મોકલેલો. ચોળ નૃપતિ રાજરાજ પહેલાએ લંકાના રાજાને હરાવી રાજધાની અનુરાધાપુરને આગ લગાડેલી ને તેના પુત્ર રાજેન્દ્ર પહેલાએ લંકાદ્વીપ જીતી લઈ છેક સુમાત્રા સુધીના પ્રદેશો સર કરેલા. ઉપરાંત ભારતની સાગરકંઠાર અને સિંધુ-ગંગા જેવી મોટી નદીઓ પર યુદ્ધો લડાએલાં. ત્યાર પછી યે ફિરંગીઓ સામે છેક મલબાર કાંઠાથી ગુજરાતની કંઠાર સુધી પણ જલયુદ્ધો થએલાં. અકબરે પણ નૌકાદળ નિભાવ્યું હતું. એટલે ભારતીય નૌ-સેનાનો ઇતિહાસ આમ તો સદીઓ જૂનો છે. પરંતુ જે પરંપરામાંથી આપણું આજનું નૌકાદળ વિકસ્યું છે એનો આરંભ ઈ. ૧૬૧૨માં ઈસ્ટ ઇંડિયા કંપનીના ચાર્ટરથી સૂરતમાં થએલો. ઈ. ૧૬૮૫માં એનું મથક સૂરતથી મુંબાઈ ફેરવાયું અને ઈ. ૧૮૩૦ સુધી એ 'બૉમ્બે મરીન'ના નામે ઓળખાતું.

કાન્હોજી આંગ્રેના નૌકાદળના સામના પછી ઈ. ૧૮૩૯માં એડનની જીત એ એનો એક મોટો વિજય હતો. દરમિયાન એ 'રૉયલ ઇંડિયન મરીન' નામે ઓળખાતું. પહેલા વિશ્વયુદ્ધમાં બ્રિટનના રૉયલ નેવી સાથે ઈરાનના અખાત ને રાતા સમુદ્રમાં એણે યશસ્વી કામગીરી બજાવી હતી.


એ પછી ઈ. ૧૯૩૪ના સપ્ટેંબરમાં એનું 'રૉયલ ઇંડિયન નેવી' નામે રૂપાંતર થયું. બીજા વિશ્વયુદ્ધ વખતે ૨૦૦૦ અમલદારો અને ૩૦,૦૦૦ સૈનિકો જેટલું વિસ્તરીને એણે ભૂમધ્ય ને હિંદી મહાસાગરમાં જર્મનો, જાપાનીઓ ને ઈટાલિયનોનો વીરતાભર્યો સામનો કર્યો. ઈથિઓપિયાના 'માસામા' બંદર જીત્યાનો જશ તો એને જ હતો. બ્રહ્મદેશના હુમલાઓમાં તેણે ખુશ્કી દળને સહાય કરી જીત મેળવી. એ વખતે તેમાં આપણી હાલની યુદ્ધનૌકાઓ 'જમના', 'કૃષ્ણા' અને 'કાવેરી'એ મોટો ભાગ ભજવેલો. સ્વતંત્ર ભારતની નૌ-સેનાના પ્રથમ હિંદી સરખેલવા ઈસ. ઍડમિરલ રામદાસ કટારીએ ત્યારે આટલાંટિક અને હિંદી મહાસારમાં સબમરીન વિરોધી કામગીરીમાં યશસ્વી કાર્ય કરેલું. છેલ્લે પાસિફિકમાં યુદ્ધ પૂરું થયું ત્યારે જાપાનનો કબજો લેવા ગએલા કાફલામાં હિંદના નૌકાદળનો પણ સમાવેશ હતો.

પણ જેને હવે આપણે આપણું પોતાનું નૌકાદળ કહીએ છીએ તેનો આરંભ ઈ. ૧૯૫૦માં 'ઇંડિયન નેવી'ના નામે થયો. દેશના ભાગલા થતાં હિંદુસ્તાનના નાનકડા 'રૉયલ ઇંડિયન નેવી'નો ત્રીજો ભાગ અને


વાઈસ ઍડમિરલ, રીઅર ઍડમિરલ, કૉમોડોર, કૅપ્ટન, કમાન્ડર, લેફ્ટેન્ટ કમાન્ડર, લેફ્ટેનન્ટ, સબ-લેફ્ટેનન્ટ તથા મિડશિપમૅન કામ કરે છે.

નેવલ હેડક્વાર્ટર્સના સીધા અંકુશમાં ન હોય એવા અધિકારીઓમાં મુંબાઈ ખાતે ફ્લૅગ ઑફિસર-કમાન્ડિંગ ઇન્ડિયન ફ્લીટ ને ફ્લૅગ ઑફિસર; કોચિન ખાતે કૉમોડોર ઈન ચાર્જ, ગોવા ખાતે નેવલ ઑફિસર, વિશાખાપટ્ટમમાં ઈસ્ટ કોસ્ટ કૉમોડોર, મદ્રાસમાં રેસિડેન્ટ નેવલ ઑફિસર,


ભારતીય નૌકાદળના અફસરોની પદવી-સૂચક સંજ્ઞાઓ



ઍડમિરલ | વાઈસ ઍડમિરલ | રીઅર ઍડમિરલ | કૉમોડૉર | કૅપ્ટન



કમાન્ડર | લેફ્ટેનન્ટ કમાન્ડર | લેફ્ટેનન્ટ | સબ-લેફ્ટેનન્ટ | મિડશિપમૅન



પેટી-ઑફિસર અને અગ્રણી નાવિકોની મુદ્રા. (બાંય પર લગાડવાની સંજ્ઞાઓ)



ટોપી પર લગાડવાની સંજ્ઞાઓ. અનુક્રમે : ઑફિસર, ચીફ ઑફિસર તથા પેટી ઑફિસર ◁

નોંધ : મથાળાની બંને હરોળમાંની સંજ્ઞાઓમાં પહેલી ગણવેશની બંને બાંય પર અને બીજી બંને ખભા પર લગાડવાની સંજ્ઞાઓ છે.

ત્રણ તાલીમ કેન્દ્રો પાકિસ્તાનને ફાળે જતાં બાકીના મામૂલી નૌકાદળનું સંરક્ષણની દૃષ્ટિએ ખાસ કંઈ મૂલ્ય નહોતું રહ્યું. પણ પછી તેનો ધીરો છતાં ચોક્કસ વિકાસ થતો રહી ઈ. ૧૯૫૧થી એક અલગ સંરક્ષણ પાંખ તરીકે એની પ્રગતિ વધી. ઈ. ૧૯૬૧માં વિમાનવાહક 'વિક્રાંત'ના ઉમેરણથી એની એક નવી જ હવાઈ શાખા જન્મી. સાત વર્ષ પછી સબમરીનો આવતાં દરિયાની અંદર એનું એક પરિમાણ વધ્યું. ઈ. ૧૯૭૧માં એણે મિસાઈલ્સના યુગમાં પ્રવેશ કર્યો. આજે એ કોઈ પણ નૌકાદળ પાસેથી અપેક્ષિત એવી બધી જ કામગીરી માટે સુસજ્જ છે. દેશમાં જ હવે યુદ્ધનૌકાઓ બાંધવાની સગવડ છે. એને માનવબળ પૂરું પાડવા અનેક તાલીમકેન્દ્રો પણ છે અને ત્યાં વિદેશી નૌઅફસરોને પણ શિક્ષણ અપાય છે. આપણી આ સજ્જતાના પુરાવા અને પરિણામ પાકિસ્તાન સાથેના યુદ્ધમાં આપણે જોયાં પણ ખરાં. દેશની ૫૬૦૦ કિ. મી.ની વિશાળ કંઠારના રક્ષણ ઉપરાંત એણે આક્રમક પાકિસ્તાનના ઘરઆંગણે જઈને જે તાતા ઘા માર્યા તેના તો આપણે યે સાક્ષી છીએ. અગાઉ 'કુમાર' (અંક ૪૧૬ અને ૫૮૬)માં આપણા નૌકાદળનો વિગતે પરિચય પ્રકટ થયો છે.

—સંપાદકીય

ભૂલસુધાર : ગયા અંકમાં ભૂમિદળની પદવી-સૂચક સંજ્ઞાઓમાં બ્લૉકની હેરફેરને કારણે થએલી ભૂલ પ્રત્યે કેટલાક વાચકોએ લક્ષ દોર્યું છે એ બદલ આભાર. એમાં બ્લૉકોની પહેલી હારમાં, જનરલના બદલે લેફ્. જનરલનાં અને લેફ્. જનરલના બદલે જનરલની સંજ્ઞા સમજવી. બીજી હારમાં મૅજર, કૅપ્ટન અને લેફ્ટેનન્ટના બદલે સૂબેદાર મૅજર, સૂબેદાર ને નાયબ સૂબેદાર તથા તે પછીની ચાર સંજ્ઞા અનુક્રમે મૅજર, કૅપ્ટન, લેફ્ટેન્ટ અને સેકન્ડ લેફ્.ની પદવીનો ક્રમ લેખમાં આપેલો છે. આ ક્ષતિ બદલ દિલગીર છીએ.

કલકત્તામાં નેવલ ઑફિસર ઈન ચાર્જ અને પોર્ટ બ્લેરમાં રેસિડેન્ટ નેવલ ઑફિસર કામ કરે છે.


સંરક્ષણ દળોની અન્ય પાંખો પેઠે નૌકાદળમાં પણ ધર્મ અને નાતજાતના ભેદભાવ વિના જોડાવાની કોઈ પણ ભારતીયને પૂરી તકો છે ને એ રીતે પ્રાંતપ્રાંતના લોકો તેમાં જોવા મળે છે પરંતુ; ગુજરાતીઓનું પ્રમાણ એમાં ઠીકઠીક ઓછું દેખાય છે.

દેશની ૩૫૦૦ માઈલ જેટલી અતિ વિશાળ સાગરકંઠારની રક્ષા સાથે જરૂર પડ્યે સંરક્ષણ દળની અન્ય બંને પાંખો જોડે ખભો મિલાવીને સંરક્ષા કરવા સદાય તત્પર એવા આપણા નૌકાદળનો હજી ઘણો મોટો વિકાસ કરવાની જરૂર છે અને હિંદી મહાસાગર પર વર્ચસ્વ સ્થાપવાની અન્ય દેશોની હરીફાઈમાં આપણી જવાબદારીનું જે મહત્ત્વ ને જરૂરત વધતાં જાય છે તે જોતાં એ અનિવાર્ય પણ છે જ. (હવે પછી 'વાયુસેના')

કલાચર્ચા

વસ્ત્ર-રૂપાંકન કલા

'ટેક્સ્ટાઈલ ડિઝાઈન'



વસ્ત્રરૂપાંકન કલા ('ટેક્સ્ટાઈલ ડિઝાઈન')માંની એક નમૂનારૂપ ડિઝાઈન

સદીઓથી ભારતનું કાપડ એના વિવિધ વણાટ, રંગ અને એના પરની અસંખ્ય પ્રકારની શોભનશ્રીથી દૂર દેશાવરો સુધી સુપ્રસિદ્ધ રહ્યું છે. હાથશાળને સ્થાને યંત્રો આવ્યાં અને એ સાથે કાપડ તથા તેના પરની ભાતગૂંથણી ને શોભનછપાઇના નવાનવા પ્રકારોનો વિકાસ થયા પછી યે ભારતીય કારીગરો અને કાપડના ઉદ્યોગપતિઓએ એ નવી આવતી જતી રીતરસમો અપનાવતા જઈને આજે એ ક્ષેત્રમાં મોખરાનું સ્થાન જાળવી રાખ્યું છે. પણ અભણ હોવાને કારણે તથા આ ઉદ્યોગ સાથે સંકળાએલા અવનવા તરીકાઓથી અજ્ઞાત કે અલ્પજ્ઞાત રહેવાને કારણે કાપડ પરની શોભનકળામાં યોગ્ય સમજ ધરાવવામાં તથા એ તરીકાઓને ખ્યાલમાં રાખીને અવનવાં મૌલિક શોભનસર્જનો કરવામાં અહીંના કલાકારો કંઈક પાછા પડી ગયા. વ્યાવસાયિક કલાના એક આગવા ને સમૃદ્ધ પાસા તરીકે વિકસેલી 'ટેક્સ્ટાઈલ ડિઝાઈન'ને નામે ઓળખાતી આ કલાશાખામાં તેને યોગ્ય શિક્ષણના અભાવે કેવળ ગણ્યાગાંઠ્યા કલાકારો જ એ દિશામાં ઉદ્યોગની સાથે કદમ મિલાવી શક્યા છે. અલબત્ત, શોભનકારોની આપણે ત્યાં ખોટ નથી, પણ કયા કાપડ પર કેવા પ્રકારનું શોભન કઈ પદ્ધતિએ સુયોગ્ય પરિણામ આણી શકે તેનું પદ્ધતિસરનું જ્ઞાન ધરાવનારા જે કોઈ થોડાઘણા છે તે કેવળ જાતમહેનત અને અનુભવેજ ઘડાએલા છે. આપણી કલાશાળાઓમાં આ દિશામાં માત્ર આલેખનોની જ તાલીમ અપાય છે, એના ટેકનિકલ પાસાની નહિ. પરિણામે અત્યંત શ્રમ લઈને બનાવેલી વૈવિધ્યભરપૂર ડિઝાઈનો પણ ક્યારેક ઉપયોગમાં લઈ શકાતી નથી.

કલાશાળાઓમાં તો આ અંગેનું સર્વાંગી જ્ઞાન આપવું થાય ત્યારે ખરું, પરંતુ એ દરમિયાન વર્ષોના અનુભવે આ ખોટને યોગ્ય રીતે સમજી શકનાર ને જાતે આ ક્ષેત્રમાં પોતાની કલા દ્વારા દેશમાં જ નહિ, પરદેશમાં પણ નામના પામનાર શ્રી લક્ષ્મીપ્રસાદ સેવકે ઉપર્યુક્ત નામનું માર્ગદર્શક પુસ્તક તૈયાર કરીને એક પ્રશસ્ય અને આવકાર્ય પ્રયાસ કર્યો છે. 'કુમાર'ના જૂના વાચકોને અગાઉ 'કુમાર'ના ૩૧૪મા અંકમાં પ્રકટ થએલો એમનો 'રૂપાંકન કલા'નો લેખ યાદ હશે.

અનુભવે એમણે જોયું છે કે વ્યાવસાયિક કલાના આ ક્ષેત્રમાં 'ડિઝાઈનિંગ'ની તાલીમ લઈ આવેલા વિદ્યાર્થીઓ પણ વસ્ત્રઉદ્યોગ સાથે સંકળાએલાં આ અંગેનાં ટેકનિકલ પાસાંની પૂરતી જાણકારીના અભાવે અનેક મૂંઝવણો અનુભવે છે. એમની પાસે માર્ગદર્શન અર્થે આવેલા આવા અનેક વિદ્યાર્થીઓ ને ડિઝાઈનરોના પ્રશ્નો પરથી એમને એ મૂંઝવણોનો અચ્છો અંદાજ છે, અને એને ખ્યાલમાં રાખીને જ એમણે આ પુસ્તક તૈયાર કર્યું હોઈ આ ક્ષેત્રમાં પ્રવેશેલા અને મૂંઝાતા ચિત્રકારો તથા આ વિષયના વિદ્યાર્થીઓને એ ઘણું ઉપયોગી બની રહેશે.

આરંભમાં આ કલાશાખાનો ટૂંકો ઇતિહાસ આપી, કાપડના વિવિધ પ્રકાર, ડિઝાઈનોના પ્રકાર, કાપડ પર એનો ઉપયોગ થઈ શકે એ રીતે આલેખવાની વિવિધ રીત, તૈયાર થએલી ડિઝાઈનને કાપડ પર ઉતારવા માટેની જુદી જુદી પદ્ધતિની સમજ, કાપડ પર એ ડિઝાઈન છાપવા માટેની વિવિધ રીત અને એને યોગ્ય રંગના રાસાયણિક પ્રકારો, કાગળ ને પ્લાસ્ટિક પર પણ આવી ડિઝાઇનો ઉતારવાની પદ્ધતિઓ વગેરેની સચિત્ર સમજ એમાં આપી છે,


વળી, મહત્ત્વાકાંક્ષી યુવાનો સ્વતંત્ર રીત નાના પાયા પર આ ક્ષેત્રમાં પડી શકે એ હેતુથી 'ટેબલ-સ્ક્રીન પ્રિન્ટિંગ' અને 'બાટિક' જેવી બે મહત્ત્વની અને આજકાલ અનેકવિધ ધંધાકીય શક્યતાઓ ધરાવતી છપાઈપદ્ધતિ વિષેનાં બે ખાસ પ્રકરણો રાખી તેની પ્રારંભથી અંત સુધીની વિગતવાર સમજણ આપી છે.

આમ કાપડ પરની શોભન-કળાના ઇતિહાસથી આરંભી, શોભનોના વિવિધ પ્રકાર, એમાં પ્રયોજાતા પ્રાકૃતિક ને ભૌમિતિક આકારોનું વૈવિધ્ય, વિવિધ ભાતની કાપડ પરની પુનરાવૃત્તિ ને એ માટેના અનુસંધાનની રીતો, વસ્ત્ર છપાઈ માટેની લાકડાંનાં બીબાંથી માંડી બાટિક સુધીની વિવિધ પદ્ધતિઓ તથા છપાઈ માટેનાં વિવિધ સાધનો અને એમના લાભાલાભની સમજ, કાપડ પર છાપવા માટે વપરાતા વિવિધ પ્રકારના રંગો તેની ઉપયોગિતા ને મર્યાદા, કાગળ અને પ્લાસ્ટિક પર પણ આ પ્રકારની કળાની ઉપયોગિતા, 'સ્ક્રીન પ્રિન્ટિંગ' અને 'બાટિક' પદ્ધતિની છપાઈની વિસ્તૃત અને સર્વાંગી માહિતી વગેરે સાથે આ બધા જ પ્રકારની છપાઈ અને શોભનોનાં ૫૧ જેટલાં ઉદાહરણરૂપ ચિત્રો ઉપરાંત છેવટ રૂપાંકન

વિઘ્નેશ્વર

એક વિરલ પ્રતિમા

લેખક અને તસ્વીરકાર
દિનકર મહેતા



મહાદેવની પૂજા ભારત તેમજ ભારત બહાર ઘણા પ્રાચીનકાળથી થતી આવી હોવાનાં અનેક પ્રમાણો ઉપલબ્ધ છે. સંહારના આ દેવ શિવના બે પુત્રો : કાર્તિકેય અને વિઘ્નેશ્વર. (વિઘ્નેશ્વર વિષે સામાન્ય સમજ એવી છે કે તે વિઘ્નને દૂર કરનાર દેવ છે. પણ પુરાણો પ્રમાણે વિઘ્નેશ્વર, વિઘ્નના કર્તા ને હર્તા બંને છે.) કાર્તિકેય અતિપ્રતાપી અને કાંતિમાન તો વિઘ્નેશ્વર શાણપણ-અને ડહાપણનો ભંડાર મનાય છે.

વિઘ્નેશ્વરના ઉદ્‌ભવ અંગે લિંગપુરાણ, શિવપુરાણ, વરાહપુરાણ, મત્સ્યપુરાણ, સ્કંદપુરાણ વ. પુરાણો તથા સુપ્રભેદાગમ જેવા પ્રાચીન ગ્રંથમાં જુદીજુદી કથાઓ કહી છે. વિઘ્નેશ્વરનો સૌથી પ્રાચીન ઉલ્લેખ ઐતરેય બ્રાહ્મણમાં જોવા મળે છે. ગણપતિ, ગણેશ, એકદંત, હેરમ્બ, લંબોદર, શૂર્પકર્ણ, ગજાનન, વિનાયક, વક્રતુંડ તથા ગૃહાગ્રજ જેવાં અનેક નામ-સ્વરૂપે વિઘ્નેશ્વર પૂજાય છે. વર્તમાન સમયમાં ગણેશ કે ગણપતિ નામે, પ્રત્યેક શુભ કાર્યના આરંભે એનું પૂજન-સ્થાપન હિંદુઓમાં થાય છે.

થોડા સમય પહેલાં દુષ્કાળ રાહત વેળા, જામનગર જિલ્લાના ભાણવડ તાલુકાના, ભાણવડ અને ફતેપુર ગામને જોડતા રસ્તાના ખોદકામ દરમિયાન એક મજૂરને વિઘ્નેશ્વરની એક ધાતુપ્રતિમા મળી આવી છે. (પ્રતિમાની માલિકી અંગે ટ્રેઝર ટ્રોવ ઍક્ટ મુજબ કાનૂની કાર્યવાહી ચાલે છે) જમીનમાં લગભગ દોઢેક ફૂટ નીચે આ પ્રતિમા દટાએલી હતી. પથ્થરની પ્રતિમાના સમયાંકન કરતાં ધાતુપ્રતિમાનું સમયાંકન કરવું જરા કઠિન છે અને તેમાં યે સંદર્ભશૂન્ય સ્થળેથી મળેલી પ્રતિમાનું સમયાંકન વધુ કઠિન બની જાય છે. આવી સ્થિતિમાં થોડું જોખમ હોવા છતાં ફક્ત શૈલી પર આધાર રાખી સમયાંકન કરવું પડે છે.

પ્રાપ્ત પ્રતિમાની ઊંચાઈ ૭.૦૬, લંબાઈ ૪.૦૦ અને પહોળાઈ ૩.૦૭ સે.મી. છે તેનું વજન ૧૪૩ ગ્રામ છે. વિઘ્નેશ્વરની પ્રતિમા માટે મૂર્તિવિધાનને લગતા પ્રાચીન ગ્રંથોમાં શાસ્ત્રીય લક્ષણો દર્શાવતાં જે વર્ણનો છે તેમાં બે હાથથી માંડી અઢાર હાથવાળી પ્રતિમા બનાવવાના નિર્દેશો મળે છે. ચર્ચિત પ્રતિમા ચતુર્ભુજ છે. વિઘ્નેશ્વરની ચતુર્ભુજ પ્રતિમાનાં સ્વરૂપોમાં વક્રતુંડ, ઉચ્છિષ્ટ, બીજ અને ક્ષિપ્ર મુખ્ય સ્વરૂપો છે. આ ચાર સ્વરૂપોમાંથી પણ વિનાયક અને વક્રતુંડ સ્વરૂપ ગુજરાતમાં વધુ લોકપ્રિય અને પ્રચલિત છે. પરંતુ પ્રાપ્ત પ્રતિમાનાં આયુધો અને ઉપકરણો જોતાં વિનાયક કે વક્રતુંડ સ્વરૂપ સાથે તેનો મેળ મળતો નથી. પ્રતિમા બનાવનારે વિગતોને ટાળી છે. ચહેરા પર પણ આંખો કે એવી વિગતો અંકિત કરી જણાતી નથી. પ્રતિમા અર્ધપર્યંકાસનસ્થિતિ છે. સૂંઢ ડાબી તરફ વાળી મોદકને સ્પર્શે છે. (સામાન્ય રીતે સૂંઢ ડાબી તરફ જ વાળવામાં આવે છે; જમણી તરફ વાળેલી સૂંઢવાળી પ્રતિમા જૂજ છે.) ચાર હાથમાં બે વામ હસ્તમાં અનુક્રમે પાશ અને મોદક છે અને દક્ષિણ હસ્તમાં શંખ(?) અને દંત જણાય છે. અલંકરણો ઓછાં છે. પગમાં પાદ-ચૂડક જણાય છે. ઉદરબંધ તથા યજ્ઞોપવીત ધારણ કરેલાં છે. ઉદરબંધની, ઉદર પાસે ગાંઠ વાળી તેનો એક છેડો બંને પગ વચ્ચેથી આગળ લંબાવેલો છે. પરંતુ ન સમજી શકાય તેવી બાબત, ઉદરબંધ પર સૂંઢનો એક બીજો આકાર આવેલો છે તે છે. વામ પાદ પાસે ગણપતિનું વાહન મૂષક છે. શિરોભાગ પાસે શિવલિંગ બતાવ્યું છે. પ્રતિમાના નિરીક્ષણ પરથી આ પ્રતિમા ઇતિહાસના મધ્યકાળની હોવાનું અનુમાન થઈ શકે છે.

વિઘ્નેશ્વરની પૂજાનો પ્રચાર ડૉ. ભાંડારકરના મત પ્રમાણે ઈ. સ.ના ચોથા સૈકા પછી ભારતમાં થયો હશે. પણ પ્રાચીન પ્રતિમાઓના આધારે જાણી શકાય છે કે આ પૂજા ઘણા પ્રાચીન સમયથી પ્રચલિત હશે ને ગુજરાતમાં મોડામાં મોડો તેનો પ્રચાર ઈ. સ.ના પાંચમા-છઠ્ઠા સૈકામાં થયો હશે; કારણ કે સાબરકાંઠા તેમજ જામનગર જિલ્લાના ગોપના મંદિરમાં પણ એ પ્રતિમા જોવામાં આવે છે. ગુજરાતમાં ગોપનું મંદિર સૌથી પ્રાચીન મંદિર છે. વિવાદાસ્પદ રીતે આ મંદિર ઈ. સ.ના છઠ્ઠા સૈકાનું હોવાનું પુરાતત્ત્વવિદો માને છે. ઉપરાંત કદવારના પ્રાચીન વરાહમંદિરમાં પણ આવી પ્રતિમા છે. ગાણપત્ય સંપ્રદાય ધુમલીના સૈન્ધવોના સમયમાં સારી પેઠે પ્રચારમાં હશે તે ધુમલીમાં આવેલા સ્વતંત્ર ગણેશમંદિરથી સમજાય છે.

ભારતમાં ધાતુપ્રતિમાના ક્ષેત્રે સૌથી વિશેષ પ્રદાન દક્ષિણ ભારતનું છે. તેના પ્રમાણમાં ગુજરાતમાં ધાતુપ્રતિમાનું નિર્માણ અલ્પ ગણાય. અને તેમાં યે જ્યાં સુધી અકોટા ધાતુપ્રતિમાનિધિ પ્રાપ્ત થયો નહોતો ત્યાં સુધી તો ગુજરાત ધાતુપ્રતિમા ક્ષેત્રે નહિવત્ પ્રતિનિધિત્વ ધરાવતું હતું. આ પ્રતિમાની પ્રાપ્તિથી ગુજરાતના ધાતુપ્રતિમા-ભંડારમાં એકનો વધારો થાય છે. □

કલા વિષેનાં અન્ય ઉપયોગી પ્રકાશનોની યાદી મૂકીને લેખકે આ પુસ્તકને આ ક્ષેત્રમાં પડેલા અને પડવા માગતા સૌ કોઈને એક ઘણું ઉપયોગી પ્રકાશન આપ્યું છે. ૯''×૧૧'' ઇંચના મોટા કદનાં ૧૦૬ પાનાંના વિસ્તૃત અને પાકા પૂઠાના બાઈન્ડિંગ સાથેના આ પ્રકાશનની ૩૫/- રૂપિયાની કિંમત પણ કાગળ અને શાહીના તેજ ભાવો સામે એની સુંદર રજૂઆત ને ઉપયોગિતાની દૃષ્ટિએ મોંઘી નહિ ગણી શકાય.

(પ્રકાશક: લક્ષ્મીપ્રસાદ ના. સેવક, શ્રી સ્કીન પ્રિન્ટિંગ પ્રોસેસ, ૨૧ ન્યૂ પટેલ સોસાએટી, જવાહર ચોક, મણિનગર, અમદાવાદ-૮)

પરિચય ટ્રસ્ટને મળેલા શ્રી નિરંજન ભગતનાં કાવ્યોના કૉપીરાઈટ

શ્રી નિરંજન ભગતને રણજિતરામ સુવર્ણચંદ્રક અર્પણવિધિ પ્રસંગે તેમણે તેમના કાવ્ય-સંગ્રહ 'છંદોલય બૃહત્' (છ કાવ્ય-સંગ્રહો—'છંદોલય ૧૯૪૯', 'કિન્નરી', 'અલ્પવિરામ', 'છંદોલય ૧૯૫૭', 'પ્રવાલ દ્વીપ', '૩૩ કાવ્યો'—અને અન્ય અગ્રંથસ્થ કૃતિઓ)ના કૉપીરાઈટ મુંબઈના પરિચય ટ્રસ્ટને સુપરત કર્યા છે. પંડિત સુખલાલજીએ પણ ટ્રસ્ટને પોતાની ગુજરાતી તથા અન્ય ભાષાની તમામ કૃતિઓના કૉપીરાઈટ સુપરત કર્યા છે. તેમજ સ્વ. ગગનવિહારી મહેતાએ પણ તેમના નિબંધસંગ્રહ 'અવળી ગંગા'ના કૉપીરાઈટ ટ્રસ્ટને આપેલા છે.





ટિકિટસંગ્રહ

સ્વ. કમલા નેહરુની યાદમાં બહુરંગી ટિકિટ પછી ગયા માસની ૨૪મી તારીખે ભારતે નિવૃત્ત થતા રાષ્ટ્રપતિ શ્રી વી. વી. ગિરિના માનમાં પણ એક ખાસ બહુરંગી ટિકિટ બહાર પાડી. ગયા માસની ૧૪મીએ એક બીજી પણ ખાસ ટિકિટ (ડાબી બાજુ નીચે) બહાર પડી. સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ દુનિયાની પ્રજાના સર્વાંગી હિત માટે પરિવાર-નિયોજનના વિચારને દુનિયાભરમાં ગંભીરપણે મહત્ત્વ આપવાના હેતુથી આ વર્ષને 'વર્લ્ડ પોપ્યુલેશન યર'—વિશ્વ જનસંખ્યા વર્ષ મનાવ્યું છે. આ વિચારને વિસ્તૃત પ્રસારણ આપવા આ ખાસ ટિકિટ બહાર પાડી છે. (પ્રેષક: ડાહ્યાલાલ સી. પરમાર • અમદાવાદ)



સર વિન્સ્ટન ચર્ચિલની જન્મશતાબ્દી નિમિત્તે આવતા ઑક્ટોબરની ૯મી તારીખે બ્રિટન ચાર ખાસ ટપાલટિકિટ બહાર પાડશે. અગાઉ ઈ. ૧૯૬૫ની ૮મી જુલાઇએ પણ સર ચર્ચિલના માનમાં એક ખાસ ટિકિટ બહાર પડી હતી. આ રીતે બ્રિટિશ પ્રજાના વ્યક્તિવિશેષને ટપાલ-ટિકિટ પર બે વાર અંકિત થવાનું માન પામનાર ચર્ચિલ એકલા જ છે. કિંમત પ્રમાણે અનુક્રમે આ ચાર ટિકિટ પર 'લૉડ વૉર્ડન ઑવ ધી ચિંક પૉર્ટ્સ'ના ગણવેષમાં (ઈ. ૧૯૪૨), ઈ. ૧૯૪૦માં, ઈ. ૧૯૧૯માં સેક્રેટરી ફૉર વૉર ઍન્ડ એર તરીકે ને ઈ. ૧૮૯૯માં 'સાઉથ આફ્રિકન લાઈટ હોર્સ'ના ગણવેષમાં ચર્ચિલની છબિઓ આપી છે.

(પ્રેષક: રમણિકલાલ સોલંકી–લંડન)







ભૂતપૂર્વ જૂનાગઢ રાજ્યની ત્રણ ટિકિટો. ઈ. ૧૯૪૯માં કોઈ કારણોસર જૂનાગઢ રાજ્યે ભાવનગર રાજ્ય પાસેથી એમની એક આનાની કિંમતની રેવન્યુ ટિકિટો ખરીદી એના પર 'U. S. S. Revenue & Postage, Saurashtra' એવું લખાણ ઓવર પ્રિન્ટ કરવું પડેલું. એમાંની એક ટિકિટ બાજુમાં આપી છે. આ ઓવરપ્રિન્ટમાં યે ઘણીખરી ટિકિટો પર અનેક છાપ ભૂલો હતી. છેડા પરની ઉપરની ટિકિટ 'દીવાનશાઈ કોરીના ૧ આના'ની કિંમતની હતી જે ત્યાંના 'સૌરાષ્ટ્ર નીતિપ્રકાશ' છાપખાનામાં એક શીટમાં વીસવીસના હિસાબે ને લીલી શાહીમાં છપાએલી. તેની નીચેની ટિકિટ જૂનાગઢ સ્ટેટના વૉટર માર્કવાળા એક શીટ પર ૧૬-૧૬ના બે જૂથમાં જાંબલી રંગમાં છપાએલી. એની કિંમત ત્રણ પાઈ (૩/૧૯૨ રૂપિયા)ની કિંમતની હતી.

પ્રેષક: એમ. કે. ભોજક
સિહોર જંકશન • સૌરાષ્ટ્ર

કંકાવટી

કરકસર

આજે સતત વધતી જતી મોઘવારીનાં અનેક કારણો છે. અને સૌ પોતપોતાની સમજ પ્રમાણે એ ચર્ચે છે પણ દેશહિતની રક્ષા માટે ગુલબાંગો ફેંકવાને બદલે, વધતી જતી મોંઘવારીમાં સીધી કે આડકતરી રીતે આપણો ક્યાં અને કેટલો હિસ્સો છે એ ગંભીરતાથી વિચારવું ઘટે. અનુભવીઓ અને અર્થશાસ્ત્રીઓ કહે છે કે બિનજરૂરી ખર્ચ પણ મોઘવારીમાં વધારવાનું એક કારણ છે. અગાઉથી ચાલી આવતી રસમોમાં ફેરફાર કરવાની અને બાહ્યાડંબર કરી બીજા કરતાં ચડિયાતાં દેખાવાની નિરર્થક દોડમાંથી ખસી જવાની હિંમત હોય તો કરકસર કરવાની હજી યે ઘણી તકો મળી રહે.

કરકસરના કેટલાક બહુ જાણીતા માર્ગોમાં ઘણાને આંગળાં ચાટીને પેટ ભરવા જેવું યે લાગતું હશે, પોતાની રોજિંદી અનિવાર્ય જરૂરિયાત જેમ અપનાવી લીધેલાં વ્યસનો છોડવાં પણ ઘણાંને નહિ ગમે. પણ આ દિશામાં કંઈ તાળાં નથી દેવાઈ ગયાં. પ્રયત્ન કરીએ તો ત્યાં પૂર્ણતઃ નહિ તો યે ઠીકઠીક ખર્ચ ઘટાડી શકાય.

કરકસર કરવામાં નિષ્ફળ જવાનાં જે થોડાંક કારણો છે તેમાં બે મુખ્ય ગણી શકાય. એક તો આપણે કેટલીક નિરથક જરૂરિયાતોને અનિવાર્ય ગણી અપનાવી લીધી છે ને બીજું જાણ્યે-અજાણ્યે પણ કરકસર કરવામાં આપણે હીણપત અનુભવીએ છીએ. ખરી રીતે કરકસરને આપણે આપણી કમાવાની અશક્તિના સ્વીકાર તરીકે નહિ, પણ મોઘવારી સામેના પ્રામાણિક પુરુષાર્થ તરીકે મૂલવવી જોઈએ. ખર્ચ તો મિનિટોમાં સેંકડોનો થઈ શકે છે, પણ મિનિટોમાં એટલી ઝડપથી પ્રામાણિકપણે કમાઈ શકાતું નથી.

અને કરકસર એટલે ખર્ચ પર કાપ જ મૂકવો એવું યે નથી. સમયસરનાં અને વિચારપૂર્વકનાં કેટલાંક નાનાં ખર્ચ ભવિષ્યના મોટા ખર્ચમાંથી ઉગારી લે છે. એ જ રીતે નાનીનાની અનેક બાબતો પ્રત્યેની સજાગ દૃષ્ટિ અને ચીવટ પણ કેટલાંક ખર્ચમાંથી બચાવી લે છે. કોઈ પણ ચીજને નકામી ગણી કાઢી નાખતાં પહેલાં એનો હજી પણ ઉપયોગ થઈ શકે કે નહિ એ વિચારીએ તો એના અનેક નવા ઉપયોગો જડી રહે.

ખર્ચ બચાવવા ઉપરાંત કરકસરનું એક બીજું પાસું પણ છે. દા. ત. કેટલાક માણસોને વિવિધ વાનગીઓ ખાવા-બનાવવાનો શૉખ હોય છે. બે રીતે એ શૉખ સંતોષાય : એક નવીનવી ખાદ્ય ચીજો ખરીદીને અને બીજી રીત તે ઘરમાં જે કંઈ હોય એમાંથી જ અવનવી વાનગીઓ બનાવીને. પહેલો માર્ગ ખર્ચાળ છે, બીજો કરકસરયુક્ત. તૂરિયાંની કૂમળી નસો કે દૂધીની કૂમળી છાલનો સંભાર, ફાટેલા દૂધનો હલવો, ચોખામાંથી નીકળેલી કણકીનાં ઢોકળાં, વધેલો ભાત નાખી બનાવેલાં ઢેબરાં, વધેલી રોટલીના ખાખરા કે ચેવડો વગેરે જેવી અનેક જાણીતી વાનગી કરકસર પર મંડાએલી છે. ઘણી ઘરરખુ બહેનો આવી અનેક વાનગીઓ બનાવતી રહે છે. આમાં કરકસર સાથે નવીનતા ભળવાથી એ જલદી સ્વીકાર્ય બની જાય છે.

કેટલાક વાચકોએ પણ કરકસર અંગે અમને અનેક સૂચનો લખી મોકલ્યાં છે. ખિસ્સાખર્ચ પર કાબૂ રાખવો, એક તરફ લખાએલા કાગળોની પાછલી કોરી બાજુ કામમાં લેવી, પત્રવ્યવહારમાં આવતી પિન-ટાંકણીઓ એકઠી કરી ફરી વાપરવી, ડુંગળી, બટાટા જેવાં શાક એકસામટાં ખરીદી રાખવાં વગેરે જેવા અનેક માર્ગો તો હવે ઠીક ઠીક જ્ઞાત થઈ ગએલા છે. છતાં કેટલાંક સૂચનો તારવીને આ નીચે આપ્યાં છે. કોઈકને એ કામ લાગશે જ.

■ ઘસાઈ ગએલા સાબુની ચપતરીઓને નવી ગોટી પર ચોડીને, કે એવી ચપતરીઓને પાણીમાં ઓગાળીને વાપરી શકાય.

નાણાં-કોથળીની દોરી

ગમે તેવી સારી આવક ધરાવતા મધ્યમ વર્ગના કુટુંબની ગૃહિણી પણ આજકાલ આવક-જાવકનાં બે પાસાં સરખાં કરતાં ઘણી મુશ્કેલી અનુભવે છે. એવા કુટુંબની દરેક ગૃહિણીએ, સગવડભર્યું ઘર, પૂરતો ખોરાક, સુઘડ વસ્ત્રો, બાળકોનો વિકાસ થઈ શકે એવી સુવિધાઓ, સામાજિક વ્યવહારોનું પાલન અને ધાર્મિક વિધિઓ – એટલી બાબતો પૂરી કરવાની હોય છે. આજની મોંઘવારીમાં ગૃહિણીની આ ઇચ્છાઓનો સુમેળ સાધવાનો એકમાત્ર ઉપાય છે સમજપૂર્વકની ને કંજુસાઈમાં ન ખપી જાય એવી કરકસર. તે માટે નીચે કેટલાંક સૂચનો આપ્યાં છે.

દર મહિનાની શરૂઆતમાં સાથે પેન્સિલ બાંધેલી (જેથી ગમે ત્યારે હાથ લાગે, દર વખતે નવી ન કાઢવી પડે અને હાથવગી હોવાથી શોધવાની આળસમાં લખવાનું મુલતવી ના રહે) એક નોટબુકમાં આખા મહિનાના ખર્ચનું બજેટ બનાવવું. અનાજ, કાપડ, ફી, મનોરંજન, નોકર, દવા, દાન, ઘરભાડું, શાકભાજી વગેરે જે જે બાબતો અંગે ખર્ચ કરવાનું હોય એ દરેકની બજેટ મુજબની રકમ જુદાં જુદાં કવરમાં મૂકવી. એ દરેકમાંથી ખર્ચતાં બજેટથી વધી ન જાય એ જોતા રહેવું, અને મહિનાના અંતે બચે તો બચતના કવરમાં એકઠું કરવું.

જે બાબત અંગેનું ખર્ચ બજેટ કરતાં વધી જાય એનાં કારણો તપાસવાં અને એ અંગે ઘટતા ઉપાય અજમાવવા. ઉદાહરણ તરીકે દવાનું બિલ વધી જાય તો બાળકોને કે ઘરના અન્ય કોઈને શરીરમાં કોઇક કસર ક્યાંક હોય એ તપાસી એનો ઘરગથ્થુ ઉપાય કરવો.

માસિક બજેટ ઉપરાંત દૈનિક ખર્ચની પણ વ્યવસ્થિત નોંધ રાખતા જવી. અને અઠવાડિયાના અંતે બજેટ કરતાં એ ખર્ચ વધી ન જાય એ માટે સજાગ પ્રયાસ કરવો.

ઘરમાં પરચૂરણ પૈસા ગમે ત્યાં આડાઅવળા મૂકવાથી બાળકો ને નોકરને ચોરી કરવાની પ્રેરણા મળે છે. એના કરતાં, પહેલાંના વખતમાં રખાતી એવી, કાપડની લાંબી દોરી બાંધેલી કોથળીમાં પૈસા રાખવા એ વધારે સગવડ ને સલામતીભર્યું છે.

ખરીદવાની વૃત્તિ પર સંયમ રાખો. જૂની વસ્તુ ઘસાતી જાય તેમ એક રીતે તેનું સૌંદર્ય વધે છે; તેને માટેનું એક મમત્વ જાગે છે. એ મમત્વ જાગતું રાખો અને એ વસ્તુ ઉપયોગ માટે સાવ નકામી ન થઈ ગઈ હોય ત્યાં સુધી નવી ખરીદવી નહિ. જૂની વસ્તુઓ સસ્તા ભાવે વેચી દઇ પૈસા એકઠા કરી લેવાનો મોહ તાત્ત્વિક રીતે જોતાં તો નુકસાનકર્તા જ છે.

તમારા મોટા બાળકનાં ઊતરેલાં પણ સારાં કપડાં નાનાને આપતાં એમાં થોડી કાપકૂપ કે ડિઝાઈન કરી નવા જેવાં બનાવશો તો બાળક આનાકાની નહિ કરે. ઊતરી ગએલાં પૅન્ટ, ધોતિયાં, શર્ટ ઓશિકાના ગલેફ કે લૂછણિયા તરીકે વાપરી શકાય, સાડી કે ટેબલ-ક્લૉથમાંથી સ્કર્ટ કે ફ્રૉક બને.

બજારમાં ખરીદી કરવા જાતે જ જાઓ, ને નોકરના કમિશનનો બચાવ કરો. બાળકો માટે પુસ્તકો ખરીદવાં મોઘાં પડતાં હોય તો એમને નજીકની લાયબ્રેરીનાં સભ્ય બનાવો. કુટુંબની આવકમાં મદદરૂપ થવા ભરત, ગૂંથણ, શાકભાજી વાવવાં, આવડે તો લેખનકાર્ય વગેરે જેવા ઉદ્યોગો કરવા.

કુટુંબનાં સભ્યોને, લાઈટ નકામી ન બાળવા, રેડિયો અમસ્તો ચાલુ ન રાખવા, હોટલમાં ચા-નાસ્તો ન કરવા, જમતી વખતે ન છાંડવા, કપડાં સ્વચ્છ રાખવા આદિ નાની નાની બાબતો વિષે સૂચનાઓ આપી તમારી કરકસર-ઝુંબેશમાં સહાયક થવા વીનવવા.

નાણાં-કોથળી યોગ્ય રીતે સાચવવામાં સ્ત્રીશક્તિની કસોટી છે. એની દોરી એટલી ઢીલી ન હોવી જોઈએ કે દેવાદાર થઈ જવાય; એટલી ચુસ્ત ન હોય કે બધા દુઃખી થઈ આપણને કંજુસ કહે.

મોગરો



આંગણામાં ખીલતાં ફૂલ ને સુશોભિત છોડ તમે ઇચ્છો કે ન ઇચ્છો તો ય પોતાની તરફ કેટલીક વાર તો અચૂક આકર્ષે છે. મોટાં શહેરોમાં પરામાં વસતા સ્થિતિસંપન્ન લોકોને અને સોસાએટીઓના બંગલાવાસીઓને ફૂલછોડ માટે થોડી ઘણી ખુલ્લી જગ્યા પણ મળી રહે છે. ગામડાંમાં પણ ઘરઆંગણામાં સૌ પાસે ઓછીવત્તી ખુલ્લી જમીન હોય છે. જેમની પાસે આવી સગવડ ન હોય તેઓ પણ ઘરની બારીમાં, અગાશીમાં કે ઝરૂખામાં કૂંડું, ટોપલી કે ખોખું અથવા કાણી બાલદી કે જૂનું માટલું કે ખાલી ડબ્બાનો ઉપયોગ કરીને ફૂલછોડ ઉછેરી શકે છે. જરૂર છે આ માટેના ઉત્સાહની અને થોડીઘણી જાણકારીની.

કૂંડામાં કે ખોખાં, વગેરેમાં છોડ ઉછેરવાનો હોય તો સૌ પ્રથમ એને તળિયે આંગળી જેટલાં પહોળાં બેચાર કાણાં કરવાં જરૂરી છે. એ કાણાં ઉપર ચારપાંચ ઠીકરાં મૂકવાં. તેની ઉપર થોડાં સૂકાં પાન કે ઘાસ મૂકવું. અને આની ઉપર સારું સડેલું છાણિયું ખાતર અને ખેતરની સારી માટી એ બે સમભાગે મેળવેલાં હોય તેવું મિશ્રણ છલોછલ ભરી દેવું. જમીનમાં છોડ રોપવાનો હોય તો છાયા વગરની જગ્યા પસંદ કરી તેને ૨૫-૩૦ સેન્ટીમીટર જેટલી ઊંડી ખોદી તેમાંથી કાંકરા, પથ્થર, ઘાસનાં જડિયાં વગેરે કાઢીને પાછી ભરી દેવી. આની ઉપર સારા સડેલા છાણિયા ખાતરનો ત્રણેક સેન્ટીમીટર જાડો થર પાથરવો અને પાવડા વડે તે જમીનમાં ભેળવી દઈ ઢેફાં વગેરે ભાંગી બધું સમથળ કરવું. છોડ રોપવા માટે આટલી પ્રાથમિક તૈયારી બસ થઈ રહેશે.

છોડ રોપ્યા પછી તેને નિયમિત પાણી આપવું જોઈએ. વળી તેને યોગ્ય સમયે પૂરતું ખાતર પણ આપવું જોઈએ. કૂંડાનો છોડ દર વરસે બહાર કાઢી, થોડીઘણી માટી કાઢી નાખી, શક્ય હોય તો મોટા કૂંડામાં ભરવો અને છાણિયા ખાતર તથા માટીનું સમભાગી નવું મિશ્રણ આપી કૂંડું ભરી દેવું. મોટા ભાગના છોડની ચોમાસામાં આમ ફેરબદલી કરવી. જમીનમાંના છોડને દર વરસે બેત્રણ તગારાં છાણિયું ખાતર આપવું. ખાતર સામાન્ય રીતે ચોમાસાની શરૂઆતમાં દેવાનું હોય છે, પરંતુ કેટલીક જાતો માટે બીજા સમયે ખાતર આપવું હિતાવહ છે. છોડને ખાતર પાણી ઉપરાંત ગોડ આપવાની પણ ખાસ જરૂર છે એ બહુ ઓછાને ખયાલ હોય છે. ખુરપીથી છોડની આજુબાજુની ઉપરની જમીન ખોદી લેવાથી છોડનાં મૂળને જરૂરી હવા મળે છે અને કચરો-ઘાસ વગેરે નીકળી જાય છે. એનાથી છોડનું તેજ વધે છે. દર પંદરેક દિવસે આમ થાય તો ઘણું સારું.

ફૂલવાળા છોડને જેટલો તડકો અને હવા મળે તેટલું સારું. સામાન્ય રીતે કૂંડા કરતાં જમીનમાંના છોડ વધુ જોરદાર અને તંદુરસ્ત હોય છે. મોટા થતા હોય તેવા છોડને શરૂઆતનાં એકાદ બે વરસ કૂંડાંમાં રાખી પછી જમીનમાં કે વધુ મોટા કૂંડામાં ફેરવાય તો તે વધુ સારા રહે છે.

એક કવિએ ગાયું છે કે 'મીઠી સુગંધી બટ-મોગરાની...' એ ખરું જ છે. મોગરાની ખુશબૂથી ભાગ્યે જ કોઈ અજાણ હશે.

મોગરાનાં ફૂલનો મહિમા પૌરાણિક કથાઓમાં પણ આવે છે. મોગરાના ફૂલની માળા અને વેણીના તો અનેક ઉલ્લેખો જોવા મળે છે. મોગરાનાં ફૂલ સુગંધી છે એટલું જ નહિ, પરંતુ વાતાવરણમાં એક જાતની ઠંડક ઊભી કરતાં હોય એવું પણ જણાય છે. ઉનાળાની બપોરે મોગરાનાં ફૂલ ફૂલદાનીમાં ભર્યાં હોય એવા ઓરડામાં દાખલ થઈએ ત્યારે તેની પ્રતીતિ જરૂર થાય.

મોગરાના છોડ ઉછેરવા બહુ મુશ્કેલ નથી. દુ:ખ એટલું જ કે ફક્ત ઉનાળામાં જ મોગરાને ફૂલ આવે છે. મોગરાનો છોડ એકાદ મીટર ઊંચો થાય છે. કૂંડામાં મોગરો ઉછેરવો હોય તો કૂંડુ મોટું વાપરવું. ને જમીનમાં બે છોડ વચ્ચે ઓછામાં ઓછું એક મીટર અંતર રાખવું.

ફૂલ આવી ગયા પછી મોગરાને વરસાદનું પાણી મળે તે જોવા સિવાય બીજી ખાસ દરકાર જરૂરી નથી. પછી શિયાળાના અંત ભાગમાં એની ચારે બાજુ ઊંડો ગોડ કરી ખાતર આપી બરોબર પાણી આપવા માંડીએ તો ઉનાળામાં પુષ્કળ ફૂલ ખીલી ઊઠે છે.

મોગરાની ઘણી જાત છે. એક છે સાદો અથવા મોતીઓ મોગરો. આનાં ફૂલની પાંખડીઓ સાધારણ ડબલ હોય છે. ફૂલ ઘણાં આવે છે. આમાં એક વેલ જેવી જાત થાય છે તેને વેલીઓ મોગરો કહે છે.

બીજી જાત છે ડબલ મોગરાની. એનાં ફૂલની પાંખડીઓ ઘણી વધારે હોય છે. બાકી આ બેઉ જાતની સુગંધીમાં ઝાઝો ફરક નથી; એટલું જ નહિ, બજારમાં આ બેઉ જાતો સાદા યા મોતીઆ મોગરા તરીકે જ ઓળખાતી હોઈ એની અલગ જાતના છોડ મેળવવા મુશ્કેલ છે.

ત્રીજી જાત છે બટમોગરાની. એનાં ફૂલ કોબીની માફક દડા જેવાં થાય છે. પાંખડીઓ ધીરેધીરે ખૂલે છે. ફૂલ પૂરેપૂરું ખીલ્યા બાદ એની સુગંધ પણ વધુ હોય છે. ફૂલ પણ લાંબો સમય ટકે છે. એનાં પાન પણ સાદા મોગરાના કરતાં કંઈક જુદાં પડે છે.

આ ઉપરાંત છૂટી લાંબી પાંખડીઓવાળાં ફૂલનો મોગરો થાય છે જેને મદનબાણ કહે છે. એનું નામ જ એની સુગંધનું સૂચક છે. એનો ફૂલનો ફાલ પણ ઘણો ઊતરે છે. મોગરાના છોડની વંશવૃદ્ધિ કટકાથી કે દાબાથી થાય છે. મોગરાના છોડને ખાસ કોઈ રોગ કે જીવજંતુ લાગતા નથી.

—મણિલાલ ઝ. શાહ

❚ નાહવાના સુગંધી મોંઘા સાબુને બદલે લીંબુ નિચોવેલું પાણી વાપરી શકાય. એથી યે તાઝગી આવે છે ને એ દુર્ગંધનાશક સાબુ જેવું જ કામ આપે છે. ચણાનો લોટ, આમળાં, શિકાખાઈ વગેરેથી પણ નહાઈ શકાય.

❚ બાળકોનાં ને ઘરમાં પહેરવા માટેનાં કપડાં ઘેર સીવી શકાય. દરજીએ સીવેલું જૂનું કપડું ઉકેલી નાખો તો કેમ વેતરવું તે સમજાઈ જશે.

❚ કાપડ વેતરતાં વધેલા રંગબેરંગી ટુકડા જોડી ચાકળા-ચંદરવા બનાવવાની ગ્રામકળા તો જાણીતી છે. એવા કકડાનો ઉપયોગ કરી લાકડાનો વહેર ભરીને બાળકો માટે અવનવાં રમકડાં પણ બનાવી શકાય.

❚ હાથે કામ કરવામાં શરમ લાગતી ન હોય તો રામા કે કામવાળીનો પગાર બચાવી શકો. અથવા જો યોગ્યતા હોય તો પરચૂરણ કામ માટે માણસ રાખી તમારો પોતાનો વખત કંઈ સવિશેષ આવક મેળવવા પાછળ ખર્ચી શકો.

❚ કાગળના ફેંકી દેવા જેવા કકડાઓ પલાળી એનો માવો કરી બાળકો માટે રમકડાં ને ઘરશોભન માટે અવનવી ચીજો બનાવી શકો.

❚ રસોઈ માટે જોઈતી ચીજ-વસ્તુ અગાઉથી જ તૈયાર કરીને નાહક બળતા કોલસા, કેરોસીન કે ગૅસ બચાવી શકો.

❚ રાત્રે હાથપગ ધોઈને જ સૂવાની ટેવથી સારી ઊંઘ તો આવે જ, પણ સાથે ચાદરો પણ ઓછી મેલી થાય.

❚ નાનુંનાનું અંતર ચાલી નાખવાથી ગ્રામ્ય ને વાહન ખર્ચ બચવા સાથે તબિયતને પણ ફાયદો થશે.

❚ તાજો, સાદો અને પૌષ્ટિક ખોરાક જ ખાવાનું રાખો તો તબિયત જળવાઈ ને દવાનો ખર્ચ બચશે.

❚ પરચૂરણ દવાઓ ઘરમાં રાખવાથી તત્કાલ કામ લાગશે અને ડૉક્ટરનો ખર્ચ બચાવશે.

❚ ડી. ડી. ટી. વગેરે જેવી જંતુનાશક દવાઓ કરતાં અવારનવાર લીમડાનાં પાનનો ધુમાડો વધુ અસરકારક છે.

❚ ઘરમાં બની શકે તેવી બધી ચીજ બજારમાંથી લેવાનું ટાળવું.

❚ માંદગી પ્રસંગે જાહેર ઇસ્પિતાલમાં તપાસ કે ઉપચાર કરાવી શકાય, ઊલટું ત્યાં સાધનોની સગવડને કારણે વધુ સારું નિદાન પણ થઈ શકે,

ખાનગી ડૉક્ટરોના ઉપચાર કરતાં એ ઓછું ખર્ચાળ છે.

◆ કામ કરી શકે તે સૌ નાનાંમોટાંએ ઘરમાં વહેંચીને કામ કરવું. કાગળની કોથળીઓ બનાવવી, પુસ્તકોના છપાએલા ફર્મા વાળવા, આખા મસાલા ખાંડવા, ભરતગૂંથણ કે સિલાઈ કરવી, પ્લાસ્ટિક કે નાઈલૉનની દોરીઓ ગૂંથીને અવનવી ચીજો બનાવવી વગેરે જેવાં ઘણાં કામ ઘરમાં થઈ શકે. જરૂર માત્ર હુન્નર હાથ કરવાની અને કામ કરવાની શરમ છોડવાની જ છે.

◆ વીજળીનો વપરાશ જરૂર પૂરતો જ કરી શકાય.

◆ જેમ ઘરનું કોઈ પણ કામ જાતે કરતાં ન સંકોચાવું તેમ બજારમાં ખરીદવાની વસ્તુ બે પાંચ જગ્યાએ જોવા-તપાસવામાં ને તેના ભાવતાલની જાંચ કરવામાં યે શરમાવું ન જોઈએ.

◆ પ્રત્યેક સાધનસામગ્રીને સમજપૂર્વક જાળવીને વાપરવી ને મરામત માગતી ચીજને આળસ કર્યા વિના તુરત સમારી કે સમારાવી લેવી.

◆ પાન-બીડી-તમાકુના પૈસા બચાવી બાળકો માટે વધુ દૂધ લઈ શકાય.

◆ દાઢી જાતે કરી શકાય તથા એક જ બ્લેડને કાચના ગ્લાસમાં ઘસીને લાંબો સમય કામમાં લઈ શકાય.

(કલ્યાણજી જ. કાપડિયા-મુંબાઈ-૨; સી. આર. શાહ અને સુનીતા વા. દેસાઈ-કપડવણજ; અઝીઝા એમ. શેખ અમદાવાદ; જશુ બાંધણીકર-બાંધણી; ચેતના બિ. ઝવેરી ભુજ અને પરમાર રતિલાલ નથ્થુદાસ-આખજનાં મોકલેલાં સૂચનોની આ તારવણી છે. આમાંની ઘણી ખરી રીતો એક યા બીજી રીતે ઘણા અજમાવતા યે હશે. હજી પણ મૌલિક અને વધુ રચનાત્મક એવાં સૂચનો માટે 'કુમાર'નું આમંત્રણ ઊભું જ છે.)

ડિસ્ટિલ્ડ વૉટર

થોડાં વર્ષ પહેલાં મુંબાઈમાં સારા સારા સ્ટૉર્સમાંથી મોટરની બૅટરી માટે ડિસ્ટિલ્ડ વૉટરના નમૂનાઓ લઈ એની તપાસ કરવામાં આવેલી. એમાં મોટા ભાગના નમૂનાઓ ભેળસેળવાળા ને અમુક તો નર્યા પાણીના જ જણાયા હતા. બૅટરી માટે એ હાનિકારક હોય છે.

આવી અવિશ્વસનીય સ્થિતિમાં ખર્ચ કરીને બૅટરી બગાડવાને બદલે છેલ્લાં પાંચેક વર્ષથી ડિસ્ટિલ્ડ વૉટરને બદલે હું વરસાદનું ચોખ્ખું પાણી જ વાપરું છું. ચોમાસામાં વરસાદ પડે ત્યારે અગાશીમાં કાચ કે પ્લાસ્ટિકનું વાસણ મૂકી એમાં એ સીધું જ ઝીલીને એના બાટલા ભરી રાખું છું. આ પાણીને ધાતુનો સ્પર્શ ન થાય એટલા સારુ બાટલાના બૂચ પણ કાચના યા બૂચના જ રાખવા જરૂરી છે; અન્યથા પાણીમાં વિકૃતિ પેદા થાય છે. અનુભવે મેં જોયું છે કે બજારુ ડિસ્ટિલ્ડ વૉટરની જગ્યાએ વરસાદનું ચોખ્ખું પાણી ઘણું સારું કામ આપે છે અને એથી બૅટરીની આવરદા પણ લંબાય છે.

—ડૉ. પ્રફુલ્લભાઈ વૈદ્ય, સૂરત

શતરંજના વિજેતાઓ • બૉબી ફિશર [૨]

આપણે આ પહેલાંના અંકમાં બૉબી ફિશરની શતરંજના વિશ્વવિજેતાપદ સુધીની કારકિર્દી જોઈ. હવે તેમની શૈલી અને ઉદાહરણાર્થે બે ત્રણ રમતો જોઈશું.

શતરંજ પ્રત્યેનો તેમનો પ્રેમ અદ્વિતીય છે. એમની રમત આક્રમક હોય છે અને તેને અનુકૂળ એવી થોડી શરૂઆતની પદ્ધતિઓ તેઓ અપનાવતા. તેમનાં મહોરાં જો સફેદ હોય તો 1 P-K4 અને કાળાં હોય તો 1 P-K4 સામે સીસિલીઅન અને 1 P-Q4 સામે ગ્રુનફેલ્ડ ડીફેન્સ રમતા. પણ સ્પાસ્કી સામે તેમણે આ સિવાય બીજી ઘણી પદ્ધતિઓ અપનાવી હતી.

રમતની પરિસ્થિતિના પૃથક્કરણમાં તેઓ ઘણા ઝડપી હોઈ નાનામાં નાની સરસાઈનો લાભ ઉઠાવી શકે છે. એમની રમત પણ ઝડપી હોઈ સમયમર્યાદાની કટોકટીમાં કદી મુકાતા નથી. અંતના તબક્કામાં પણ તેઓ નિષ્ણાત છે.

સામા પક્ષને હોય તેથી નબળો ગણવાની એમને ટેવ હતી. તેમની આ મોટામાં મોટી ખામી હતી. પણ ઈ. ૧૯૭૦ પછી આ ખામી પણ તેમણે દૂર કરી જણાય છે અને તેથી વિશ્વના બીજા મહા ઉસ્તાદો કરતાં ઘણે અંશે ચડિયાતું ધોરણ ધરાવે છે.

અહીં આપણે તેમની એક વિખ્યાત રમત જોઈશું, જેમાં ૧૩ વર્ષની નાની વયે તેમણે વજીરનો ભોગ આપીને તે વખતના એક આગળ પડતા અમેરિકન ખેલાડીને આકર્ષક રીતે હાર આપી હતી.

સફેદ મહોરાં D. Byrneનાં અને એમાં કાળાં R. J. Fischerનાં હતાં.

1 N-KB3, N-KB3; 2 P-B4 P-KN3; 3 N-B3, B-N2; 4 P-Q4, O-O; 5 B-B4, P-Q4; 6 Q-N3, P×P; 7 Q×BP, P-B3; 8 P-K4, QN-Q2; 9 R-Q1, N-N3; 10 Q-B5. અહીં 10 Q-N3 વધુ સારી ચાલ હતી.

10..., B-N5; 11 B-KN5? અહીં 11 B-K2ની જરૂર હતી. હવે ફિશર એક આશ્ચર્યજનક સુંદર ચાલ ચાલે છે—

11..., N-R5!; 12 Q-R3.


અહીં સફેદ 12 N×N રમે તો 12..., N×Pથી વજીર તેમજ ઊંટ ઉપર હુમલો આવે છે. પછી સફેદ ગમે તે ચાલ ચાલે પણ કાળાની સ્થિતિ વધુ સધ્ધર બને છે.

12..., N×N; 13 P×N, N×P! 14 B×P, Q×N3! 15 B-B4.

અહીં સફેદ 15 B×Rથી ઊંટના બદલામાં હાથી મેળવવા જાય તો 15..., B×B; 16 Q-N3, N×QBP; 17 Q×N? B-N5 ને સફેદ વજીર જાય અથવા 17 Q×Q, P×Q; 18 R-B1, B-N5 પછી કાળાની જીત છે.

15..., N×QBP!

હવે સફેદ 16 Q×N રમે તો 16..., KR-K1; અને 16 B×R, B×B પછી કાળાની રમત સારી છે પણ સફેદ પાસે એના કરતાં સારી ને જીતે એવી ચાલ છે. (૧) 16 B-B5, KR-K1ch; 17 R-B1. (જુઓ આકૃતિ.)



અત્યારે કાળના વજીર તેમજ ઘોડા ઉપર હુમલો છે. બન્નેને બચવાનો કોઈ ઉપાય દેખાતો નથી. પણ ફિશર ચોંકાવનારી ચાલ ચાલે છે.

17..., B-K3!!

વજીરનો ભોગ સફેદ ન સ્વીકારે તો શું થાય તે આપણે જોઈએ. દા. ત. 18 Q×N, Q×B; 19 P×Q, B×Q અને કાળા પાસે એક પ્યાદું વધુ છે તેથી જીતે એમ છે; અથવા 18 B×B, Q-N4ch; 19 K-N1, N-K7ch; 20 K-B1, N-N6 dbl.ch; 21 K-N1, Q-B8ch; 22 R×Q, N-K7 mate. ગૂંગળામણભરી મ્હાત (Smothered mate)નું આ એક સુંદર દૃષ્ટાંત છે.

આ જોતાં સફેદ વજીર સ્વીકારવાનું નક્કી કરે છે. B×Q, B×Bch; 19 K-N1, N-K7ch; 20 K-B1, N×Pdis.ch;

માત્ર કૉલેજિયનો જ નહિ, સૌ સાહિત્યરસિક ઉત્સુક વાચકોને પણ આકર્ષી રહેલી ડૉ. **મધુસૂદન પારેખ**ની લેખમાળા

અંગ્રેજી સાહિત્યનું આચમન

ખંડ ૩જો • પ્રકરણ ૯

રૂપે

આર્ડન ઑવ ફીવરશૅમ (૧૫૯૬)

પ્રનિશ ટ્રૅજેડી' કરતાં યે વિશેષ કલાસામર્થ્ય દાખવતી, કોઈ અણજાણ લેખકની 'આર્ડન ઑવ ફીવરશૅમ' (Arden of Feversham) ઇલિઝાબેથયુગની પહેલી કૌટુંબિક ટ્રૅજેડી છે. એમાં કોઈ રાજામહારાજા કે અમીર-ઉમરાવના કરુણ જીવનનો ચિતાર નથી, પણ મધ્યમ વર્ગના રોજિંદા જીવનની ઘટનાનું આલેખન છે, અને ઇલિઝાબેથ યુગના સામાન્ય કુટુંબજીવનનાં સુરેખ ચિત્ર તેમાં ઊપસ્યાં છે. આ કૃતિનો લેખક ભલે કવિ નથી, છતાં પાત્રોનાં ચિત્તમાં બે વૃત્તિ વચ્ચે ચાલતા આંદોલનનું નિરૂપણ તેણે કુશળતાપૂર્વક કર્યું છે. આ નાટકમાં સૂક્ષ્મ માનસિક સંઘર્ષ અને ઘટનાઓનું હૃદયસ્પર્શી આલેખન તેમજ પાત્રચિત્રણનું અપ્રતિમ કૌશલ જોઈ કેટલાક વિદ્વાનો તેને શેક્સપીઅરનું માનવા લલચાયા હતા, પરંતુ શેક્સપીઅરની શિષ્ટતા અને સૂક્ષ્મતા એમાં નથી.

ઍલિસ (Alice), આર્ડન ઑવ ફીવરશૅમની પત્ની, એક હલકી વર્ણના મતલબી શઠ મૉસ્બી (Mosby)ના પ્રેમમાં ઘસડાય છે. બંને ભેગાં થઈને આર્ડનની હત્યા કરવાનો પ્રપંચ ખેલે છે. ઍલિસની ઇચ્છા પતિના મૃત્યુ પછી મુક્તપણે મૉસ્બીને પામવાની છે; મૉસ્બીની દાનત ઍલિસ–આર્ડનના દલ્લા ઉપર છે. બંને પોતાનો પ્રપંચ પાર પાડે છે, પણ અંતે તેમનો ગુનો પ્રગટ થઈ જાય છે અને કાવ્યન્યાય તે પામે છે.

આર્ડનના પાત્રનું દોલાયમાન ચિત્ત નાટ્યકારે ભારે કૌશલથી આલેખ્યું છે. ઈર્ષા અને વિશ્વાસ એ બે વૃત્તિ વચ્ચે તેનું મન ઝોલાં ખાય છે. પ્રેમીઓની નિર્લજ્જ ચેષ્ટા જોઈ તેનો રોષ માઝા મૂકે છે, પત્નીનાં વિશ્વાસભર્યા વેણ તેને પ્રેમઘેલો બનાવી મૂકે છે; મૉસ્બીની નીચતા તે સમજે છે, છતાં તેને માફ કરી નિર્દોષ માની લે છે. આર્ડનની અસ્થિર મનોવૃત્તિનું સૂક્ષ્મ ચિત્રણ, પાત્રને એક નવું પરિમાણ આપે છે.

મૉસ્બી તો ખલ છે જ. એ એની શઠતાને અનુરૂપ વર્તન છેક સુધી રાખે છે; પરંતુ ઍલિસ, અદમ્ય વિકારનો શિકાર બનેલી. પ્રેમપ્રપંચમાં ઘસડાતી, દૂર ઊંડાં પાણીમાં તણાય છે. એના અંતરમાં ઉદ્ભવેલા વિકાર અને વિશ્વાસ વચ્ચેના ગજગ્રાહનું સચોટ ચિત્ર કદાચ પહેલી વાર અંગ્રેજી ટ્રૅજેડીમાં રજૂ થાય છે. ખરું જોતાં ઍલિસ પર જ નાટ્યવસ્તુનો મદાર છે. એની કામના એનામાં પ્રપંચ પ્રેરે છે. વાસનાથી અંધ બની, મૉસ્બીની પ્રેમજાળમાં પૂર્ણપણે ફસાઈને પતિની હત્યાનો પ્રપંચ તે ખેલે છે ખરી, પણ એ કાર્ય પૂરું થતાં જ તેની ભ્રમણા ભાંગે છે, તેની સદ્બુદ્ધિ જાગે છે. બંને પ્રેમીઓની મુલાકાતનાં અને તેમની વચ્ચેના સંવાદ વિવાદનાં દૃશ્યો પ્રેક્ષકો ભારે રસપૂર્વક માણી રહે તેવાં છે, મૉસ્બી પોતે પોતાના કાવતરાથી બેચેન બની વિચારે છે : પતિને પણ મારી નાખનારી આ સ્ત્રીનો વિશ્વાસ કેટલો? એનાથી છૂટવું કેમ?

ઍલિસ પતિના ઘાત પછી આંતર્વેદનાથી તરફડતી હાથમાં પ્રાર્થનાપોથી સાથે મૉસ્બીને મળે છે અને પતિનો પ્રેમ સ્મરણમાં લાવીને, આક્રંદ કરતી મૉસ્બી પર રોષ ઠાલવે છે. મૉસ્બી ઈંટનો જવાબ પથ્થરથી વાળે તેવો, કુલીન સમાજને હાડોહાડ ધિક્કારનારો છે. ઍલિસને તે ક્રૂરપણે કહે છે : 'તારા જેવી બજારુ સ્ત્રી સાથે પ્રેમ કરવા કરતાં બીજી કોઈ સન્નિષ્ઠ યુવતીને પરણ્યો હોત તો, તેની પાસેથી મળેલા દહેજની રકમ તારી દોલત કરતાં ય મબલખ મળી હોત. તારા કામણમાં હું ભરમાયો. તારા જેવીમાં રૂપ જોનારો હું મૂર્ખ નહિ તો!' ઍલિસ નરમ પડી તેને નમી પડે છે, તેના પ્રેમ માટે વલખે છે. પણ મૉસ્બીને તો ઉચ્ચ સમાજ પ્રત્યે નફરત છે. તીવ્ર વ્યંગમાં તે ઍલિસને સંભળાવે છે : 'બસ? હું તો અધમ, બનાવટ કરનારો; મારી ગતિ-શક્તિ કેટલી? "અલ્યા મૉસ્બી! તને પ્રેમ કરું, છટ્..."ભલે...અમને કંગાલોને ધનવાનોની મહેલાતોમાં શ્વાસ લેવાનો પણ અધિકાર ક્યાં?'

O no, I am a base artificer;
My wings are feathered for a lowly flight.
Mosby? fy! no, not for a thousand pound.
Make love to you. why, 'tis unpardonable,
We beggars must not breathe where gentiles are.

પરંતુ આ વ્યંગ કર્યા પછી યે તે ઍલિસને સ્વીકારે છે-પ્રેમ ખાતર નહિ. તેની નજર તેના પૈસા પર છે તેથી. આધુનિક ટ્રૅજેડીની ઝાંખી કરાવે તેવી શિલ્પકલા ને રંગભૂમિ વિષેની સૂઝ આ ડુમેસ્ટિક ટ્રૅજેડીમાં પ્રગટ થઈ છે.

ટૉમસ લૉજે (અંદાજે ૧૫૫૭-૧૬૨૫) ગ્રીનના સહયોગમાં 'એ લુકિંગ ગ્લાસ ફૉર લંડન ઍન્ડ ઇંગ્લૅન્ડ' નામે એક સિતમગારની દુષ્ટતા ને પશ્ચાત્તાપ વિષેનું નાટક રચેલું; પરંતુ તેનું પોતાનું કહી શકાય તેવું નાટક તો 'ધ વૂન્ડ્ઝ ઑવ સિવિલ વૉર' છે. રોમન ઇતિહાસની એક ઘટના પર તે આધારિત છે. પરંતુ સમગ્રપણે તે મધ્યમ કક્ષાની રચના છે.

ટૉમસ નૅશ (૧૫૬૭-૧૬૦૧)ની પણ એક રચના 'સમર્સ લાસ્ટ વિલ ઍન્ડ ટેસ્ટામેન્ટ'નો અહીં નિર્દેશ કરી લેવો ઘટે. વિવિધ ઋતુઓ વિષેનું તે એક કટાક્ષમિશ્રિત રૂપક છે. તે પણ એકંદરે સામાન્ય ખરનો નાટ્યલેખક છે.

(ચાલુ)

---

21 K-N1, N-K7ch; 22K-B1, N-B6dis. ch; 23 K-N1, P×B; 24 Q-N4. કાળાએ QP મારી લીધું છે તેથી ઘોડાને દૂર KN2 પર બેઠેલા ઊંટનું રક્ષણ મળી ગયું છે. નહિતો Q×N થઈ શકત.

24..., R-R5; 25 Q×P, અહીં 25 Q-Q6થી હાથીને રક્ષણ આપે તો 25..., N×R; 26 Q×N, R×P; અને 27 R-R8;થી વજીર જીતવાની ધમકી આપે છે.

25..., N×R;

હવે કાળાને ભોગ આપેલ વજીરના બદલામાં હાથી અને બે ઊંટ મળી ગયાં છે, વળી સફેદનો હાથી તદ્દન નકામા જેવો જ છે તેથી કાળાની જીત નક્કી છે.

26 P-KR3, R×P; 27 K-R2, N×P; 28 R-K1, R×R; 29 Q-Q8ch., B-B1; 30 N×R, B-Q4; 31 N-B3, N-K5; 32 Q-N8, P-QN4; 33 P-R4, P-R4; 34 N-K5, K-N2; 35 K-N1, કાળો તેન ઊંટને અણીઝોકમાંથી બહાર કાઢીને 35..., B-Q3ની ધમકી આપતો હતો તેના બચાવ માટે આ ચાલ ચલાઈ છે.

35..., B-B4ch.; 36 K-B1, અહીં 36 K-R2 પછી તરત અને 36 K-R1, R-R8ch.; 37 K-R2 પછી B-Q3થી બચવા આ એક જ રસ્તો હતો. પણ હવે સફેદ રાજાને તેની આખરી યાત્રા ખેડવી પડે છે.

36..., N-N6ch.; 37 K-K1, B-N5ch., 38 K-Q1, B-N6ch., 39 K-B1, N-K7ch.; 40 K-N1, N-B6ch.; 41 K-B1, R-B7 mate.

અહીં 41..., B-R6 મ્હાત પણ શક્ય હતી.

ફિશરની મહાન શક્તિનો આ પહેલો જોરદાર પરિચય હતો.

સુરેશ જોશી

શબ્દકથા : દ્વાર, બાર, બારણું, બારી; દ્વારવતી, દ્વારાવ(મ)તી, દ્વારકા, દ્વારિકા; બારું, બારેજા, બારેજડી

સંસ્કૃતમાં 'દ્વાર', 'દ્વારવતી', 'દ્વારકા', 'દ્વારિકા' શબ્દ જાણીતા છે. 'દ્વારાવ(-મ)તી' પાછળથી વિકસેલો છે. 'દ્વાર'નો અર્થ 'બાર'-'બારણું', એમાં 'બાર' એ સં.નું પ્રાકૃત રૂપ છે અને ગુજરાતી માટે એ પ્રા.તત્સમ રૂપ છે. મહાભારતમાં સૌરાષ્ટ્રના વાયવ્ય ખૂણે શ્રીકૃષ્ણે જૂની 'કુશસ્થલી'ને સ્થાને વસાવી તે 'દ્વારવતી' = બારણાવાળી; અર્થાત્ ત્યાં કોઈ નદી સમુદ્રમાં પ્રવેશ કરતી હતી. મહાભારતમાં એ 'દ્વારકા' પણ કહેવાઈ છે. 'દ્વારિકા' એ પાછળથી વિકસેલું રૂપ છે અને એ 'દ્વારવતી'નો પર્યાય છે. 'દ્વારકા' એ 'દ્વાર-ક'નું સ્ત્રીલિંગ રૂપ છે. ગુજરાતી 'બારણું' એ પ્રા. 'બાર'નો વિકાસ છે. એ જ નાની બનતાં સં. 'દ્વારિકા' > પ્રા. 'બારિઆ' અને ગુજ. 'બારી.'

ગુજરાતીમાં નદી સમુદ્રમાં મળે તે સ્થાનને 'બારું' કહે છે તે સં. 'દ્વારકં' > પ્રા. 'બારઅં' > અપભ્રંશ 'બારઉ'નો વિકાસ છે. કચ્છમાં અબડાસા નજીક જ્યાં જામ હમીરની હત્યા જામ રાવળે કરી તેની નજીકનું ગામ 'બારા' છે એ સં. 'દ્વારક'નો જ વિકાસ છે, પણ દેશની મધ્યમાં કેમ, એ કોયડો લાગે, જેવો 'બારેજા'—'બારેજડી'નો. 'બારેજા' એ સં. 'દ્વારેયકં' < પ્રા. 'બારેજ્જઅં' > અપ. બારેજ્જઉ > ગુ. 'બારેજું'. એને સ્વાર્થે 'ડ' લાગ્યા પછી નાની વસાહતને કારણે 'બારેજડી.' આ ત્રણે કોઈ વિષય (=જિલ્લો), આહાર (=તાલુકો) જેવાનાં પ્રવેશ દ્વાર હોય. પાછલાં બે હકીકતે 'ખેટકાહાર'નાં—એ વખતના 'ખેડા' (તાલુકાનાં). વલભીના એક તામ્રપત્રમાં 'બણ્ડરિજિદ્ર' નામ મળે છે તેને પ્રો. રસિકલાલ પરીખ અને ડૉ. હ. ગ. શાસ્ત્રી 'બારેજડી' કહે છે. આ ચિંત્ય છે.

કે. કા. શાસ્ત્રી

સાહિત્યસંપર્ક

બે કાવ્યસંગ્રહો

'નિરંતર'

રૂઢ-અરૂઢનો સંધિસંગ્રહ

સુંદરમ્-ઉમાશંકર પછીની કવિપેઢીમાંનાં નોંધપાત્ર નામોમાં 'રૂપનાં અમી' ને 'સાન્નિધ્ય'ના સર્જક હસિત બૂચનું નામ સહેજે ગણાવી શકાય. એમનો આ ત્રીજો સંગ્રહ નવા-જૂના કાવ્યપ્રવાહોનો સંધિસંગ્રહ છે. ૧૧૧ કૃતિઓના આ ગ્રંથમાં ગીતો, ગઝલો, સૉનેટ, મુક્તક, હાઈકુ, સંબોધનકાવ્ય અને અછાંદસ રચનાઓનું જે સ્વરૂપવૈવિધ્ય છે તે શૈલીની દષ્ટિએ પ્રશિષ્ટ અને રૉમેન્ટિક બંને રીતે રાચે છે. ભાવાનુકૂલ બાની અને વિષયાનુરૂપ અભિવ્યક્તિ આ સંગ્રહમાં આગળ તરી આવે છે; અને નવતર અભિવ્યક્તિઓ પ્રયોગાકર્ષણની પરિણતિથી આગળ જતી નથી ત્યારે કવિની અગાઉના સંગ્રહોમાં સિદ્ધ થએલી પ્રણયભાવ અને ભાવનાપ્રેમની નિરૂપણરીતિ અહીં વધુ આસ્વાદ્ય લાગે છે. એમની ગેય રચનાઓમાં પ્રણયીની મસ્તી છે, બેપરવાઈ છે; તો બીજી તરફથી ગૂઢાનુભૂતિનાં આકર્ષણ અને આનંદ પ્રતીતિકારકતાથી ગવાયાં છે.

રૉમેન્ટિક મૂડની અભિવ્યક્તિ પણ કવિની નિજી લાક્ષણિકતાની દ્યોતક બની રહે છે:

ઊઘડી મૃદુલ મીટની ધારે
સળક્યું પેલું
ઝળક્યું ઘેલું
સ્મિત, ગીતે ઝંકારવું ગમે;
એક ઘડી આશ્લેષ લઈ જે
શમણું પીધું,
આજ હવે સંભારવું ગમે (પૃ. ૯)

'મનને ગગન'માં તીવ્રાનુભૂતિની સચ્ચાઈ એની બાની અને લયમાં સહજસાધ્ય થઈ છે. તો 'જળ વહે વહે' ગીતમાં પ્રિયમિલનના શમણામાં રાચતી નાયિકાની સ્મૃતિલીનતાનું સુંદર ભાવચિત્ર ખડું કરવામાં આવ્યું છે. કવિએ આ અને આવાં અન્ય ગીતોમાં ('બેઉ રીતે', 'એકાંત મારું', 'અલી વાદળી' વગેરેમાં) મિલન-વિરહનો પ્રણયભાવ સફળતાથી ગાયો છે.

ભાવનાવાદમાં પણ કવિ અગાઉના સંગ્રહની જેમ રાચે છે. કેટલેક સ્થળે સરસ કલ્પનાઓ અચૂક આસ્વાદ્ય બની છે. જેમ કે 'અંધકારનું પદ્મ સુકોમલ હાલે.' એ પંક્તિમાં અંધકારને ચાક્ષુષ અને સ્પર્શ્ય કરી બતાવ્યો છે તો 'તરફડતી બપ્પોર, સૂસવતી રાત' જેવી પંક્તિમાં દિન અને રાત બંનેમાં પોતાની બેચેની આરોપી કાવ્યનાયક સ્વહૃદયસ્થિતિ આલેખે છે. (જોકે 'નિમંત્રણ' કાવ્યમાં 'તમિસ્ર' શબ્દ એના જોડાક્ષરને લઈ લયપ્રવાહિતામાં ખટકે છે.) ક્યારેક ક્યારેક આવતી સૂત્રોક્તિ પણ એમનો ભાવનાવાદ આકર્ષક રીતે આલેખી જાય છે.

'નવો શબ્દ', 'બુઝાય ના જોજે', 'સીમાડો' વગેરે એમની રચનાઓમાં રાષ્ટ્રપ્રેમની સેર વહેતી પણ જોઈ શકાશે.

આ ઉપરાંત વર્તમાન સંસ્કૃતિ ને સભ્યતાજન્ય સંઘર્ષ તેમજ પરિસ્થિતિને આલેખવાનો પણ કવિએ નવ્ય રીતિએ 'શટલકૉક', 'ટેસ્ટ', 'યાદ આવે તો', 'ફેરો', 'બે રૂપ', 'લક્ઝરી સપ્તક' જેવી રચનાઓમાં પ્રયત્ન કર્યો છે ત્યાં એમણે 'ગતિ' નામક રચનામાં મૂકેલી પંક્તિ 'નવાણ ફૂટ્યાં નવલ'નો પરિચય થાય છે, પરંતુ એ નવાણ પ્રવેગશીલ પ્રવાહ બનશે એવી પ્રતીતિ ઓછી થાય છે. કવિને પોતાને સિદ્ધ થએલી ગઝલ ગીત ને પરંપરિત લયની રચનાઓની રૂઢ રીતિમાં જેટલી સફળતા મળી છે તેટલી એ પ્રયોગલક્ષી રચનાઓમાં એ રાહે ભાવિ સિદ્ધિની પતીજ પડતી નથી. અને રીતિ-અભિવ્યક્તિ રૂઢ હોય કે નવી, કાવ્યસિદ્ધિ એ જ આખરે તો કવિ અને ભાવક ઉભયપક્ષે આવી સર્જનપ્રવૃત્તિનું લક્ષ્ય રહ્યું છે ને? જ્યાં જ્યાં આવું લક્ષ્ય સિદ્ધ થયું છે ત્યાં ત્યાં આ સંગ્રહમાં ભાવકને આસ્વાદનની ઓછી ક્ષણો સાંપડતી નથી!*

* 'નિરંતર': પ્ર. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી માર્ગ, અમદાવાદ-૧, કાચું પૂંઠું, પૃ. ૨૯૪, રૂ. ૪

અસ્તિત્વ

ફંટાતી દિશા

શ્રી સુરેશ દલાલ એમનાં ગીતોની કૌતુકરાગી માવજત—વિષય અને શૈલી બન્ને રીતે—માટે ઠીક ઠીક ચાહના પામેલા કવિ છે. પરંતુ પ્રસ્તુત સંગ્રહ* એમની કાવ્યયાત્રામાં નવો વળાંક સૂચવે છે. આઠ લાંબાં કાવ્યોના આ સંગ્રહમાં અભિવ્યક્તિ, કાવ્યવિષય અને અભિવ્યક્તિના વાહન તરીકે પસંદ કરાએલા ગદ્યમાં આધુનિકતા-modernity'નો સંસ્પર્શ સ્પષ્ટ વરતાઈ આવે છે.

સર્જકોની ન્યાતમાં કવિઓ સૌથી વિશેષ સંવેદનશીલ અને સજાગ હોય છે. કંઈ પણ નવું બને—જીવન કે સમાજમાં—ત્યારે કવિચિત્ત હલબલ્યા વગર રહી શકતું નથી. પછી પ્રશ્ન આવે છે અભિવ્યક્તિનો, સર્જકે પોતે જે સ્પંદ્યું છે તે, જો તે શક્તિશાળી સર્જક હોય તો, પોતીકી રીતે અભિવ્યક્ત કરવા મથે છે. એની અનુભૂતિ જેમ જુદી તેમ અભિવ્યક્તિ પણ. અને અન્યથા અનુભૂતિની જે એક તરાહ બંધાઈ જાય છે તેને અનુલક્ષીને પણ ક્યારેક ઉપસર્જકો એ નવ-લઢણના પરસ્તો, પ્રશંસકો, પુરસ્કર્તાઓ બની જાય છે તેમજ એ રાહે અભિવ્યક્ત પણ થવા મથે છે. આવું બને છે ત્યારે તે સર્જકે ગ્રહેલાં સ્પંદનો-સંવેદનો હૃદયપાતાળ ફોડીને બળકટ રીતે બહાર આવ્યાં છે કે નહિ તે તેની અભિવ્યક્તિ જ કહી આપે છે.

* અસ્તિત્વ : પ્રકા. વોરા ઍન્ડ કંપની, [illegible]દાવાદ-૧, કાચું પૂઠું, પૃ. ૯૮, રૂ. ૧૦

ઉક્ત સંગ્રહને જોતાં આજના મનુષ્યની વિફલ સ્થિતિ અને વિફલ પરિસ્થિતિની અનુભૂતિ કવિચિત્તને સ્પર્શી ગઈ હોય તેમાં શંકા કરવાનું કારણ રહેતું નથી. પશ્ચિમના દેશોમાં યંત્રવાદે અને આધુનિક નગરસભ્યતાએ જે રીતે માણસને વિચ્છિન્ન કરી નાખ્યો અને સર્જકોએ એ અનુભૂતિને નવા અવતારે ઝીલી ઝિલાવી તે પરિસ્થિતિ આપણે ત્યાં તો કેટલાંક નગરોમાં હવે સર્જાવા લાગી છે. કવિ આવા નગરમાં—મુંબઈમાં—વસે છે એટલે એવી અનુભૂતિ સ્વકીય હોય તે પણ સ્વાભાવિક છે. એને—એ અનુભૂતિને, ફૅશનપરસ્તી કહી એનો છેદ ઉડાડવો સહેલો છે. પણ એ અનુભૂતિ જે રીતે અભિવ્યક્તિ પામી હોય છે તે રીતે જોવા જતાં જ અનુભૂતિની સચ્ચાઈનો રણકો ખોટો છે કે બરાબર તેનો તાળો મળી રહે છે.

આ સંગ્રહમાં માનવ–અસ્તિત્વ અને તેના પ્રવર્તમાન પ્રશ્નોને આધુનિક પરિપ્રેક્ષ્યમાં સંવેદીને સંવેદાવવાનો કવિનો સર્જનશ્રમ જોઈ શકાય છે. એમણે ઉક્ત ભાવોને વહેતા કરવા માટે ગદ્યનું માધ્યમ સ્વીકાર્યું છે. આમાં એમણે બોલીના પ્રયોગો, અંગ્રેજી શબ્દો, તેવી વાક્યલઢણો, ક્યારેક મૃદુ પદાવલિ તો બહુધા બરછટ ભાષાવિન્યાસ દ્વારા, પોતે અનુભવેલી માનવીના અસ્તિત્વની ચિંતાજનક સ્થિતિ નિરૂપવાનો પ્રયાસ કર્યો છે. આમ કરવા જતાં ગદ્યમાં ક્યારેક કાવ્યાભાસી તત્ત્વ પણ આવી ગયું છે. જેમ કે, 'લગ્નમાં આપણે વૃક્ષોને બત્તીઓ પહેરાવીએ છીએ. ત્યારે વૃક્ષ આપણું અંધારું ઓઢી લે છે.' (પૃ. ૧૫)

પ્રતીકો દ્વારા એમણે મુખ્યત્વે મનુષ્ય, માનવમૈત્રી, માનવની એષણાઓ, તે માટેના પ્રયત્નો વગેરે રોચકતાથી રજૂ કર્યા છે; પણ આ વેદનાને રજૂ કરવાનું કટાક્ષનું જે શસ્ત્ર એમણે અપનાવ્યું છે તે ક્યાંક ક્યાંક તો તદ્દન અભિધાના સ્તરે રહી જાય છે.

મધ્યકાલીન શબ્દ 'વંશી'ને અંગ્રેજી શબ્દ સાથે જોડી માનવે ગુમાવેલી સ્વત્વની શક્તિને ઉપહાસ દ્વારા આ પંક્તિઓમાં સચોટ રીતે મૂકી આપી છે :

'અમે નાયલોનવંશી.
અમે પ્લાસ્ટિકવંશી.' (પૃ. ૪)

વળી, એક ભાવકલ્પન દ્વારા બાળપણની મજા અને એ ગુમાવ્યાની સજા નીચેની પંક્તિમાં સરસ રીતે અભિવ્યક્ત થઈ છે : 'જ્યારે સમય હતો રાજાનો કુંવર.' આ યાંત્રિક સંસ્કૃતિની માનવઅસ્તિત્વને હણી લેતી રાક્ષસી તરાપને 'સમય સમયની વારતા ને એક સમયનું ગીત' કાવ્યમાં જોરદાર રીતે રજૂ કરવામાં આવી છે. પણ 'સમય'ના કલ્પનનું પુનઃ પુનઃ આપવું એને

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર ચંપકલાલ મહેતા



શ્રી ચૂનીલાલ નાયક

જન્મ : ૨૩મી સપ્ટેમ્બર ૧૯૦૩, અમદાવાદમાં. પિતા કરિયાણાના વેપારી, પણ એમાં રસ ન પડતાં અગિયાર વર્ષની વયે ઘેરથી નાસી જઈ પાંચ રૂપિયાના પગારે નાટકોમાં ઝંપલાવ્યું ને સ્ત્રીપાત્રો સહિત અનેક પ્રકારની ભૂમિકાઓ ભજવતાં દેશી નાટક સમાજ, આર્ય નાટક સમાજ, બ્રિટાનિયા થીએટ્રિકલ કં., ન્યૂ આલ્ફ્રેડ નાટક સમાજ, ગુજરાત કલામંદિર, રણજિત નાટક સમાજ વગેરેમાં કામ કરી ૫૦૦ જેટલી ભૂમિકાઓ ભજવી ખલનાયક તરીકે વિખ્યાતિ મેળવી. ગુજરાત રાજ્ય સંગીત નૃત્ય નાટ્ય અકાદમી અને મુંબઈ કૉર્પોરેશને એમને બહુમાનથી નવાજ્યા છે

૧ અર્ધી સદી ને ઉપર એક વર્ષ સુધી આપે રંગભૂમિ પર કામ કર્યું, આ દરમિયાનની કડવી-મીઠી કહેશો?

એમ તો રાગદ્વેષ, સ્પર્ધા વગેરે બધું ય હોય છે, રંગભૂમિ પર પણ છે. પણ ખરા કલાકારે પોતાના કાર્યમાં જ મગ્ન રહી, આફતોને તક ગણી, અકળાયા વિના આત્મશ્રદ્ધા ટકાવી રાખવી જોઇએ. તેને માટે લોકચાહનાથી વિશેષ કયો આનંદ હોઈ શકે?

૨ કયાં કયાં પાત્રો ભજવવામાં આપને આનંદ મળ્યો ને કયામાં વધુ નામના મળી?

મેં ભજવેલી લગભગ પાંચસો યે ભૂમિકામાં મને આનંદ મળ્યો છે, પણ કાર્તિકુમાર ('વડીલોના વાંકે'માં), બંસીધર ('સંપત્તિ માટે'), શામસા('ખૂબસૂરત બલા') ને સજ્જનરાય, મન્મથકુમાર, નવનીતલાલ, આદિની ભૂમિકા વખણાએલી.

૩ આમ તો ભલા સજ્જન છો છતાં ખલનાયક કેવી રીતે બન્યા?

નટજીવનની એ જ ખૂબી છે. અદાકારીનો એ એક પ્રકાર જ છે. જેટલો એ કેળવી શકાય એટલી એમાં સિદ્ધિ મળે જ.

૪ ચાળીસ-પચાસ વર્ષ પહેલાંનાં ને આજનાં નાટકોમાં તફાવત?

પહેલાંનાં નાટકોમાં અતિરંજિત તત્ત્વ, કૃત્રિમ વક્તૃત્વભર્યો શ્રેષ્ઠ વાચિક અભિનય, સીનસીનેરીની કરામતો, ભભકાદાર પોશાકો, નાચ-મુજરા ને ગાયનો ધમધમતાં. વળી એમાં આમન્યા પળાતી, ધર્મભાવ તરફ ઝોક રહેતો, મનપસંદ ગીતોને વારંવાર 'વન્સમોર' અપાતા ને માનીતા અદાકારના પ્રવેશને તાળીઓથી વધાવાતા. આજે સામાજિક અને રોજિંદા જીવનની સ્વાભાવિકતાને વધુ મહત્ત્વ અપાય છે. આમાં ક્યારેક વધારે પડતી છૂટ ને બીભત્સતા પણ રજૂ થાય છે.

૫ 'ખૂબસૂરત બલા' તો ખૂબ વખણાએલું. ઉર્દૂ નાટકોમાં પણ આપને ગુજરાતી જેવી સફળતા મળેલી?

એમાં તો મારે મુખ્ય ભૂમિકા ભજવવાની હતી. ઉર્દૂ નાટક મંડળીમાં મેં પંદર વર્ષ કામ કરેલું. સ્ત્રીપાત્રો, ખલનાયક, ને અન્ય પાત્રો એમ બધી રીતે પાઠ ભજવવાનું મને ફાવી ગએલું.

૬ ગુજરાતી નાટકનો આરંભ ક્યારથી થયો અને એ અગાઉ નાટ્યક્ષેત્રે શી સ્થિતિ હતી?

ઈ. ૧૮૫૩માં ૨૯મી ઑક્ટોબરે મુંબાઈમાં પહેલી ગુજરાતી નાટક મંડળી સ્થપાઈ. પારસીઓ એના પ્રણેતા હતા. સ્વ. ફરામજી ગુસ્તાદજી દલાલ ('ફ્લગુસ')એ 'ગરાંટ રોડ થીએટર'માં 'રુસ્તમ-સોહરાબ' રજૂ કર્યું. ઈ. ૧૮૫૧ના અરસામાં ગુજરાત વર્નાક્યુલર સોસાઈટી માટે કવિ દલપતરામે ત્રિઅંકી 'લક્ષ્મી' નાટક પણ લખેલું ને એને પારિતોષિક પણ મળેલું. આ અગાઉ ભવાઈ, ગરબીઓમાં ભજવાતા પાઠ, મેળા રાસ કે મુજરામાં ને માણભટ્ટના લલકારમાં ભાવપ્રદર્શન થતાં. એમાં લતા મંગેશકર કે મુકેશને યે ભુલાવે એવા કંઠકારો યે હતા. કાનગોપી, શિવપાર્વતી, હરાયો, વાણિયો વગેરે પાઠો મોડી રાત સુધી લોકો જોતા. માથે સાત બેડાં લઈ આવતી ગામડાની ગોરીનો પાઠ જનસમૂહને મુગ્ધ કરી દેતો. □

ચુનીલાલ નાયક.

તીવ્રતર બનાવવાને બદલે ફિસ્સું કરી મૂકે છે. માણસે માણસની મૈત્રી ભૂલવામાં જે ગૌરવ લેવા માંડયું છે તે કરુણ દયનીય દશાને 'વૃક્ષ જો અમારું કહ્યું નહિ માને તો—' કાવ્યમાં સચોટ કટાક્ષ દ્વારા એક સ્થળે આ પ્રમાણે મૂકી બતાવી છે: 'જાણે કે મૈત્રીને ઓળખવાનો એક જ રસ્તો છે—દુશ્મનાવટ!' (પૃ. ૧૩)

શ્રી દલાલે આ કાવ્યોમાં પૌરાણિક તેમજ આધુનિક સંદર્ભોના ઉપયોગ કરીને પણ એ સંદર્ભો પાસેથી પોતાના કથયિતવ્યને અનુરૂપ કામ લઈ લીધું છે. માણસની બેફિકરાઈ પરનો કટાક્ષ એમણે એક ચલચિત્રની આ પંક્તિઓના ઉપયોગથી કરી લીધો છે:

'ફિર કભી ફુરસતસે સોચેંગે
ભલા થા, યા બૂરા...' (પૃ. ૪૮)

તો 'મને શુભમાં શ્રદ્ધા છે'વાળી રચનામાં આવતો 'નિર્વિઘ્નં કુરુ મે દેવ'નો કે ગાંધી–ગોડસેનો ઉલ્લેખ ('વૃક્ષો જો અમારું કહ્યું નહિ માને તો—') આની પ્રતીતિ કરાવી આપે છે. આ ઉપરાંત આ કાવ્યોનાં શીર્ષક પણ અભિવ્યક્તિનું એક અંગ બનીને જ આવ્યાં છે તે નોંધપાત્ર છે.

સમગ્ર સંગ્રહની રચનાઓનું એકીબેઠકે વાચન, કદાચ એક જ ભાવવિશ્વની વાત હોઈ, અભિવ્યક્તિની પણ એક જ તરાહ હોઈ, એકવિધતાનો અનુભવ કરાવી જાય છે. ઘણી વાર એવું પણ બન્યું છે કે લાઘવ (ગદ્ય કાવ્યમાં પ્રસ્તાર એ પથારો બની જાય છે તે ગદ્યકાવ્યની એક ગંભીર મર્યાદા પ્રત્યે આપણા સર્જકો અ-ગંભીર કે કદાચ અભાન છે, જેને પરિણામે ખુદ કાવ્યને અને કાવ્યભાવકને સહન કરવું પડે છે!) તકાવું રહી ગયું છે; આને પરિણામે અનુભૂતિની તીવ્રતા, અભિવ્યક્તિની સચોટતા ઓછી બની જાય છે. આમ છતાંયે, કવિની પુરોગામી અભિવ્યક્તિઓ ('તારીખનું ઘર'માં આના અણસારા તો ખરા જ) કરતાં આ સંગ્રહમાં એ દિશા ફંટાઈ છે, અને એનાં સુફળની આશા પ્રગટાવે છે. —ધીરુ પરીખ

નવાં પ્રકાશનો

આપણો સાહિત્ય વારસો: લોકમિલાપ ટ્રસ્ટ, ૧૫૬૫, સરદારનગર, ભાવનગર-૧ તરફથી ગુજરાતી સાહિત્યની વિવિધ શિષ્ટ અને પ્રસિદ્ધ કૃતિઓને સંક્ષેપમાં રજૂ કરી ગુજરાતી વાચકોની વાચનભૂખને સાત્ત્વિક વાચન પૂરું પાડવાની તથા અભિરુચિ જગાડવાની નેમ સાથે તૈયાર થએલી એ નામની યોજનામાં બીજા સંપુટ તરીકે જે પાંચ પુસ્તકો પ્રગટ થયાં છે તે આ રહ્યાં: 'બાંધ ગઠરિયાં' (ચંદ્રવદન મહેતા. પૃ. ૧૯૦) દ્વિરેફની વાર-

ઊર્મિની ઓળખ

નામી-અનામી ગુજરાતી ગઝલકારોનાં જીવન-કવનનો પરિચય

[૫૫]

કરાવનાર · જલન માતરી



'સાગર' નવસારવી

ગોંડલ જેલના જેલર તરીકે સેવા આપી રહેલા ભાઈશ્રી 'સાગર' નવસારવીએ પણ ગઝલો અને મુક્તકોનું સર્જન કરીને ગઝલ-સાહિત્યમાં પોતાનો નોંધપાત્ર ફાળો આપ્યો છે.

મૂળ નામ અબ્દુલમજીદ ગુલામરસુલ શેખ. નવસારી ગામે તા. ૧૨-૪-૩૫ના રોજ જન્મ. અભ્યાસ બી.એ. (ઑનર્સ), એલ-એલ.બી. શાળાજીવનથી જ—એટલે કે ૧૯૫૫થી લેખન-પ્રવૃત્તિની શરૂઆત કરીને કાવ્યો, ટૂંકી વાર્તાઓ, નિબંધો, પ્રસંગકથા, હળવા લેખો, વ્યંગ કવનો અને ગઝલો લખીને આધુનિક પ્રગતિશીલ કવિઓમાં પોતાનું નામ નોંધાવી દીધું છે. સંગીત અને ફોટોગ્રાફીમાં પણ અત્યંત રસ ધરાવે છે.

શાયર જીવ હોવાથી જેલના કેદી ભાઈઓને કેળવી અવારનવાર સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમો જે તે જેલોમાં આપતા રહે છે. એમની રચનાઓ ગુજરાતનાં નાનાંમોટાં આગેવાન અખબારો અને સામયિકોમાં પ્રગટ થતી રહે છે. ૧૯૭૨માં એમનો ગઝલ-સંગ્રહ 'અવતરણ' પ્રસિદ્ધ થયો છે. આગામી ગઝલ-સંગ્રહ 'યાદ' મુદ્રણમાં છે.

જેલર હોવા છતાં ય ઘડીઆળના કાંટાની જેમ પોતાની જાતને કેદી માનતા આ યુવાન શાયરના શે'રોની મજા માણીએ:

ઘડિયાળના કાંટાની સમો હું ય કેદ છું,
ધાર્યું નિશાન એટલે ચૂકી જવાય છે.

ને ઝેરથી ડર્યા પછી અમૃત મળે નહિ,
સર્પોના વાસ હોય છે ઈશ્વરની આસપાસ.
દર્પણને પીંખશો નહિ ફૂટી ગયા પછી,
એનો ઉજાસ હોય છે ઠોકરની આસપાસ.

એક અક્ષરને ઉકેલી ના શકું,
સાત સરનામાં કઈ રીતે કળું?

એ ચાલે તો ચરણોને ચૂમે સમય,
ને બોલે તો અધરો યે ઊગે સમય;

મળે છે દરદ તો ય મલકાય સાગર,
લઈ ઝેર અમૃત દઈ જાય સાગર;
કદી ઓટ-ભરતી, કદી છાંય-તડકો,
બની જિંદગી એમ છલકાય સાગર.

રેતીને હાથમાં લઈ જોઉં છું હું મને,
દેખાઉં છું અનેક થઈ હું અનંતમાં.

તારી છાયા ખુદ તને પામી નહિ,
યુગયુગોથી એ તને શોધ્યા કરે.

તું રૂબરૂ છતાં ય પ્રતિબિંબ ના જડયું,
દર્પણને ખુદ નડી ગયું દર્પણનું આવરણ.

ઊભો હતો હું માર્ગમાં તો ય ગમન હતું,
મંઝિલનું ખુદ મુકામ તરફ આગમન હતું.
કૂંપળ ફૂટી રહી હતી પર્ણો ખરી ગયાં,
જો કે બધું ય શૂન્યનું આવાગમન હતું.

મારા ઉજાસમાં કદી જોયો નથી મને,
સાચે જ જિંદગીનું એ કેવું પતન હતું!

આવે છે કોણ, જાય છે ને આવશે પછી,
દર્પણમાં અક્ષરોને કોઈ ઘૂંટતું હતું.

રહે ફૂલ વચ્ચે સદા ફૂલ જેવી,
છતાં પ્રેમ કાજે રડે ટોપલીઓ.
થઈ વાંસ ગગને જઈને ઊભી'તી,
ને આજે ધરા પર સડે ટોપલીઓ.
રહે સાથ સૌ પણ છતાં એ અટૂલી!
અનોખી દશામાં રહે ટોપલીઓ.

હોય પણ અંધાર ને ઉજાસ પણ,
જિંદગી છે, કોઈ એ પૂનમ નથી.

પર્વતો, સાગર, નગર, નિર્ઝર, ધરા,
રોજ તારી કલ્પનાને ચીતરે.

ભેદ તારી શૂન્યતાનો પામવા,
કેટલા સૂરજ ડૂબીને અવતરે?

કોણ કરે ખુદને અર્પણ?
કોણ થઈ રસ્તો પથરાય?

બે-ચાર આંસુ આંખનાં મારી નજર સમક્ષ,
જે કામ હું કરી ન શક્યો એ કરી ગયાં.
જીવનની આરસીનાં પ્રતિબિંબ જોઈને,
મારા જ હાથ બે ઘડી તો થરથરી ગયા!

એકેક ક્ષણ અધીર થઈ પૂછતી રહી:
હું જઈ રહી છું કોણ મને પાછી લાવશે?

વાર્યો' (સં. હીરાબહેન પાઠક, પૃ. ૧૧૦), 'પ્રકૃતિનો આનંદ' (સં. નગીનદાસ પારેખ, પૃ. ૧૦૮), 'કલાપીનાં કાવ્યો' (સંક્ષેપ: ચંદ્રવદન શુક્લ). [સેટનું મૂલ્ય રૂ. ૧૨, ટપાલ ખર્ચના રૂ. ૨. પ્રત્યેકનું કાચું પૂઠું.]

પુષ્ટિ પાથેય : વૈષ્ણવ સંપ્રદાયના શ્રી દ્વારકેશલાલજી મહારાજના આ સ્મૃતિગ્રંથના પાંચ ખંડમાં-પ્રથમ ખંડમાં વૈષ્ણવનાં દર્શન અને સિદ્ધાંતની, દ્વિતીય ખંડમાં પુષ્ટિમાર્ગના સાહિત્યની, તૃતીય ખંડમાં હવેલી સંગીતની અને ચતુર્થ ખંડમાં વૈષ્ણવી કલા પરની શ્રદ્ધેય હિંદી ગુજરાતી લેખસામગ્રી પૂરી પાડવામાં આવી છે. પાંચમો ખંડ છે શ્રદ્ધાંજલિઓનો. જિજ્ઞાસુઓને સંતોષપ્રદ વાચન પૂરું પાડતો ગ્રંથ. પ્રકાશક શ્રી દ્વારકેશ સ્મારક સમિતિ, વલ્લભસદન, મથુરા (ઉ. પ્ર.) પ્રધાન સંપાદક: માધવગોસ્વામી (પાકું પૂઠું, પૃ. ૪૬૮, રૂ. ૨૫)

ચરકનો સ્વાધ્યાય ભાગ ૧: ભારતીય આયુર્વેદ પ્રણાલીના કાયચિકિત્સાના મહાન અદ્વિતીય ગ્રંથ 'ચરકસંહિતા'નો જાણીતા વૈદ્ય બાપાલાલે આ પુસ્તકનાં ૨૦ પ્રકરણમાં વિશદ પરિચય કરાવ્યો છે, જે ગુજરાતી વાચકોને આયુર્વેદની મહત્તા સમજવામાં ઘણો ઉપયોગી થઈ પડશે. (પ્રકા. પ્રાચ્ય વિદ્યામંદિર, પો. બૉ. ૭૫, વડોદરા, પાકું, પૃ. ૭૮૪, રૂ. ૨૦)

પ્રેમનાં પિંજર: પ્રથમ વાર્તાસંગ્રહ 'તેજછાયા' પછી લગભગ અઢી દાયકે બહાર પડતો જ્યોત્સ્નાબેન શાહનો (તે વખતે જ્યોત્સ્ના ખંડેરિયા) ૧૬ વાર્તાઓવાળો આ બીજો સંગ્રહ કેવળ ભાવનાવાદ અને લાગણીવેડાથી મુક્ત બની જીવનાનુભવે વાસ્તવ ને તજ્જન્ય કારુણ્ય પ્રગટાવતી એમની દૃષ્ટિક્ષિતિજનો આશાસ્પદ વાર્તાકલા સાથે પુરાવો આપી જાય છે. (પ્રકા. ત્રિપાઠી પ્રા. લિ., ૧૬૪ શામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ ૨, પાકું પૂઠું, પૃ. ૨૨૮, રૂ. ૬-૭૫)

અંબા: પ્રા. ગોવિંદભાઈ પટેલનું, 'ભીષ્મ'ના અનુસંધાનમાં પ્રગટ થયેલું આ ત્રિઅંકી પદ્યરૂપક શિલ્પ બાની, છંદોલયની સફાઈ અને ભારતીય નારી-આદર્શને નિરૂપવાની ઉત્કટતાનાં દર્શન કરાવી રહે છે. (પ્રકા. ઉપર મુજબ, કાચું પૂઠું, પૃ. ૧૨૦, રૂ. ૩-૫૦)

સ્વામી સહજાનંદ: સ્વામીનારાયણ સંપ્રદાયના સ્થાપક મહાન જ્યોતિર્ધર સહજાનંદ સ્વામીની જીવનરેખાની આ ત્રીજી આવૃત્તિના લેખક છે ગોરધનદાસ જીવરાજ સોરઠિયા. (શ્રીજી સાહિત્યપ્રચાર કાર્યાલય, બંગલી ચોક, બગસરા (અમરેલી), કાચું, પૃ. ૯૬, રૂ. ૧-૫૦)

પ્રેમસખી પ્રેમાનંદ સ્વામી: ઉક્ત સંપ્રદાયના સંત કવિ પ્રેમાનંદના જીવનકવનને નિરૂપતી ઉક્ત લેખકની પુસ્તિકાની બીજી આવૃત્તિ. (પ્રકા. ઉપર મુજબ, કાચું પૂઠું, પૃ. ૪૮, રૂ. ૧)

શ્રીજી મહારાજના લાડીલા ભક્તો: સ્વામી સહજાનંદના સંસારી-અસંસારી ભક્તોની ઉક્ત લેખકની જ કલમે લખાએલી લઘુ જીવનપરિચય આપતી પુસ્તિકા. (પ્રકા. ઉપર મુજબ, કાચું પૂઠું, પૃ. ૩૮, રૂ. ૦-૭૫)

સંતોના પ્રેરક પ્રસંગો: સ્વામીનારાયણ સંપ્રદાયના સંતોના જીવનના પ્રેરક પ્રસંગોને નિરૂપતી ઉક્ત લેખકની પુસ્તિકા. (પ્રકા. ઉપર મુજબ, કાચું પૂઠું, પૃ. ૬૬, રૂ. ૧)

આપણાં ઈમર્જન્સી ઔષધો: આયુર્વેદની દૃષ્ટિએ તાત્કાલિક સારવાર માટે ઉપયોગમાં આવતાં ઔષધોનો પરિચય આપતું અને વિનિયોગો વર્ણવતું જાણીતા વૈદ શોભનનું ઘરમાં રાખવા યોગ્ય પુસ્તક. (આયુ પ્રકાશન, રુપેક્ટ્રમ, બીજે માળ, રિલીફ સિનેમા પાસે, અમદાવાદ-૧, કાચું પૂઠું, પૃ. ૨૪૮, રૂ. ૫)

આહાર: 'આરોગ્ય સૌનું' નામક શ્રેણીમાં નિત્યના આહારની સમજ આપતી પુસ્તિકા. (લે. પ્રકા. ઉપર મુજબ, કાચું, પૃ. ૧૧૨, રૂ. ૨॥)

દ્રાક્ષ: આયુર્વેદની દૃષ્ટિએ દ્રાક્ષની ઉપયોગિતા સમજાવતી પુસ્તિકા. (લે. પ્રકા. ઉપર મુજબ, કાચું પૂઠું, પૃ. ૩૨, રૂ. ૧)

અભિવંદના: 'અતુલ'ના સ્વપ્નદ્રષ્ટા ને શિલ્પી ગરવા ગુજરાતી બી. કે. મજમુદારનો સન્માનગ્રંથ. (પ્રકા. બી. કે. મજમુદાર સમિતિ, અમદાવાદ, કાચું પૂઠું).

શિશુ અંક: રાજકોટની શિશુશિક્ષણ સંસ્થા સિસ્ટર નિવેદિતા બાલમંદિર તરફથી પ્રગટ થયેલો, કેટલાક બાલશિક્ષણ ઉપયોગી લેખોવાળો અંક. (પ્રકા. સિસ્ટર નિવેદિતા ચૅરિટેબલ ટ્રસ્ટ, રામકૃષ્ણ નગર, શેરી ૧, રાજકોટ-૨, કાચું પૂઠું, પૃ. ૧૮૪)

તે હું નથી: જાણીતાં લેખિકા શ્રીમતી રંભાબેન ગાંધીનાં અભિનયક્ષમ નવ એકાંકીઓનો સંગ્રહ. (પ્રકા. સ્વાતિ પ્રકાશન, ગાંધી ચેમ્બર્સ, અમદાવાદ ૧, પાકું, પૃ. ૨૩૬, રૂ. ૭)

અભિનય પંથે: વ્યવસાયી રંગભૂમિના એક દૃષ્ટિસંપન્ન કલાકાર અમૃત જાનીએ પોતાની ચાર દાયકાની રંગભૂમિની કારકિર્દી દરમિયાન અનુભવેલા અને સાંભળેલા પ્રસંગોનું આ નિખાલસ નિરાડંબરી સ્મરણ લેખન જૂની રંગભૂમિનો અને કલાકાર-લેખકના વ્યક્તિત્વનો સમ્યક્ પરિચય કરાવી જાય છે. (પ્રકા. સવિતાબેન જાની, ૭, ત્રિમૂર્તિ સોસાયટી, અમદાવાદ-૧૫; પાકું પૂઠું, પૃ. ૩૬૦, રૂ. ૧૦)

પરપોટા: શ્રી ઈશ્વરચંદ્ર ભટ્ટના સ-રસ લલિત નિબંધોના પુસ્તકની બીજી આવૃત્તિ. (પ્ર: પ્રજ્ઞેશ પ્રકાશન; પ્રાપ્તિસ્થાન: કુમકુમ પ્રકાશન, મોડેલ સિનેમા સામે, ગાંધી રોડ, અમદાવાદ-૧; કાચું પૂઠું, પૃ. ૧૮૦, રૂ. ૫-૫૦)

ગુલાબસિંહ: સાક્ષરયુગના નીવડેલા લેખક મણિલાલ નભુભાઈએ લૉર્ડ લિટનની 'ઝેનોની' નવલકથાનું કરેલું રૂપાંતર 'ગુલાબસિંહ' અપ્રાપ્ય હતું તેનો ડૉ. બિપિન ઝવેરી અને હિંમતરાય વોરાએ કરેલો સંક્ષેપ (પ્રકા. અને મુ. વિ. ઉપર મુજબ, પાકું પૂઠું, પૃ. ૧૯૨, રૂ. ૫)

વિશ્વની પ્રતિનિધિ વાર્તાઓ: વિદેશના ખ્યાતનામ વાર્તાકારોની ૨૩ નીવડેલી વાર્તાઓનો પ્રા. વિજય શાસ્ત્રીએ જે સુભગ અનુવાદ અને અંતે આસ્વાદ આમાં આપ્યાં છે તે વાર્તારસિકોને જરૂર રુચશે. (પ્રકા. આદર્શ પ્રકાશન, ૨૪૯૮/૧, રાયખડ રોડ, અમદાવાદ-૧, પાકું પૂઠું, પૃ. ૨૬૪, રૂ. ૯)

આરાધ: પિંગળશી મેઘાણંદ ગઢવીનાં ભક્તિભાવભર્યાં ૧૩૦ ભજન-કીર્તન, ધોળ, આરતી, છંદ, છપ્પય તેમજ ગઝલનો સંગ્રહ. (પ્રકા. પોતે જ, ૯, પટેલ કૉલોની, ખીરા ફાઉન્ડ્રી પાછળ, જામનગર; પાકું, પૃ. ૧૯૬, રૂ. ૫)

અભીપ્સા: શ્રી યોગેશ્વરનાં, ઈ. ૧૯૪૪થી '૫૫ દરમિયાન લખાએલાં, પરમ તત્ત્વને ઉપલક્ષતાં ૧૦૦ કાવ્યોનો પ્રથમ સંગ્રહ, જેમાં ભાવસચ્ચાઈ, સંગીતલક્ષી ગેયતા અને પ્રાસાનુપ્રાસી શૈલી ધ્યાન ખેંચે છે. પ્રકા. યોગેશ્વર પરિવાર ધ્યાનકેન્દ્ર, ૧૪૯૦ મહેશ્વરી ભવન, જવાહર મેદાન, ભાવનગર; કાચું, પૃ. ૧૬૦, રૂ. ૪)


મોગરે મહેક્યાં ફૂલ: પ્રકૃતિ, પુરાણ ને સંસારમાંથી જીવનમાંગલ્યનાં સૂચક ચિહ્નો અહીં પ્રા. નટુભાઈ ઠાકરે આજના નિરાશાવાદી યુગમાં જે આશાવાદ સેવ્યો છે તેને અહીં ટૂંકાં ટૂંકાં વાક્યોવાળી શૈલીમાં લખાએલી કેટલીક પ્રસંગકથાઓ દ્વારા વાચક સમક્ષ રમતો મૂક્યો છે. (પ્રકા. હેતલ પ્રકાશન, 'શ્રદ્ધા', કલ્યાણબાગ, અમદાવાદ-૨૧, કાચું પૂઠું, પૃ. ૪૮, રૂ. ૨)

જગતને પલટાવનારી શોધો ભાગ ૧ અને ૨: આજની સભ્યતામાં જે જે મહત્ત્વની વૈજ્ઞાનિક શોધોએ ફાળો આપ્યો છે તેમના વિશેની અનેક દ્વિરંગી ચિત્રો સાથેની ઉપયોગી માહિતી પૂરી પાડતી મીર નજાબત અલી લિખિત આ બાલોપયોગી પુસ્તિકાઓનો ગુજરાતી અનુવાદ નાનાલાલ વસાએ કર્યો છે. (પ્રકા. નૅશનલ બુક ટ્રસ્ટ, નવી દિલ્હી ૧૬; મુખ્ય વિક્રેતા: વોરા ઍન્ડ કંપની, ગાંધી ચેમ્બર્સ, ગાંધી માર્ગ અમદાવાદ-૧; કાચું પૂઠું; પ્રત્યેકનાં પૃ. ૬૪, પ્રત્યેકની કિં. રૂ. ૧-૫૦)

બિનસાંપ્રદાયિકતા અને મુસ્લિમ માનસ: બિનસાંપ્રદાયિકતા શું છે તે સમજાવી તે સંબંધમાં મુસ્લિમ માનસને યથાયોગ્ય રીતે અને નીડરતાથી ચર્ચતાં પ્રા. યાસીન દલાલના લેખોનું પુસ્તક. (પ્રકા. શબ્દસંગમ, અલંકાર ચેમ્બર, ઢેબર ચોક, રાજકોટ; કાચું પૂઠું, પૃ. ૧૪૪, રૂ. ૨)

—પ્રી. ૫

વૃક્ષ-વેલ-પરિચય (૨૫) કૉઠ



કાચા કે પાકા કૉઠના ખટમધુરા સ્વાદથી લલચાયા વિના બહુ ઓછા રહ્યા હશે. લીલાશ પડતા મેલા સફેદ રંગની, ખરબચડા કઠણ કોચલા જેવી છાલવાળા આ ગોળમટોળ ફળનો સંખ્યાબંધ બીજવાળો ગર હાળશાક, ચટણી, શરબત ને મુરબ્બો બનાવવામાં વપરાય છે. બાળકો અને સ્ત્રીઓ એના કાચા ગરને યે મીઠું-મરચું છાંટી જાહેરમાં ને છૂપી રીતે ખાધા વિના જવલ્લે જ રહે છે.

આ કૉઠનું વૃક્ષ કૉઠ યા કૉઠી નામે ઓળખાય છે. સીધા ગોળ-થડ પર ચોમેર ફેલાએલી શાખાઓ સાથે એ ઘણું ઊંચું વધે છે. એનાં પાન સંયુક્ત હોઈ દરેકમાં ૩-૫-૭ એમ એકી સંખ્યામાં નાની પર્ણિકાઓ હોય છે, જેમાં એક ટોચની પર્ણિકા સિવાય બાકીની મધ્યશિરા પર સામસામી ગોઠવાએલી હોય છે. એના મૂળ પાસે ડાળ પર લાંબા તીણા કાંટા હોય છે. આ પાનની વરિયાળી જેવી એક વિશિષ્ટ વાસ આવે છે.

માર્ચથી મે દરમિયાન કૉઠીને ફૂલ બેસે છે. એ રંગે આછાં રાતાં, અને અસંખ્ય ઝૂમખાંમાં ઊગે છે. એમાં નર-માદાનાં અલગઅલગ એમ એકલિંગી ફૂલ હોય છે. ચોમાસામાં કૉઠીનું ફળ પાકે છે ત્યારે એનો સફેદ ગર બદામી રંગનો, વધુ મીઠો ને લાક્ષણિક વાસવાળો થાય છે. ગોળ દડા જેવું આ ફળ સૌને જાણીતું છે.

કૉઠીનું લાકડું પીળચટ્ટું સફેદ, કઠણ અને ટકાઉ હોઈ અનેક કામમાં ઉપયોગી છે.

આયુર્વેદના મત પ્રમાણે કૉઠીનાં પાન ઊલટી, હેડકી ને મરડા માટે ઉપયોગી છે. બાળકોના અજીર્ણ અને આંતરડાનાં દર્દોમાં એ અપાય છે. કૉઠીની છાલ પિત્તશામક મનાય છે. કૉઠ કે કૉઠું પચવામાં ભારે, કફ, મરડો, હૃદયના રોગો, પિત્તપ્રકોપ, લોહીની અશુદ્ધિ, થાક, તરસ ને હેડકી મટાડવામાં તથા ક્ષય, ગાંઠ, આંખના રોગો ને ગળાનાં દર્દોમાં પણ ઉપયોગી છે. કૉઠનો ગર દસ્ત બાંધનાર છે. કાચા તેમજ પાકા ગરની ચટણી સ્વાદિષ્ટ લાગે છે.



અરધ્યુ કલો

સદા પ્રારબ્ધ તો પુરુષાર્થને પગલે જ ચાલે છે,
ને પડતીમાં પડી રહેનારને એ હાર આલે છે;
પરાજય પામીને પણ જે પરાજિત થાય ના, એનો
મુકદ્દર તો શું? મંઝિલ પણ હમેશાં હાથ ઝાલે છે!

—'ચાતક'

પંજાબમાં નંદન-કાનનના વિશ્વકર્મા
ડૉ. મહેન્દ્રસિંહ રંધાવા

પંજાબનો નકશો જોશો તો તેમાં 'ગાર્ડન કૉલોની (ઉદ્યાન-પલ્લી)' જેવું કોઈ સ્થળ મળશે નહિ. પરંતુ જો તમે પંજાબની રાજધાની ચંડીગઢથી ઉત્તર દિશામાં થોડાએક કિલોમીટર આગળ જશો તો તમને એક અતિ કમનીય 'ઉદ્યાનગૃહ' દેખાશે, જેને લીધે તેનું નામકરણ થયું છે.

આ આવાસ-ગૃહ માટે 'ઉદ્યાનગૃહ'એ અતિ ઉપયુક્ત નામ છે. તેમાં રહેનાર વ્યક્તિ ડૉ. મહેન્દ્રસિંહ રંધાવા (નિવૃત્ત આઈ. સી. એસ.) ખરા અર્થમાં વેલીઓ અને પલ્લવ-પ્રસૂનોના પ્રેમી અને રસિક પૂજારી છે: ડાંગરનાં ખેતરો પાસે આવેલું આ મનોરમ સ્થળ વનસ્પતિશાસ્ત્રીઓ માટે નંદન-કાનન જેવું છે. તેમાં જાતજાતનાં ફળઝાડ છે, અનેક દુષ્પ્રાપ્ય વૃક્ષોના નમૂના છે અને છે જાતજાતની પ્રસૂન-મંજરીઓથી લચી રહેલી વલ્લરીઓ તથા કુસુમકુંજોની વીથીઓ.

ડૉ. રંધાવા પાંસઠ વર્ષના બહુમુખી પ્રતિભાના ધની અને કુશળકર્મી મનીષી છે. એમની વૈવિધ્યપૂર્ણ કાર્યસિદ્ધિઓની ગણના કરવી મુશ્કેલ છે. પ્રથિત વૈજ્ઞાનિક, તેજસ્વી સારસ્વત (ઍકૅડેમીશિયન) કુશળ પ્રશાસક અને વિદગ્ધ કલાવિવેચકના રૂપમાં યશસ્વી થયા છે. પરંતુ પોતાની આ બધી બૌદ્ધિક ઉપલબ્ધિઓ હોવા છતાં હૃદયથી તેઓ એક સંસ્કારસંપન્ન ખેડૂત છે. તેથી જ આપણી સરકારે એમને લુધિયાનામાં આવેલા પંજાબના કૃષિ વિશ્વવિદ્યાલયના કુલપતિ-પદે પ્રતિષ્ઠિત કર્યા છે. આખા દેશમાં અને ખાસ કરીને પંજાબ અને હરિયાણામાં હરિયાળી ક્રાંતિ (green revolution) લાવવામાં એમણે અગ્રયાયી પથાન્વેષીનું કામ કર્યું છે.

કલામીમાંસક ને કલા-સંરક્ષકના રૂપમાં ડૉક્ટર રંધાવાનું કામ અદ્વિતીય છે: કાંગડા શૈલીનાં લઘુચિત્રો (મિનીએચર)ના અન્વેષણમાં એમણે રાત-દિવસ એક કરી દીધાં હતાં. નહિતર તે બધાં ચિત્રો નાશ પામી જવાનાં હતાં. લોકસંગીતના પુનરુદ્ધાર માટે પણ એમનો પુરુષાર્થ પ્રશસ્ય છે.

પ્રશાસકના રૂપમાં એમની યોગ્યતા અને ક્ષમતાનો પરિચય પંજાબના વિભાજન વખતે થયો. પશ્ચિમ પંજાબથી આવતા નિર્વાસિતોના પુનર્નિવાસ વખતે એમની વ્યવસ્થાપટુતા ને અનોખી સૂઝનો પરિચય મળી ગયો. પંજાબ, હરિયાણા અને હિમાચલ પ્રદેશમાં ઠેર ઠેર આવેલાં ગ્રંથાલયો ડૉ. રંધાવાની શિક્ષણપ્રીતિ અને વિદ્યારસિકતાનાં જીવંત પ્રમાણ છે:



વહેલી સવારે ઉષાનાં કોમલ કિરણો ફૂટતાંની સાથે રંધાવાજીના દૈનિક કાર્યકલાપો શરૂ થાય છે. એમનાં કર્મકુશળ ગૃહલક્ષ્મી શ્રીમતી ઈકબાલ-કુંવર ચાહ લઈ આવે છે. આ જ વખતે દૈનિક વર્તમાનપત્રો પર દૃષ્ટિપાત કરીને રંધાવાજી પોતાના કામમાં જોડાઈ તેઓ કોઈ સામયિક પત્ર માટે લેખ લખે છે અથવા પૂર્વ-આયોજિત પુસ્તકનાં પ્રકરણો પૂરાં કરવામાં લાગી જાય છે.

હાલમાં રંધાવાજી ભારતીય શિલ્પકલા વિષે

લવાજમ-વધારો

રૂ. ૨૧ના ૨૪

ફરી પાછો કાગળ અને મુદ્રણસામગ્રીના ભાવોમાં ૧૫ થી ૧૭ ટકાનો વધારો થવા પામ્યો હોવાથી અમને લવાજમ વધારવાની ફરજ પડી છે. આવતા માસ (ઑક્ટોબર–૧૯૭૪)થી 'કુમાર'નું વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૨૪ અને પરદેશમાં રૂ. ૪૦ અથવા પાઉન્ડ ૨ યા ડૉલર ૫–૫૦ રહેશે અને છૂટક નકલની કિંમત રૂ. ૨–૭૫ રહેશે. આશા છે કે સુજ્ઞ ગ્રાહકો પરિસ્થિતિ પ્રમાણીને આ નિભાવી લેશે.

એક સુંદર આલોચનાત્મક ગ્રંથ લખી રહ્યા છે. સાથે જ પ્રાચીન લોકગીતોનું સંપાદન કરી રહ્યા છે. ત્રણેક કલાકના લેખનકર્મ પછી અર્ધો કલાક સુધી યૌગિક વ્યાયામો કરે છે. હવે જલપાન (નાસ્તા)ની તૈયારી થાય છે. આવી પાકટ વયે પણ એમની શારીરિક ક્ષમતા અને માનસિક પ્રફુલ્લતા એમના યૌગિક વ્યાયામોને આભારી છે.

પોતાના યુનિવર્સિટી કાર્યાલયમાં રંધાવાજી પાંચ વાગ્યા સુધી સૌને માટે સુલભ હોય છે. લોકો એમની પાસે સલાહસૂચન ને સહકાર માટે આવે છે. સાંજે ૭ વાગ્યે તેઓ પોતાના ઉદ્યાન-ગૃહમાં આવી જાય છે. અને ચારપાંચ માઈલના પરિભ્રમણ માટે નીકળી જાય છે. રસ્તામાં તેઓ ખેડૂતો સાથે એમના પ્રશ્નો પર ચર્ચા કરે છે. બીયારણ, ખાતર, ઉર્વરક, વિનાશક કીટપતંગો અને ખેતીવાડીને લગતા બીજા વિષયો પરત્વે વાર્તાલાપ કરે છે. એમની સલાહ અને પ્રેરણાથી જ ખેડૂતોની સગવડ માટે પાસેનાં ગામોમાં અનાજની મંડીઓ (હાટ-બજાર) સ્થાપવામાં આવી છે.

રંધાવાજીએ કોઈ ત્રીસેક ગ્રંથો અને ૨૦૦ જેટલા શોધ-પ્રબંધો લખ્યા છે. તેઓ સો જેટલા વિવિધ પ્રકારનાં મંડળો અને સંગઠનો સાથે સંબંધ ધરાવે છે. એક અતિથિએ એમને પ્રશ્ન કર્યો કે આ બધી પ્રવૃત્તિઓ માટે તમે સમય ક્યાંથી લાવો છો? પ્રસન્ન મુદ્રામાં રંધાવાજી જવાબ આપે છે: 'હું મિનિટોનો હિસાબ રાખું છું. પછી કલાકો પોતાની મેળે મારા સહાયક બની જાય છે. બનતાં સુધી હું સ્નેહસંમેલનો અને આનંદ-ગોષ્ઠિઓથી દૂર રહું છું. હું કોઈ ક્લબનો સભ્ય નથી. કોઈ પ્રકારની રમતમાં ભાગ લેતો નથી. ઘરમાં એવી કોઈ સમસ્યા નથી જે મને મૂંઝવી શકે. અને એક વાર મારી કચેરીમાંથી બહાર નીકળી જાઉં પછી કાગળો અને ફાઈલોને મારી પાછળ પાછળ ભાગવા દેતો નથી. ઘરમાં આવતાં જ મારી ક્ષણો અને કાર્યોનો માલિક હું પોતે જ હોઉં છું.

કાંગડા શૈલી, પહાડી કલમ, ચંબા ઘાટીની ચિત્રકલા તથા પંજાબ, હરિયાણા અને હિમાચલ પ્રદેશની ગૃહકલાઓ અને સંસ્કૃતિ (ત્યાંના રૂમાલ, ફૂલકારીઓ વગેરેની વસ્ત્રકલા) વિશે તેમજ કૃષિશાસ્ત્ર, ફલોદ્યાન-કલા (હૉર્ટિકલ્ચર), જીવવિજ્ઞાન (બાયૉલૉજી) વિષયો પરત્વે સાહિત્ય-નિર્માણનું સુવ્યવસ્થિત આયોજન અને લેખનકર્મ મેં મારી રજાઓ દરમિયાન અને મોટા અવકાશોના દિવસોમાં કર્યું છે.' 'જીવનનો વિકાસ' અને 'ભારતના ખેડૂતો' (ચાર ખંડોમાં) નામક ગ્રંથો ડૉ. રંધાવાજીની ગહન અભ્યાસવૃત્તિ અને પ્રકાંડ પાંડિત્યના પરિચાયક છે.

જ્યારે રંધાવાજી કૃષિવિદ્યાના સંશોધનની ભારતીય પરિષદના ઉપાધ્યક્ષ હતા ત્યારે એમણે અનેક મહત્ત્વપૂર્ણ યોજનાઓ કાર્યાન્વિત કરી હતી. 'ભારતનાં પુષ્પ-વૃક્ષો' નામની એમની ચોપડી અંગ્રેજી સાથે ભારતની બધી પ્રમુખ ભાષાઓમાં પ્રસિદ્ધ થનાર છે.

ચંડીગઢમાં આવેલું પચીસ હજાર ગુલાબના છોડવાળું વિશાળ ગુલાબોદ્યાન રંધાવાજીની ઉત્કટ પુષ્પપ્રીતિનું પરિણામ છે. તેઓ ત્રણ વર્ષ માટે ચંડીગઢના ચીફ કમિશનર પણ હતા. —શંકરદેવ વિદ્યાલંકાર

પોકરણ

રાજસ્થાનના મોટા રણવિસ્તારમાં પશ્ચિમ ભારતની સરહદ નજીક જેસલમેરથી લગભગ ૧૦૯ અને પાકિસ્તાનની સરહદથી ૧૫૦ કિ.મી.



દૂર આવેલા ઉજ્જડ વેરાનમાં વસેલું પોકરણ ગામ તેની પાસે કરાએલા ભૂગર્ભ અણુવિસ્ફોટને લીધે જાણીતું બની ગયું છે. અહીંથી પુરાતત્ત્વવિદોને મળી આવેલી સૂર્યમૂર્તિઓના આધારે મનાય છે કે અહીં પ્રતિહાર રાજપૂતો રાજ કરતા. એમના પછી ભટ્ટી ને ત્યાર બાદ ઈ. ૧૫૩૨-'૬૯ દરમિયાન થઈ ગએલા રાવ માલદેવનું વર્ચસ આવેલું. માલદેવે નજીકના સાતલમેરનો ગઢ ભાંગીને એમાંથી પોકરણનો કિલ્લો બાંધેલો. સાતલમેર રાવ જોધાના મોટા પુત્ર સાતલે વસાવેલું. ઉત્તરે, પશ્ચિમે અને દક્ષિણે ટેકરીઓવાળું પોકરણ ગામ જૂના જોધપુર રાજ્યમાં સોએક ગામની એક જાગીરનું મુખ્ય મથક હતું. ત્યાંના ઠાકોર રાઠોડ રાજવીઓની ચંપાવત શાખાના અને રાવ જોધાના ભાઈ ચંપાના વંશજો હોઇ જોધપુર રાજ્યમાં એમનું મોટું માન હતું. જોધપુરની દરબારી સવારીમાં હાથી પર જોધપુર મહારાજાની પાછળ એમની બેઠક રહેતી.

ભારતમાં સૌથી મોટા ગણાતા ૩૯ હજાર ચો. માઈલના જેસલમેર જિલ્લામાં, જેસલમેર પછીનું મોટું ગામ પોકરણ જ છે. પણ આ જિલ્લાની વસતી દર ચો. માઈલે ચાર માણસ જેટલી જ આછીપાતળી છે. આમાં ઈ. ૧૯૭૧ની ગણતરી પ્રમાણે જિલ્લાની કુલ ૭૯,૧૦૯ની વસતિમાંથી પોકરણમાં ૭,૭૬૯ લોકો વસેલા છે. આસપાસ માઈલો સુધી પથરાએલા રણવિસ્તાર વચ્ચે પોકરણમાં પાણીની સારી છત છે. બાજુમાં જ પંદરેક ચો. કી.મી. જેટલા વિસ્તારમાંથી પુષ્કળ ને ઉત્તમ મીઠું મળે છે. ગામનો પુરાણો કિલ્લો અને અનેક સ્મારકો આજે યે ત્યાં જળવાએલાં છે. 'ચારભુજા' નામે અઢારમી સદીનું એક મંદિર પણ છે.

પોકરણથી તેરેક કી.મી. દૂર રામદેવડા નામે ગામ છે. હિંદુઓમાં કૃષ્ણના અવતાર મનાતા રામદેવજી અને મુસ્લિમોમાં રામશાહ પીર નામે ઓળખાતા સંત પુરુષ 'રામદે પીર' અહીંના હતા ને અહીં એમણે જીવતાં સમાધિ લીધેલી. ઈ. ૧૯૩૧માં મહારાજા ગંગાસિંહે આ સમાધિસ્થાન પર એક ભવ્ય મંદિર બંધાવ્યું છે. ભાદરવા સુદ બીજથી

ઈ. ૧૯૭૩ના સપ્ટેમ્બરથી ૧૯૭૪ના ઑગસ્ટ સુધીના 'કુમાર'ના અંકોમાં પ્રકટ થએલા લેખો પૈકી 'ભારતીય સંસ્કારપરંપરાને પોષક અને જીવન-ઘડતરમાં સહાયક' થાય તેવા શ્રેષ્ઠ-લેખ માટે

શ્રી સોમાભાઈ ભાવસાર (હરિઃ ૐ આશ્રમ નડિયાદ) તરફથી તેમની પુત્રી દીપ્તિના સ્મરણાર્થે આપવાનું રૂ. ૫૧/–નું

દીપ્તિ-સ્મૃતિ-પારિતોષિક

'મારાં મોટીબા'ના લેખ માટે શ્રી મુકુન્દરાય પારાશર્યને મળે છે.

અગિયારસ દરમિયાન ત્યાં દર વર્ષે મોટો મેળો ભરાય છે જેમાં દૂરદૂરના લાખો ભાવિકો એકઠા થાય છે.

ઇ. ૧૯૬૬–'૬૭માં સંરક્ષણ મંત્રલાયે આ તરફનાં ૩૫ ગામડાં આવરી લેતી હજારેક ચો. મા. જેટલી જમીન લશ્કરી કવાયતો, નિશાનબાજી ને ગોલંદાજીની તાલીમ માટે અનામત કરી હતી. એમાં ઘણીખરી જમીન ખેતીલાયક અને કૂવાઓ, નિશાળો ને દવાખાનાંઓ સાથેની હોઈ એ અંગે ઊહાપોહ પણ જાગેલો. પણ ભાવિ યોજનાઓ ને સંરક્ષણને લગતી તાલીમ તથા પ્રયોગના હેતુ માટે એ પ્રદેશ ખાસ રાખેલો અને હમણાં ગયા મે માસમાં તે વિસ્તારમાં ભારતે પોતાનો પ્રથમ ભૂગર્ભ અણુવિસ્ફોટ કરતાં આ વિસ્તાર અને પોકરણનું નામ સર્વત્ર જાણીતું થઈ ગયું.

(સંકલિત)

વિમાન પહેલું ભારતમાં શોધાએલું

ઈ. સ. ૧૮૯૫માં મુંબાઈના ચોપાટીની રેતીના મેદાનમાં શિવકર બાપુજી તળપદેનું એક અદ્ભુત સાહસ જોવા હજારો માણસો ભેગા મળ્યા હતા. શિવકર મુંબાઈના ચીરા બજારની ડુક્કરવાડીમાં રહેતા. પોતે સંસ્કૃત ભાષાના વિદ્વાન હતા, વેદવિદ્યાના સારા જાણકાર હતા અને સર જે. જે. સ્કૂલ ઑવ આર્ટમાં શિક્ષકનું કામ કરતા હતા. એમનું માનસ વૈજ્ઞાનિક પદ્ધતિથી વિચાર કરનારું હોવાથી ઋગ્વેદના ૧૦–૧૯૦ મંત્રોના આધારે એમણે એક યંત્ર 'મરુત્સખા'ની રચના કરી હતી. એ યંત્રને સૂર્યશક્તિ તથા પારાની સહાય આપીને એ આકાશમાં ઊંચે લઈ જવાના હતા. યંત્ર તૈયાર થયું એટલે એને ચોપાટી પર લઈ ગયા. આત્મવિશ્વાસ રાખી તળપદે યંત્રમાં બેઠા અને ચાલુ કર્યું. એ યંત્ર આકાશમાં ઊંચે વધ્યું, ૧૫૦૦ ફૂટની ઊંચાઇએ પહોંચ્યું ને ચોપાટીના મેદાનમાં એને પાછું ઉતારવામાં પણ આવ્યું.

આ પ્રયોગના સાક્ષી હતા વડોદરાના ભાવિ મહારાજા સયાજીરાવ, જસ્ટિસ મહાદેવ ગોવિંદ રાનડે અને શેઠ લાલજી નારણજી. આ સાહસથી એ બધા એટલા તો પ્રભાવિત થયા કે એમણે તળપદેને જરૂરી નાણાંની બધી સહાયતા કરવાનું વચન આપ્યું. પ્રયોગ પૂરો થયા પછી એ યંત્રને બૉમ્બે આર્ટ સોસાએટીના ઉપક્રમે ટાઉનહૉલ આગળ રાખવામાં આવ્યું અને હજારો માણસોએ એને નજીકથી જોયું. તળપદેએ પાવરની દિશામાં સંશોધન આગળ ચલાવ્યું, પરંતુ દુર્ભાગ્યે એમનાં પત્નીનો સ્વર્ગવાસ થયો. તે પછી તળપદેનો રસ ઊડી ગયો. એ પોતે પણ થોડા સમય પછી દેવલોક પામ્યા અને સગાંઓએ યંત્રનો કબજો મેળવી એક બ્રિટિશ પેઢીને વેચી પૈસા ઘરભેગા કરી લીધા.

આ હકીકત મોરિશ્યસના વાસુદેવ બિશનદયાલે લખેલા 'હિંદુ સ્ક્રિપ્ચર્સ'માં પ્રગટ થઈ. એનો ફ્રેન્ચમાં અનુવાદ થયો ત્યારે એની અહીં ખબર પડી. જાણીતા વેદપંડિત સાતવળેકર તળપદેના શિષ્ય થાય. એ-

---

અંધેરી લાયન્સ ક્લબ તરફથી

રૂ. ૧૫૧નું પારિતોષિક

'લોકોપયોગી સેવા કયા ક્ષેત્રમાં થઈ શકે'

એ વિષય ઉપર લખાઈ આવેલા શ્રેષ્ઠ લેખના લેખકને અંધેરી લાયન્સ ક્લબ તરફથી રૂ. ૧૫૧નું પારિતોષિક જાહેર કરવામાં આવે છે. ટૂંકા મુદ્દાસર લેખો આગામી દિવાળી સુધીમાં 'કુમાર'ના તંત્રીને સરનામે મોકલવા. 'કુમાર'ના તંત્રીનો નિર્ણય છેવટનો ગણાશે અને પારિતોષિકને પાત્ર ઠરેલો લેખ 'કુમાર'માં છપાશે.

એની મુલાકાતમાં જણાવ્યું કે વળપટે વેદમંત્રોના ગૂઢ અર્થની ચર્ચા કરવા સાતવળેકરને બોલાવતા, અને ત્યારે 'મરુત્સખા'ના યંત્રનો ઉલ્લેખ કરતા. આઠ વર્ષ પછી ૧૯૦૩માં અમેરિકામાં રાઈટ બંધુએ યંત્રની સહાયથી ઊડવાનો પ્રયોગ કર્યો. એમનું વિમાન વધુમાં વધુ ૮૫૨ ફૂટ ઊડી શકેલું.

ચોપાટી પર હાજર રહેલા સંભાવિત ગૃહસ્થોએ કોઈક નોંધો રાખી હશે. આર્ટ સોસાયટીનાં દફતરોમાં ઉલ્લેખ હોવો જોઈએ. આ વિષે સંશોધન થાય તો વધુ વિગતો મળી શકે એમ લાગે છે.

(અખંડ આનંદ) —ઈવાન કોરટકા

સીવણ વિનાનાં વણેલાં કપડાં

ભારતમાં ટેક્સ્ટાઈલના વિષયના નિષ્ણાત, ૩૩ વર્ષની વયના ડૉ. અમરપાલસિંઘ સોહનીએ એક એવી ટેકનિક વિકસાવી છે કે જેના વડે ખમીસ, સ્લૅક કે શોર્ટ જેવાં સામાન્ય કપડાં તૈયાર કરવા કાપડ વેતરવું કે સીવવું પડતું નથી. આ ટેકનિક વડે સાળ પર વણાતું કાપડ ટ્યૂબના આકારનું લાગે છે, પણ પછી એને વરાળ વડે નક્કી કરેલી પૅટર્ન મુજબ આકાર અપાય છે. ડૉ. સોહની કહે છે કે આ રીતે તૈયાર થએલા કપડાંનો આકાર એને ધોવા છતાં પણ કાયમ એકસરખો જળવાઈ રહે છે.

સોહનીએ ટેક્સાસ ટેકનૉલૉજિકલ યુનિવર્સિટીમાં ટ્યુબ્યુલર વીવિંગના પ્રયોગો કરી આ રીત શોધી હતી. એની રીત મોજાંના વણાટ જેવી હોય છે. સોહનીએ સીવણ વિનાનાં ઘણી જાતનાં તૈયાર કપડાં વણ્યાં છે. વળી આવાં કપડાં જાતજાતના રંગ અને ડિઝાઈનોવાળાં બનાવી શકાય છે. તેઓ કહે છે કે સ્ટ્રેચ ફાઈબરને, ટ્યુબ્યુલર ફૅબ્રિકનું વણાટ કરતી વેળા યોગ્ય જગાએ મૂકવાનું કાર્ય પણ સાળ પર શક્ય છે.

આ કપડાંમાં પડ હોતાં નથી, એટલે એ અવળાં કરીને પણ પહેરી શકાય. કપડાની એક બાજુ ઘેરો કાળો રંગ હોય તો એ શિયાળામાં પહેરાય અને બીજી બાજુ આછો રંગ હોય તો એ ઉનાળામાં કામ આવે! વળી આવાં કપડાંની એક બાજુ સુતરાઉ અને બીજી બાજુ પોલિસ્ટર કે ઊનની પણ રાખી શકાશે. એ માટે મખમલ સહિત કોઈ પણ જાતના તાર વાપરી શકાય છે. આ રીતે અમુક સ્ટાઈલનાં કપડાં જ બનાવી શકાય એવું નથી. સાળ ઉપર નવા 'એકલેસ ટૅાપ' પણ બનાવી શકાશે.

સોહનીએ ખર્ચનો હિસાબ કાઢ્યો છે. એ કહે છે કે સાળ પર તૈયાર થતાં કપડાં કરતાં એ સસ્તાં હશે. કારખાનાંમાં કાપડ પેક કરીને મોકલવાનું, પૅકેજ ખોલવાનું, વેતરવાનું, સીવવાનું અને તૈયાર કપડાં ફરી પૅક કરવાનું એ બધું ખર્ચ આથી નિવારી શકાશે. —'યુસિસ'

સારણગાંઠનો ઉપાય

સંચળ ૨ તોલા, કાંકચ ગોળા ૨ તોલા, હરડે મોટી ૧॥ તોલો, મીંઢીઆવળ ૧॥ તોલો, સુવાદાણા ૧ તોલો, અજમો ૧ તોલો, હિંગ ૧ તોલો, છુવારો ખારેક ૧ તોલો, વાવડિંગ ૧ તોલો, હીમજ ૧ તોલો, વરિયાળી ૧ તોલો, સૂકો ફુદીનો ૧ તોલો, ઈન્દ્રજવ ૧ તોલો, તજ એલચી મોટાં ૧ તોલો, ધોળાં મરી ૧ તોલો. ઉપરોક્ત પંદર વસ્તુમાં મીંઢીઆવળ વિના ચૌદ વસ્તુને કોરી તાવડી (ઠીકરાની)માં જુદી જુદી શેકી, નીચે ઉતારી અંદર મીંઢીઆવળ નાખી પંદરે વસ્તુ બારીક ખાંડી તેના વસ્ત્રગાળ ચૂર્ણની દરરોજ સવાર-સાંજ બે વખત અડધો અડધો તોલો ફાકી લેવી. ઉપર સાકર, એલચી, તજ, લવિંગ અને સૂંઠનું સમાનભાગે વસ્ત્રગાળ ચૂર્ણ ૦॥ થી ૧ શેર ઊના દૂધમાં નાખી પીવાથી દસ્ત સાફ આવી માસ કે દોઢ માસમાં આરામ થશે. અર્થાત્ સારણ મટી જશે.

(નિરામય) —એમ. એમ. મહેતા

❑ ઔદ્યોગિક કારણોથી દૂષિત બનેલા વાતાવરણની વિગતો દર્શાવતો ગ્રેટ બ્રિટનનો એક નકશો હમણાં પ્રકટ થયો છે. રાષ્ટ્રભરમાં એ વિષેની એકઠી થએલી એમાંની માહિતી ત્યાંના દસ થી પંદર વર્ષના ૧૫૦૦૦ વિદ્યાર્થીઓએ જ એકત્ર કરી આપી હતી!

કેટલાક વિક્રમો

રશિયામાં ખાર્કોવનું કારાગૃહ ૪૦,૦૦૦ ગુનેગારોને કેદમાં રાખી શકે તેટલું વિશાળ છે.

શિકાગોના મવાલીઓએ ઈ. ૧૯૧૯ પછી ૧૦૦૦ થી યે વધુ ખૂન કરેલાં જેમાંથી માત્ર ૧૩ જ પકડી શકાયાં હતાં. જ્યારે ઈ. ૧૯૨૬માં નહિ પકડી શકાએલાં ખૂનની ૭૬ની સંખ્યા વિક્રમ હતી.

સોનાની ૭૩૦ ઈંટો, ૬ કોથળા ચલણી નોટો અને પ્લૅટિનમ તથા ઝવેરાત ભરેલી ૨૫ પેટીની એક જંગી લૂંટનો હજી સુધી પત્તો નથી. આ જ રીતે બીજા વિશ્વયુદ્ધ પછી હેરફેર દરમિયાન ગુમ થએલો જર્મનીનો અનામત સોનાનો જથ્થો પણ હજી લાપત્તા છે. સીએરા લીઓનના એક વૉલ્ટમાંથી ઊપડી ગએલા ૧૫૦ લાખ પાઉન્ડની કિંમતના હીરા પણ હજી ગુમ છે. ઈ. ૧૯૬૯માં ધી મૉર્ગન ટ્રસ્ટે જાહેર કર્યા મુજબ ૧,૩૧,૯૩,૦૦૦ ડૉલર જેટલી કિંમતની ચલણી નોટો તો કઈ રીતે ગુમ થઈ ગઈ છે એ જ હજી સુધી કળાતું નથી!

બનાવટી નોટોનું મોટામાં મોટું કૌભાંડ ઈ. ૧૯૪૦માં નાઝીઓએ યોજેલું. ઇંગ્લૅન્ડના અર્થતંત્રને ડહોળી નાખવા એણે ૧૫ કરોડ પાઉન્ડ જેટલી કિંમતની ખોટી નોટો છાપી હતી. સદ્‌ભાગ્યે એ ઇંગ્લૅન્ડ સુધી પહોંચી શકેલી નહિ.

ન્યૂ યૉર્કની પોલીસે પાડેલી એક ધાડમાં હાથ કરેલું ૩૯૦ પાઉન્ડ જેટલા વજનનું હેરોઈન (અફીણમાંથી બનાવેલો એક માદક પદાર્થ) કોર્ટમાં પુરાવા તરીકે રજૂ કરવા રાખેલું તે ગયે વર્ષે ગુમ થઈ ગયું. આની તટસ્થ તપાસ માટે એક સો જેટલા પોલીસમૅન અંગેની વિગતવાર નોંધોનું ભાડે રાખેલા એક કૉમ્પ્યુટર દ્વારા પૃથક્કરણ કરાવ્યું હતું. આવી તપાસ માટે પોલીસખાતાનું પોતાનું કૉમ્પ્યુટર તો હતું જ, પણ કદાચ કોઇએ તેમાં ખોટું 'પ્રોગ્રામિંગ' ભરી દીધું હોય તો!

ડસલડોર્ફ (પ. જર્મની)માં હ્રાઈન નદી પરનો એક જૂનો પુલ હવે વધી ગએલા વ્યવહારને કારણે સાંકડો પડવા લાગ્યો હોઈ તેની બાજુમાં જ એક વધુ મોટો પુલ બની રહ્યો છે. એક કેન્દ્રસ્થ મિનારા પરથી બંને બાજુ ઢળતાં તાર-દોરડાં પર આધારિત આ નવો પુલ ૧૯૩૫ ફૂટ લાંબો ૧૧૪ ફૂટ પહોળો અને ૧૨૦૦૦ ટન વજનનો હશે અને બેએક વર્ષમાં એ તૈયાર થઈ જતાં, જૂનો પુલ વીંખી નાખી માત્ર ગણતરીના જ કલાકોમાં હાઈડ્રૉલિક પ્રેસો વડે આ નવો પુલ-ખસેડીને તેને સ્થાને મૂકવામાં આવશે. ઈજનેરી સિદ્ધિઓમાં આ પ્રકારે પુલ ખસેડવાનું આ પહેલું જ સાહસ છે.

દુનિયામાં આજે અંદાજે ચારેક હજાર ભાષાઓ બોલાય છે. આમાંથી દસેક લાખ કે તેથી વધુ માણસો બોલતા હોય તેવી ૧૪૯ ભાષાઓ છે, જેમાં સૌથી વધુ બોલાતી ભાષા ચીની છે. લગભગ ૬૦૫૦ લાખ લોકો એ બોલે છે, એટલે કે દુનિયાનો દર છઠ્ઠો માણસ ચીની ભાષા વાપરે છે. એ પછીનો ક્રમ અંગ્રેજીનો છે: ૩૩૩૦ લાખ લોકો એ બોલે છે. ત્રીજી, લગભગ ૨૦૬૦ લાખ લોકોની ભાષા રશિયન છે. આ પછી સ્પેનિશ અને હિંદી આવે છે; બંનેના બોલનાર આશરે ૧૯૨૦ લાખ જણ છે. છઠ્ઠો ક્રમ જર્મન ભાષાનો, જે ૧૦૦૦ લાખની માતૃભાષા છે.

મારી-લ્યૂસ ફ્યુહરમેસ્ટર અને એકાર્ટ વાઇસેનહુટરે મ્યુનિખમાં પ્રકટ કરેલા એક અહેવાલ મુજબ જો ડેસિબલ (અવાજની તીવ્રતા માપવાનું એકમ)ની રીતે ગણતરી કરીએ અને તેની શારીરિક તથા માનસિક સ્વાસ્થ્ય પરની અસરનો વિચાર કરીએ તો (ત્યાંનું) આજનું સંગીત અવાજના ક્ષેત્રને કદાચ દૂષિત કરનારું બની રહ્યું છે. એમના આ સંશોધન દરમિયાન એમણે તપાસેલા સંગીતકારોમાંના મોટા ભાગના માનસિક અસ્વસ્થતાવાળા ને ચીડિયા જણાયા હતા. અને એમાંના ઘણા અનિદ્રા, શિરદર્દ ને કાનના દુખાવાથી પીડાતા હતા- □

ગણિતગમ્મત

૩,૫,૮ એ એકઅંકી ત્રણ સંખ્યાઓ પરસ્પર વિચિત્ર પ્રકારના સંબંધો ધરાવે છે. જેમ કે $૩+૫+૮=૧૬=૪^{૨}$ છે એટલે કે એ ત્રણ સંખ્યાનો સરવાળો વર્ગ સંખ્યા છે તદુપરાંત ચતુર્ઘાત સંખ્યા પણ છે. $૧૬=૪^{૨}=૨^{૪}$. હવે એ ત્રણ સંખ્યા પૈકી ગમે તે બે સંખ્યાના જુદા-જુદા ગુણાકારોના વર્ગનો સરવાળો પણ ચતુર્ઘાત સંખ્યા હોઈ શકે છે.

$૩\times૫=૧૫$, $૩\times૮=૨૪$, $૫\times૮=૪૦$ અને $૧૫^{૨}=૨૨૫$; $૨૪^{૨}=૫૭૬$; $૪૦^{૨}=૧૬૦૦$ અને $૨૨૫+૫૭૬+૧૬૦૦=૨૪૦૧=૪૯^{૨}$ મતલબ કે

$૧૫^{૨}+૨૪^{૨}+૪૦^{૨}=૪૯^{૨}=(૭^{૨})^{૨}=૭^{૪}$ વળી એમાં $(૧૫+૪૯)=(૨૪+૪૦)=૬૪+૮^{૨}$ આવાં (ત્રણ સંખ્યાનાં) જૂથ બીજાં પણ હોઈ શકે જે શોધી કાઢવાનું કામ વધુ અભ્યાસ માગે છે. —એમ. એન. ખત્રી

■ પૅટ્રો-કેમિકલ્સમાંથી કુદરતી અને કૃત્રિમ ફાયબરની વચ્ચેના એક સેતુ જેવા નવા પ્રકારના તાંતણા શોધાયા છે જે નાયલૉનથી તદ્દન ભિન્ન છે. 'તાજમીર' નામના આ તાંતણાથી બનાવેલું કાપડ ભેજ પણ શોષી શકતું હોઈ પહેરવા માટે અન્ય કૃત્રિમ રેસાના કાપડ કરતાં આ રીતે ઘણી વધુ સગવડભર્યું છે.

આ માસ (સપ્ટેમ્બર) ઇતિહાસમાં

તા. ૩ ક્રોમવેલ ડનબારની લડાઈ જીત્યો (૧૬૫૦), વૂસ્ટરનું યુદ્ધ જીત્યો (૧૬૫૧) અને અવસાન પામ્યો તે પણ આ જ તારીખે (ઈ. ૧૬૫૮).

તા. ૪ સ્વાતંત્ર્યની પ્રથમ ઘોષણા કરનાર દાદાભાઈ નવરોજીનો જન્મ, ઈ. ૧૮૨૫ અને કૉંગ્રેસે પ્રથમ અસહકારનો ઠરાવ કર્યો ઈ. ૧૯૨૦.

તા. ૬ વ્યક્તિને નાતબહાર મૂકવાના કાર્યને ગુનો ઠરાવતો કાયદો, ૧૯૪૮.

તા. ૧૪ સ્વતંત્ર ભારતના નૌકાદળના પ્રથમ ક્રૂઝર જહાજ 'દિલ્હી'નું પં. નેહરુએ મુંબાઈમાં સ્વાગત કર્યું, ૧૯૪૮.

તા. ૧૮ ઈ. ૧૮૫૭ના બળવામાં અંગ્રેજોએ દિલ્હી કબજે કરી, નાસીને હુમાયુંના મકબરામાં છુપાએલા મુઘલ સમ્રાટને કેદ કર્યો અને અંગ્રેજ સેનાપતિ હડસને એના બે પુત્ર તથા એક પૌત્રનો વધ કર્યો. આ છેલ્લા મુઘલ સમ્રાટ બહાદુરશાહનું રાજ્યારોહણ પણ આ જ માસની ૨૮મી



તારીખે ઈ. ૧૮૩૭માં થએલું.

તા. ૨૨ વિચક્ષણ મુત્સદ્દી વિઠ્ઠલભાઈ પટેલનું અવસાન, ૧૯૩૩.

તા. ૨૭ અધ્યાત્મવાદને સહજ રીતે ચિત્રોમાં રજૂ કરી કલા દ્વારા માનવજીવનની સફળતાનો સંદેશ પ્રકટાવનાર શ્રેષ્ઠ ચિત્રકાર ને સૌન્દર્ય-



વિધાતા મહર્ષિ નિકોલસ રોરિકનો જન્મ. (ઈ. ૧૮૭૪) આ એમની જન્મશતાબ્દીનું વર્ષ છે. લેનિનગ્રાડના એક પ્રસિદ્ધ ઍટર્નીના એ પુત્ર. પિતાની ઇચ્છાને વશ થઈ એમણે કાયદાનો અભ્યાસ તો સ્વીકાર્યો પણ સાથોસાથ કલાસાધના પણ કરવા માંડી. ઈ. ૧૮૯૯માં એમના ચિત્ર 'સંદેશવાહક' એમને કલ્પનાતીત ખ્યાતિ અપાવી. ઈ. ૧૯૦૦માં તેઓ રશિયાની મુખ્ય કલાશાળાના નિયામક નિમાયા. ઈ. ૧૯૧૦માં યુરોપની 'વર્લ્ડ ઑવ આર્ટ' સંસ્થાના ને ઈ. ૧૯૧૭માં મૅક્સિમ ગૉર્કીએ બોલાવેલી કલાપરિષદના તેઓ પ્રમુખ બનેલા. ઈ ૧૯૨૦માં તેઓ અમેરિકા ગયા. ત્યાં એમનાં ચિત્રોએ અમેરિકાને ઘેલું બનાવ્યું. કલા વિષેનાં પોતાનાં જીવનસ્વપ્નો માટે ત્યાં યોગ્ય ક્ષેત્ર જણાતા અમેરિકામાં જ રોકાઈ એમણે 'માસ્ટર ઇન્સ્ટિ. ઑવ યુનાઇટેડ આર્ટ્સ', 'કૉરોના મંડી', કલાકારો માટે 'કોર આર્ડેન્સ', પ્રકાશન સંસ્થા 'ઍટલાસ' ને સંસ્કારિતાના મહાધામ સમા 'રોરિક મ્યુઝિયમ'ની સ્થાપના કરી.

એશિયાની સંસ્કૃતિની શોધખોળ માટે ઈ. ૧૯૨૪માં એમણે એક સંઘ લઈ હિમાલય, કાશ્મીર, મૉંગોલિયા, તિબેટ આદિ પ્રદેશોમાં ૧૦ હજાર માઈલનો વિકટ પ્રવાસ ખેડી અપૂર્વ સંસ્કારસામગ્રી તથા ૩૫૦ જેટલાં ઉત્કૃષ્ટ ચિત્રસર્જનો જગતને આપ્યાં. દરમિયાન હિમાલય પ્રત્યેના અદમ્ય આકર્ષણથી પ્રેરાઈ ઈ. ૧૯૨૯માં હિમાલય પર કુલ્લુની ખીણમાં પોતાનું સ્થાયી નિવાસસ્થાન સ્થાપ્યું ને પોતાનાં ચિત્રોમાં હિમાલયની સૌંદર્યસમૃદ્ધિ છલકાવી દેવા સાથે ત્યાં અનેકવિધ ક્ષેત્રોમાં સંશોધન કરવા 'હિમાલયન રિસર્ચ ઇન્સ્ટિ.'ની સ્થાપના કરી.

પણ એમનું મહત્ત્વનું કાર્ય તો કળા આદિ સંસ્કૃતિપરાયણ સંસ્થાના સંરક્ષણ માટે રેડ ક્રૉસની માફક 'બૅનર ઑવ પીસ'ની સ્થાપનાનું હતું. શાંતિ કરાર તરીકે આ ધ્વજ દુનિયાભરમાં સ્વીકાર પામ્યો. ઈ. ૧૯૪૭ની ૧૩મી ડિસેમ્બરે એમનું અવસાન થયું.

માસમાસના આકાશમાં (સપ્ટેમ્બર-ઑક્ટોબર)

દૌહિત્રના હાથે પોતાનું મોત થવાના દેવકથિત ભવિષ્યથી ઊગરવા પોતાની એકમાત્ર ને અતિ સુંદર પુત્રી ડૅનેઈ તથા દેવાધિદેવ ઝીઅસથી થએલા એના પુત્ર પર્સીઅસને આર્ગોસના રાજા ઍક્રિસીઅસે એક પટારામાં પૂરીને દરિયામાં વહેતાં મૂકી દીધેલાં. ડિક્ટસ નામના એક ભલા માછીમારે એ મા-દીકરાને બચાવીને પોતાનાં સંતાન પેઠે રાખ્યાં. ડિક્ટસના ભાઈ ને રાજા પોલીડિક્ટસે ડૅનેઈના રૂપ પર મોહિત થઈ એને હાથ કરવા યુક્તિપૂર્વક યુવાન પર્સીઅસને ત્રણ ગૉર્ગોન રાક્ષસી બહેનોમાંની એકનો વધ કરી એનું મસ્તક લઈ આવવા પ્રેરીને પોતાના માર્ગમાંનો અવરોધ દૂર કર્યો. અનેક મર્યાદાઓ ઓળંગી અને દૈવીસહાય મેળવી પર્સીઅસે રાક્ષસી મેડુસાનો વધ કર્યો. આ મહાસાહસમાં વિજયી બની પાછા ફરતાં માર્ગમાં પર્સીઅસે સર્પ રાક્ષસને બલિ તરીકે અર્પણ કરાએલી, સીફિયસ અને કૅસોપીઆની પુત્રી ઍન્ડ્રોમિડાનો પણ ઉદ્ધાર કર્યો ને પછી એની સાથે લગ્ન કર્યાં. ગ્રીક પુરાણ કથાઓમાં મહાપરાક્રમી તરીકે વિખ્યાત હર્ક્યુલસ તે આ પર્સીઅસનો પ્રપૌત્ર. ગ્રીક પ્રજાએ આ સુપ્રસિદ્ધ પાત્રોને આકાશમાં તારામંડળોનાં નામમાં અમર કર્યાં છે.

આપણાં પુરાણોમાં પણ આવી જ કથા છે. દેવયાની, યયાતિ, શર્મિષ્ઠા અને એના પિતા વૃષપર્વાની. તારામંડળોનાં નામાભિધાનમાં આપણે પણ એમને અમર કર્યાં અને એ રીતે પર્સીઅસ તે યયાતિ, ઍન્ડ્રોમિડા તે દેવયાની, કૅસોપીઆ તે શર્મિષ્ઠા અને સીફિયસ તે વૃષપર્વા તરીકે ઓળખાય છે.

'ખગાશ્વ' મંડળ સાથે જોડાએલું તારામંડળ દેવયાની (Andromeda), ખાસ તો તેમાં આવેલી 'મે-૩૧' યા 'દેવયાની નિહારિકા' તરીકે જાણીતી ને નરી આંખે દેખાતી સૌથી વધુ તેજસ્વી તથા મોટામાં મોટી નિહારિકાને કારણે વધુ કુતૂહલપ્રેરક બનેલું છે. લગભગ ૨૦ લાખ પ્રકાશવર્ષ દૂરની એ નિહારિકા આપણા આકાશગંગા તારાવિશ્વથી યે બેવડા કદનું એક મહાન તારાવિશ્વ છે. બલિ તરીકે સાંકળે બાંધેલી કન્યા (ઍન્ડ્રોમિડા)ની આકૃતિની આ તારામંડળમાં કલ્પના છે.

દેવયાનીથી ઉત્તરે પશ્ચિમથી પૂર્વ તરફ અનુક્રમે વૃષપર્વા (Cepheus), શર્મિષ્ઠા (Cassiopeia) ને યયાતિ (Perseus)-નાં તારામંડળો છે. વૃષપર્વાના પશ્ચિમ તરફના તારા આવતાં ૨૫૦૦ થી ૫૫૦૦ વર્ષમાં ધ્રુવતારક બનશે એવી નિષ્ણાતોની ગણતરી છે. વૃષપર્વાનો ય 'વૃષપર્વા' તારો રૂપવિકારી—એટલે કે જેના તેજમાં વધઘટ થતી રહે છે એવો—તારો છે. આકાશમાં અંતરો અંદાજવામાં આવા તારા કામમાં લેવાય છે.

શર્મિષ્ઠા નાનકડું તારામંડળ છે. અંગ્રેજી M કે W અક્ષરના આકારે ગોઠવાએલા એ તારામાં પશ્ચિમમાં ખુરશી (Chair)ની આકૃતિ પણ કલ્પવામાં આવે છે. એના પશ્ચિમ તરફના તારાને જમદગ્નિ નામ અપાયું છે. ચાર સદી પહેલાં ઈ. ૧૫૭૨માં આ મંડળ પાસે એક પ્રચંડ તારાવિસ્ફોટ જોવા મળેલો. નરી આંખે શુક્ર જેવા તેજસ્વી તારા જેવો એ દેખાએલો. એનું તેજ દિવસના પ્રકાશમાં પણ જોઈ શકાય એટલું વધીને પછી બેએક વર્ષે તદ્દન મંદ પડી ગએલું. નકશામાં એનું સ્થાન દર્શાવ્યું છે.

યયાતિના તારા વાંકાચૂકા અંગ્રેજી K અક્ષર પેઠે ગોઠવાએલા છે. પણ એમાં રાક્ષસી મેડુસાનું મસ્તક લઈ આકાશી માર્ગે વિચરતા પર્સીઅસની આકૃતિની કલ્પના છે. આ મંડળનો એક વિખ્યાત રૂપવિકારી તારો 'અલ્ગૂલ' (Algol)નું તેજ નરી આંખે યે પરખી શકાય એટલી વધઘટ પામતું રહે છે. અસલ તો એ 'યુગ્મ તારો' હોઈ પોતાના ભ્રમણને કારણે વારંવાર એકબીજાને ઢાંકતા બે તારા છે. એમાંનો તેજસ્વી તારો આપણા સૂર્ય કરતાં વ્યાસમાં ત્રણ ગણો મોટો, અને બીજો ઓછો તેજસ્વી તારો તો એથી યે વધુ મોટો છે. એકબીજાથી લગભગ ૧૩૦ લાખ માઈલ દૂર રહી ગોળ ભમતા આ તારામાંથી મંદ તેજસ્વી તારો ત્રણ દિવસે એક વાર તેજસ્વી તારાને ઢાંકી દે છે ત્યારે આપણને પૃથ્વી પરથી અલ્ગૂલનું તેજ ઘટી ગએલું જણાય છે. તેજની આ વધઘટને કારણે પશ્ચિમમાં આ તારાને 'રાક્ષસી મેડુસાની આંખ' પણ કહે છે, કારણ આ તારામંડળમાં કલ્પેલી પર્સીઅસની આકૃતિમાં એ સ્થાને પર્સીઅસે પકડેલા મેડુસાના મસ્તકની કલ્પના છે.

શે'ર

ફરીથી વિશ્વને જોવા મળે પુરુષાર્થની સિદ્ધિ
ફરીથી ભાગ્યરેખાઓ બધી ચૂંથવાઈ જાવા દો.

'દિલહર' સંઘવી

૧૯૨૫માં તોકિયોના એક પરામાં હીચી નામનો એક વફાદાર કૂતરો રોજ સવારે પોતાના માલિક સાથે સ્ટેશને જતો અને સાંજે પાછો આવતો. આમ ઘણા મહિના ચાલ્યા બાદ માલિક મૃત્યુ પામ્યો; છતાં કૂતરો તો માલિકની રાહ જોતો મોડી રાત સુધી બેસી રહેવા લાગ્યો. આમ સતત ૧૦ વર્ષ સુધી નિયમિતરીતે ચાલ્યા બાદ અંતે કૂતરો મરી ગયો. હીચીની આ સ્વામીભક્તિની એવી તો છાપ પડી કે જાપાનીઝ સરકારે સ્ટેશન પર જ્યાં તે દરરોજ માલિકની રાહ જોતો બેસતો ત્યાં તેનું એક પૂતળું કરાવીને મુકાવ્યું, એટલું જ નહિ પણ દેશની દરેક શાળામાં વફાદારીના પ્રતીક તરીકે તેનાં નાનાં પૂતળાં મોકલ્યાં.

અનેકાર્થી શબ્દ : **નાથ** = સ્વામી, માલિક; સંન્યાસીઓની દસ અટકમાંની એક; બળદ વગેરેના નાકમાં નંખાતી દોરી; જમીનનું ધોવાણ રોકવા બંધાતી પાળ; સર્પ પાળનાર એક જાતનો મદારી; નાકની વાળી, વેસર, નથ.




વેપારને ઓથે હિંદમાં પગ જમાવવા માટે પોર્ચુગીઝો, ડચ, ફ્રેંચ, ડૅનિશ, અંગ્રેજો વગેરે આવતા ગયા તેમ તેમણે સત્તા જામતાં ધીરે ધીરે પોતાના સિક્કા પણ પાડવા માંડયા. આ ઉપર આપેલો સિક્કો ડચ લોકોનો છે, જેમાં એક તરફ રાજકર્તાના મુકુટની નીચેની ઢાલ-આકૃતિમાં રાજચિહ્ન નીચે જલપ્રવાહ દર્શાવતી રેખાઓ દરિયાઈ પ્રવાસ સૂચિત કરે છે. જમણી તરફ દર્શાવેલી તેની પાછલી બાજુમાં કંપનીનું પ્રતીક ને સાલ છે.

ગણિતગમ્મત (મ. ના. ખત્રી)

$૧૦^{૧}-૧=૯$
$૧૦^{૨}-૧=૯૯$
$૧૦^{૩}-૧=૯૯૯$
$૧૦^{૪}-૧=૯૯૯૯$
$૧૦^{૫}-૧=૯૯૯૯૯$
$૧૦^{ક્ષ}-૧=(૯૯૯૯...ક્ષ વખત)$

ફિલિપ્પાઈન્સ કુલ ૭૦૮૩ બેટોનો બનેલો દેશ છે; પણ તેમાં ૪૬૫૬ બેટોને હજુ સુધી કોઈ નામ જ અપાયું નથી!




આઈસલૅન્ડનો આંતરિક હવાઈ-વ્યવહાર દુનિયામાં સૌથી વધુ વિકસિત ગણાય છે. ત્યાંની ડુંગરાળ ભૂમિમાં બીજા વાહન-વ્યવહાર કરતાં આ વ્યવહાર જ વધુ અનુકૂળ અને સરળ છે.

કહેવતોના અર્થ : 'ઓઠું જોઇને વરો કરીએ.' ઓઠું જોઇને એટલે અંદાજ કાઢીને. ન્યાતમાં જે દિવસે વધારે જમણવાર હોય તે દિવસનો અંદાજ કાઢીને પોતાને ત્યાં તે દિવસે જ જમણવાર રાખીએ તો જમનાર ઓછાં આવે અને ખર્ચ ઓછો થાય, એ વ્યવહારુ દૃષ્ટાંત પર રચાએલી પ્રબોધક કહેવત.

તજા (ત્વચા) ગરમી જણાતી હોય [તાવ ન હોય છતાં શરીર ગરમ લાગે, યા શરીરે ફોલ્લીઓ નીકળે, યા ભૂખ ન લાગતાં ઊબકા આવ્યા કરે] તો લીમડાના તાજા રસના સેવનથી તથા રોજ રાત્રે ગરમ પાણી સાથે ૦॥ તોલો હરડે લેવાથી ફાયદો થશે.

મિષ્ટાન્નમાં ભભરાવવાના મેવા તરીકે વાપરવાની દ્રાક્ષ ઉપયોગમાં લેતાં પહેલાં, કોઈ ચૂલે ઊકળતી વસ્તુના ઢાંકણા પર એક રકાબીમાં મૂકી રાખવાથી વરાળને લીધે તે દ્રાક્ષ ફૂલીને વધુ રસવાળી બનશે.



કલાકણિકા : બ્રિટિશ મ્યૂઝિયમમાં સંઘરાએલું પક્ષી આકારનું એક ઢાંકણવાળું પાત્ર, રંગ અને છીપના ટુકડાનું એના પર શોભન કરેલું છે.

અથાણું

ન્યાયાધીશે વકીલમંડળને ઉદ્દેશીને કહ્યું : 'સજ્જનો! મને વાદી પક્ષ તરફથી એક હજાર રૂપિયા આપવામાં આવ્યા છે અને પ્રતિવાદી પક્ષ તરફથી બારસો રૂપિયા આપવામાં આવ્યા છે. હવે હું એમ કરવા માગું છું કે પ્રતિવાદીને ૨૦૦ રૂપિયા પાછા આપી દેવા અને કેસનો ફેંસલો તેના નર્યા ગુણદોષ ઉપર જ આપવો.'

મુસાફર : આ ગામમાં કોઈ મોટા માણસો જન્મેલા ખરા?

ગામવાસી : ના જી, અહીં તો બધાં બાળકો જ જન્મે છે.

ગંગારામને કૂતરું કરડવાથી ઇસ્પિતાલે હડકવાનાં ઈન્જેક્શન લેવા જવાનું થયું. ત્યાં રાહ જોતા તે બેઠા હતા એ દરમ્યાન એક કાગળ ઉપર એણે કેટલાક શખ્સોનાં નામ લખી કાઢયાં. એ જોઈને દાક્તરે પૂછયું : 'એ કોનાં નામ લખ્યાં?—રખેને કાંઈ અજુગતું બને તો કોને ખબર આપવી એમનાં?'

'ના જી,' ગંગારામ બોલ્યા : 'આ યાદી તો, મને હડકવા થાય તો કોને કોને કરડવું તેની બનાવી છે!'

એક ફડાકામારુ પોતાના મિત્રો આગળ પોતે કરેલા શિકારની ડંફાસ મારતો હતો : 'પછી હું જંગલમાં પ્રવેશ્યો. મારી ચોમેર ગીચ ઝાડી હતી. પછી મેં કાંઈક જોયું, ને લાગલી જ વગર નેમ લીધે બંદૂક ફોડી. અને મારાથી વીસ જ ફૂટ દૂર મરેલો સિંહ પડયો હતો!'

'એ કેટલા સમયથી ત્યાં પડયો હશે તેનો કોઈ અંદાજ?' એક મિત્રે મમરો મૂકયો.



(જનસત્તા) 'શિવ'